નાદ વિનોદ.

રચી પ્રકટકરનાર

વિજયશંકર વી. પ્રાણશંકર ઢેબર

મુંબઇ: શંકરશેઠની વાડી, તારદેવ.

સંવત્ ૧૯૫૨. ઇ૦ સ૦ ૧૮૯૫.

મુંબઇ:

ઠા. વસનજી પ્રમાણંદ ચાહવાળાએ

પોતાના

શ્રી ગજાનન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.

મૂલ્ય ૮ આના.

પુણ્યહૃદય સૌજન્યસાગર પવિત્ર આર્યાત્મા,

શેઠ પરસોત્તમદાસ આનંદજી,

આપ જાતમેહેનત, સ્વાશ્રય, ખંત, ઉદ્યમ, કરકસર, અને ધાર્મિષ્ટતાથી રાજ્યલક્ષ્મીને પ્રસન્ન કરી શકયા છો. નિષ્પાપ, દયાળુ, પુણ્યવાન હૃદય, આપની સંપત્તિ છે. મારા તરફ આપે અપ્રતીમ ભાવથી, કામધંધાની હાનિ નહીં ગણકારીને, તથા છુટે હાથે પૈસો આપીને, ઘણો ઉપકાર કર્યો છે. સાનંદાશ્ચર્ય એ છે કે, ખુશામત અને વગસગના દબાણથી ધનવાનોની પ્રવૃત્તિ સદર્થે કરવામાં આવે છે, તેવા લેશવિના કોઇપણ લાલચ વિના, સ્વયંભુ ઇચ્છાથી, નિરભિમાનપણે, મારૂં ભલું કરવાની આત્મપ્રેરણાંનાં સ્ફુરણોથી, ખરે મધ્યાન્હે, અરધી રાતે, ખાધાપીધાવિના, બીજાઓની ખુશામત કરીને, મારાં શિથિળપણાંને તથા તેથી આપને થયેલા વિશેષ શ્રમને અવલેખીને પ્રસન્ન ચિત્તે જે સત્પુરૂષપણું આપે દાખવ્યું તેથી આપ મારા ગુરૂ છો. આપના ચરણમાં આ મારૂં મુંબઇનું પેહેલું કાર્ય ભકિતભાવથી અર્પણ કરૂં છું. વિદ્વાનોએ એ અલ્પકાર્યપર આદરની નજરે જોયું છે; વળી આપના નામાંક સાથે જોડાયાથી તે વિશેષ શોભશે, અને આદર પામશે.

મુંબઇ: પોપટવાડી
તા. ૧ લી એપ્રિલ
૧૮૯૬.

દાસાનુદાસ,
વિજયશંકર વિ. પ્રાણશંકર ઢંખર.

ઉડ પંખેરાં આકાશ, નિરખ ચોપાસ, પસારી પાંખો;
ડાળ્યાં દૈવત દેખાડ, અંતરની ઉઘાડ, રસીલી આંખો !
વન આ છે ઘણું વિશાળ, જમીન રસાળ, ઝુકયાં બહુ ઝાડો,
પંખી જન ડાળે ડાળ, થયાં બહુ કાળ, વસ્યાં કરિ વાડો.

ઘન ઘટાભરી વનરાઇ, મહાતરૂ છાઇ, અહો ! અંધારી,
ત્યાં લાડકડો તુજ છોડ, વધ્યાના કોડ, કરેછે ભારી!
નહિ શકે નીકળી બ્હાર, નહીં વિસ્તાર, ઘટા નહિ જામે,
ત્યાં પ્યારો તુજ પરિવાર, કેમ કરિ યાર, વિસામો પામે!

તુજ કુટુંબ ને, પાડોસ, સગાંને હોંસ, ઘણેરી મનમાં,
તુજપર છે આશાવાર, ઘણાં તૈયાર, વિહરવા વનમાં!
છે દુઃખિત તારાં ધામ, શોધતાં ઠામ, ફરે તુજ વ્હાલાં,
રેહેવાનો રણુસંગ્રામ, હરાવે હામ, અડપ રઢિયાળાં!

પ્રસ્તાવના.

આ ચોપડીમાં, મેં જોડેલી કવિતામાંની ૭૧, જરૂર જણાઇ ત્યાં ખુલાસા સાથે, ભેળી કરી છે. એ સંગ્રહનો મ્હોટો ભાગ મેં બનાવેલા ગુલકાંત—નાટકમાંથી લીધો છે. ચોપડીના પેહેલા ભાગમાં, ભક્તિ, સુનીતિ, સુંદર મનોવૃત્તિયો—સદ્વૃત્તિયો, અને એવા બીજા પ્રકારની કવિતાઓ છે; પાછલા ભાગમાં શૃંગાર પ્રધાન કવિતાઓ છે. સઘળી કવિતા, તેમાં રહેલાં માનેલાં સર્વદેશી ઉપયોગી તત્વો ઉપર નજર રાખી અહીં મૂકી છે; તેમ છતાં તેમાંની કોઇ સર્વોપયોગી પ્રસ્તાવિક ભાવનાથી રહિત માલમ પડે તો તે મારી ભૂલ છે.

કવિતાને મથાળે રાગ, તાળનાં નામ જ્યાં જ્યાં આપ્યાં છે, ત્યાં ત્યાં વડોદરાવાસી, પ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી પ્રોફેસર શ્રીમાન મૌલાબક્ષજીનાં "સંગીતાનુસાર છંદોમંજરી" નામનાં, પુસ્તકનો આધાર લીધો છે. મારૂં વતન જામનગર છે; ત્યાં આદિતરામજી કરીને ભારતપ્રસિદ્ધ સંગીત શાસ્ત્રી થઇ ગયા, તેમના પુત્ર શ્રીમાન કેશવલાલજીને મેં વિનંતિ કરી કે, મૌલાબક્ષજીના ગ્રંથમાં આપેલા છંદો સિવાયના બીજા છંદોને અનુકૂળ રાગ તાળ મને બતાવો. તે ઉપરથી તેઓએ ઉલ્લાસપૂર્વક સંગીત શાસ્ત્રના નિયમો અને ગણિતવડે મને સમજાવ્યું કે, દરેક છંદ દરેક રાગમાં ગાઇ શકાય; પ્રસંગ, ભાવના, વગેરેને લઇ અમુક રાગ વધારે ઘટશે એમ જોકે કહી શકાય. આજકાલ નાટકી રાગો આકર્ષણ કરી રહ્યા છે, અને પિંગળશાસ્ત્રના નિયમપ્રમાણે રચાએલા છંદો તરફ કેટલીક તરફથી અભાવ દેખાય છે, તે માટે આ ચોપડીમાં અને વિશેષે કરી **ગુલકાંતનાટકમાં** આ યોજના કરવાનું મન થતાં, આ યત્ન કર્યો છે.

આ ચોપડીમાંની કવિતાનો મ્હોટો ભાગ ગુલકાંતનાટકમાંથી

લેવાનું કારણ એવું છે કે, વાંચનારી પ્રજાપાસે, તેથી એ નાટકનું વસ્તુ, અને ગુંથન નિવેદન કરાય; વિદ્વાનો દયા કરશે તો આ ચોપડી પ્રસિદ્ધ થયાથી, ભવિષ્યમાં પ્રસિદ્ધ થવાનું એ નાટકનું પુસ્તક લોકરૂચિ કેટલી સંપાદન કરશે તેની અટકળ કરવાની જોગવાઇ મને મળશે, તથા એ નાટકની સંભાળ શારીતે લેવી, તેની અટકળ કરવાની જોગવાઇ, સહૃદય જનોને મળશે. મને સૂચવવામાં આવ્યું છે તે હું સારીરીતે સમજું છુ કે, નાટકનું વસ્તુ અને ગુંથન કટકે કટકા આ ચોપડીથી પ્રેક્ષકવૃંદપાસે મૂકાશે, તેથી એ નાટક સમગ્ર મૂકાતાં જે દેખાવ થવો જોઇયે તે નહીં થાય; ઉપર કહ્યું તેમ, મેં, આ ચોપડીને નાનો પ્રસ્તાવિક કવિતાનો સંગ્રહ કરવા ધારેલું છે, અને નાટકને સંબંધ ધરાવતો હેતુ ગૌણ રૂપે રાખ્યો છે.

તારીખ ૧૮ નવેમ્બર ૧૮૯૫
સોમવારઃ મુંબઈઃ શંકરશેઠનીવાડી. } **વિજયશંકર ઢેબર.**

અનુક્રમણિકા.

---:o:---

ॐ३५१

નાદ વિનોદ.

૧

"સ્વતંત્ર સુખિયો."

(અદ્વિતનયા છંદ)

અચળ વિરાગ શીતળ શશી
નિરંતર મદંતરે વિકસતોઃ
અતિ ધન ચંદની મનની
ચકોર શિવ જ્ઞાનથી વિલસતો;
અધમ ન અંધકાર મન મે,
વિકાર કુવિચાર કામ ધસતો;
અખિલ મલીન લીન હસતો,
સ્વતંત્ર સુખિયો મહેશ લસતો!

(† કર્તા કૃત "ગુલકાંત નાટક" માંથી.)

વિરાગનો શીતળ ચંદ્ર મારા અંતરમાં નિરંતર, અચળ વિકાસે છેઃ એ વિરાગ ચદ્રની મનનરૂપી ચંદની અત્યંત ધન ધટ્ટ જામેલી એક-સ્થ છેઃ તેમાં શિવ મારો આત્મા, ચકોર ચંદનીમાં રમે તેમ, જ્ઞાનરૂપી વિલાસ કરે છેઃ વિકાર, કુવિચાર, કામ (વાસનાઓ) એરૂપીં અધમ

---

† આ નાટક પ્રગટ કરેલું નથી.

અંધકાર મારા મનમાં ધસી શકતો નથીઃ આખું જગત્ એ અંધકારમાં લીન–મલીન દેખી હું તેને હસું છું: એવો સ્વતંત્ર સુખિયો હું મહેશ્વરને આલિંગન આપું છું. મારૂં મન એ રીતે મહેશ્વરના જેવું થઇ તેમાં લીન થવા જાય છે. સ્વતંત્ર સુખવૃત્તિથી મહેશ્વર પ્રત્યે કાંઇ યાચન કેહેતી નથી, કે તેની પાસે હાથ જોડી ઉભો રહું:—તેને ભેટું છું.

પરોપકારના અનુગ્રહથી ઉદ્દ્ભવેલી ઊર્મિ.

૨

(સ્રગ્ધરા.)

(રાગ હરીશ્ચંદ્રિકા તાલ ચતુશ્રપંચક માત્રા ૩૩ મધ્યકાળ.)

પુણ્યે સત્સગતીને, સુજન યશ તણી,
શ્વેત આ ચિ-ત થાય!
ધોળા સત્સંગ સૂર્યે, મુજ મન શશિની,
ચંદની વિશ્વ છાય!
આભારી એજ માગું, ગુણ મધુકર તો,
સુજ્ઞ! તું છે સ્વભાવેઃ
માગું ને જો સ્વિકારે, મુજ અવગુણને,
તો અલક્ષ્મી અપાવે.

સુજનના યશની સારી સંગતનાં પુણ્યથી મારૂં ચિત્ત ધોળું થાયઃ મારા પ્રત્યે તેણે શુભેચ્છા બતાવી તે વિષે મને પ્રસન્નતા થઇ, તે, તેની સુજનતાની કીર્તિનો આવિર્ભાવ છેઃ એ કીર્તિનો સત્સંગ મારાં ચિત્તને થયો છે, તેનું પુણ્ય મળી મારૂં ચિત્ત પણ સર્વ પ્રત્યે શુભેચ્છા વાળું–ધોળું–થાય–તેના જેવું થાયઃ તેની કીર્તિનો ઉજળો સત્સંગ

થયો, એ સત્સંગનાં કીરણો મારાં ચિત્તપર પડી, જેમ સૂર્ય-કિરણ ચંદ્રપર પડવાથી, ચંદ્ર ચંદની ફેલાવે છે તેમ, મારાં ચિત્તમાંથી, શીતળ–લોકને સૂર્યપ્રકાશથી પણ અધિક પ્રિય એવી ચંદનીના જેવાં, આપનાથી પણ ઊંચાં સત્કાર્યની ચંદની ફેલાઇ વિશ્વને છાઇ દે: આભારી હું એટલુંજ ચાહું છું: ભ્રમર ફુલમાંના ગુણ (ફુલ વચ્ચેના રેષા જેવા અવયવો) પર બેઠોજ જઈ બેસે છે, તેમ સુજ્ઞ હોવાથી તું પણ બેઠોજ ગુણને ગ્રહણ કરીશ–ગુણની કદર કરીશ; મારામાં અવગુણ છતાં પણ સ્વીકારવાની હું માગણી કરૂં ને વળી તે તું સ્વીકારે, તો એ અવગુણ અપકીર્તિ (બન્નેને) અપાવે, માટે તે માગણી ઘટતી નથી, ને ગુણ માટે માગણી કરવા જરૂર નથી.

સંસાર સાગર તીરે છીપશંખલામાં રમતો બાળક—માનવી.

3

પદ.

(રાગ—જંગલો હોરી.)

सब संशयको छेदी चतुर चित्त अबचेतचेत, टेक.

भटकत भवसागरतीरनमें सुमिरे न तरनसंकेत ।
बालक छीप शंखनको धावत काल कटत नाहि रेत रेत ॥ सब ॥
तीरभ्रमनमें रसियो बटुवा नाव खडो भवसिंधु उपेत ।
बहुरी पुकारत मातु न सुने वो लगिरे छीपनसे हेत हेत ॥ सब० ॥
पिंडपिंजर तोरे बटवाकुं छोरे बटुवा न रमत त्यजेत ।
जगतपिता वत्सल फिरफिरके वहुरि पिंजर अरु देत देत॥ सब० ॥

नलझरणाकों करसें निवारत करत कंकरकी सेत ।
बटुवा फिरत अनुभवसें जानके पितु उछंगे लेत लेत ॥ सब० ॥

(કર્તા કૃત "ગુલકાંત નાટક" માંથી.)

માતા સાથે કોઈ બાળક રસ્તે જતાં, નદી ઓળંગવાની આવે, ત્યારે નદી તીરની વેળુમાં છીપ અને શંખલાં વીણવા મડે; નદી પાર જવાની વાત વિસરી જાય: કીનારે ભટકતાં લાંબો વખત વીતી જાય: નદી પાર જવા હોડી તૈયાર હોય તેમાં બેસી રસ્તે જવા માતા ફરી ફરી તેને બોલાવ્યા કરે, પરંતુ તે બાળક, છીપ અને શંખલાંની રમતમાં લીન હોવાથી કાન ન દે: મ્હોટો થાય ત્યાંસુધી એવા કેરેક પ્રસંગે એમ બને: તે બાળક જળનાં ઝીણાં નિર્મળાં વેળુમાંથી ઝરતાં ઝરણુને હાથથી ખાળે, કાંકરાથી આડી પાળ બાંધે:—આખરે અનુભવથી એ બધું જાણી, કાયર થઈ, સંતોષ પામી, તે પોતાના પિતા પાસે દોડી આવે, તે વત્સળ પિતા તેને પોતાના ખોળામાં હેતથી બેસાડે: તે પ્રકારે ભવસાગર તીરમાં સંસાર સુખ જળમાં રમતો માનવી જન્મજન્મ આવેછે ને અનુભવથી સંતોષ પામેછે, ત્યારે જગત્પિતા તેને પોતાના ખોળામાં બેસાડેછે.

ભક્તિનું ચક્રવે રાજ.

૪

(ધનાશ્રી રાગનું પદ.)

("કબ સુમરેગો રામ અબતું કબ સુમરેગો રામ"—એ રાહ.

ભક્તિ તણો સંભાર, ભરભર ભક્તિ તણો સંભાર—ટેક.
મુનિ-જીવન વન સુનું વિના થર થર અમૃત સંચાર—ભરભર૦

નારી ન પ્યારી વિના તે ઘર ઘર, લુખો સકળ પરિવાર—ભર૦
તે વિના દંપતિ અંદર દરશે, દેવસંપત ન લગાર—ભરભર૦
મિત્ર તણી દિલજાંની કથાની: નર નર ફાની વિચાર—ભરભ૦
વિદ્યા કળા ધન માન તે સરસર કોણ કરે વિસ્તાર?—ભરભર૦
સદ્‌વૃત્તિ સુંદરતાનો હર હર અવર નથી આધાર—ભરભર૦

(કર્તા કૃત "ગુલકાંત નાટક" માંથી.)

તપસ્વીયો વનવાસીયોનાં જીવનના થરેથરમાં ભક્તિનાં અમૃતનો સંચાર ન હોયતો તે જીવન સુનું થઈ પડે. માટે તેમાં ભક્તિનો સંભાર ભરવો ઘટે છે. વર વહુને પરસ્પર પ્રેમની ભક્તિ હોય તોજ એક બી જાને વ્હાલાં હોયછે; કુટુંબ પરિવારમાં પણ હરેકને સર્વપ્રત્યે દૃઢ ભક્તિ હોય તોજ તે રસિક લાગે છે, નહીં તો લુખો થઇ પડે. વરવહુની ગાઢ પ્રીતિમાં જે શૌર્ય ઔદાર્ય આદિ દૈવી ગુણોની સંપત્તિ સંભવે છે તે માંહોમાંહે પ્રેમ ભક્તિવિના લગાર પણ ન હોય. મિત્રોને પરસ્પર ભક્તિ ન હોય તો દિલજાન મૈત્રી કેવી? નર નરમાં ક્ષણિક લાગણીયો અને વિચારો, ભક્તિ ન હોય તો, હોય: બધા સ્વદેશીયો તરફ, માણુસ જાત તરફ, જે ઉંચી લાગણીયો ઘટે છે, તે નર નરની પરસ્પર ભક્તિનેજ આધારે છે. વિદ્યા, કળા, ધન, માન એ સઘળાંનો અનેક સરમાંથી વિસ્તાર કરવામાં, કુટુંબી, સમાજીક, પ્રજાકીય, વ્યવહારીક, અને રાજકીય સંબંધોમાં ભક્તિ-રસથી રસિકતા ન હોય તો, કોણ પ્રવૃત્તિ કરે? ખરેજ! પ્રત્યેક સદ્‌વૃત્તિ અને પ્રત્યેક સુંદરતાનો આધાર ભક્તિ વિના બીજો નથી. માટે હે ભાઇ! પ્રત્યેક સંબંધમાં ભક્તિનો સંભાર અચૂક ભર!

"હા! આર્યદેશ લથડયો"!

૫

(વંસતતિલકા છંદ.)

(રાગ યમન કલ્યાણ—તાલ લક્ષ્મી માત્રા ૨૧ મધ્યકાળ.)

વર્ણાશ્રમે ન વરત્યા હતભાગ્ય લોક:
વાંછા નવી, ન થઇ સિદ્ધ, દશા વિલોક!
વિદ્યા કળા સરિત, ગૌરવ હાનિ હાનિ!
હા! આર્યદેશ લથડયો, થઇ પાછિ પાની!

(કર્તા કૃત "ગુલકાંત નાટક" માંથી.)

બ્રાહ્મણ વર્ણ વિદ્યા વિજ્ઞાન ધર્મમાં કુશળ: ક્ષત્રીયો યુદ્ધ કાર્ય અને દેશ લોકના સંરક્ષણમાં કુશળ: વૈશ્ય, ખેતી, વેપાર કારીગરી વગેરેમાં, કુશળ: અને શૂદ્ર સર્વ પ્રકારનાં સેવાકર્મમાં કુશળ: પ્રથમ વયમાં વિદ્યાભ્યાસ કરવા ગુરૂ ઘેર રહી બ્રહ્મચર્ય જાળવવું: બીજી વયમાં ઉદ્યમ કરી ગૃહસ્થાશ્રમ ભોગવવો: ત્રીજી વયમાં ઇશ્વર મનન વગેરેમાં વનમાં રહી, વનવાસ આશ્રમ ગાળવો: અને ચોથી વયમાં બધી જંજાળમાંથી મન ખેસવી, પૃથ્વીપર અટણ કરી, સુબોધ આપવા સન્યાસાશ્રમ પાળવો. એ વર્ણ અને આશ્રમની વ્યવસ્થાવાળો વર્ણાશ્રમધર્મ, હતભાગ્ય લોક ચૂકયા; ચૂકવનારી નવી વાસનાઓ સિદ્ધ ન થઈ, એટલે "અતોભ્રષ્ટ સ્તતોભ્રષ્ટ" દશા થઇ, તે જુઓ! ઘણા કાળની યોગ, ન્યાય, તત્વજ્ઞાન આદિ મહાન વિદ્યાઓ, અને કળાઓ મ્હોટા પહાડમાંનું જળ સરી જાય તેમ સરી સરી, સરિતા—નદી પેઠે ચાલવા લાગી: ગૌરવ કીર્તિની હાનિ હાનિ થવા લાગી: અહો! આર્યદેશ લથડી પડયો, અને પાછી પાની થઇ!

બ્રહ્મચર્યમાંથી ગૃહસ્થાશ્રમમાં જતો સંસાર જાળ જોઇ અચકે છે.

૬

(ગુલકાંત જોડે ગોટાનું પરસ્પર પ્રેમથી થયેલું સગપણ, ગોટાના પિતાની પાછળથી મળેલી પણ હજી જાહેર નહીં થયેલી સમ્મતિથી, બહાલ રહ્યું છે; ગોટાના પિતાની ગેરહાજરીમાં ગોટાની ઓરમાન મા, એક સારાં ઘરનો વર ખાલી પડતાં સગપણનું કેહેણ કહી મેલે છે. આ કેહેણ ગોટાનો પિતા બહાલ રાખતો નથી; પાછલા વરનો કાકો રાજ્યમાં સત્તાધીશ અને નાતમાં કર્તા હર્તા છે, તેથી અનેક ભાંજગડો ઉઠી ગુલકાંતને રાજ્યસત્તાના દુરૂપયોગથી કેદ કરવામાં આવ્યો છે. બીજી તરફ દેશાંતરમાં રહેલી ગુલકાંતની માતા, ગુલકાંતનું બીજી કન્યા સાથે સગપણ કરી ગુલકાંતને ગોટાનો સંબંધ છોડી દેવા સમજાવવા આવે છે; હઠ પકડી બેસે છે: ગુલકાંત શોચ કરે છે કે અહો! બ્રહ્મચર્ય મૂકી ગૃહસ્થાશ્રમમાં જવાની મતિ મને કેમ થઇ!)

(પ્રમિતાક્ષરા છંદ.)

(રાગ—અસાવરી, ચતુશ્રજાતિ, માત્રા ૧૬; મધ્યકાળ.)

ભવજાલમાં ફસિ પડયો ભમતાં,
લલચાવિને લઇ ગઇ રમતાં:
કરિ હાવભાવ હરિ લીધ મતા:
કુલટા ઠગારિ નિવડી મમતા!
ખુશબોભરી મગમગે ફરતી,
ફુલ ઝાડ વાડ મનને હરતી!
વચમાં વસી વિકટ કંટકની
ભવબાગમાં ભયદ ઝાડિ બની!
પ્રતિકૂળતા પરિજને પ્રસરી,
સુખસાધનો સુખદતા વિસરી;
પ્રિયમાત નેં પ્રિયતમા પલટયાં,
ઉરિ શાંતિ નેં ભય કરે ઉલટાં!
વ્રત બ્રહ્મચર્ય મનથી વિસર્યો!
મણિ હાથથી મહદ હાય સર્યો!
મુનિ સિદ્ધિને વરત યોગબળે:
મમતા ચળાવિ ગઇ હંત છળે!

ઝટ જાગ, મૂર્છિત અહો મનવા ! નવનીતને અનુભવે મથવા;
દઢ જ્ઞાન ધ્યાન ઇશનું કરવા, સુખ શાશ્વતે સ્થિર સમાધિ થવા.

ગોટામાં મે મમતા બાંધીઃ એ મમતા મને ઠગી, કુલટા સ્રીની પેઠે ભોળવ્યો. મારૂંજ મંડળ મને પ્રતિકૂળ થયું; સુખનાં સાધનો માંથી સુખ દેવાની શકિત ગઇ; વ્હાલી માતા અને પ્રિયતમા તે ઉલટાં દુ:ખ દાયક થયાં. સંસાર બગીચાને ખુશબોદાર ફુલની વાડ દેખી હું પેઠો, ત્યાંતો અંદર કાંટાની ઝાડી ભરી છે; અહો ! બ્રહ્મચર્ય વ્રતને મેં વિસાર્યું ! હાથમાંથી ભારે મણિ સરી ગયોઃ નહીં તો યોગ સાધી મુનિયોની સિદ્ધિ પામત; અરેરે ! મમતાએ દગો દીધોઃ ઓ મનવા ! ઝટ જાગ ! માખણને તાવી અનુભવથી ઘી મેળવ; ઈશ્વરનું ધ્યાન–જ્ઞાન મેળવઃ અખંડ સુખમાં સમાધિ કર !

મેં ખોટું કર્યું એવાં મિથ્યાભાનથી દુભાએલો પુણ્યાત્મા.

૭

अनुष्टुप् ॥

अस्तंगच्छत्यहो भानुर्निद्रयासुखपूर्णया ।
उच्छृंखलत्व स्वादिष्टानाश्वासितं तु रोदिहि ॥
पतितोऽहमयं भूमौ बुद्धा पश्यति सारथिः ।
पासेनेव प्रग्रस्तोऽस्मि लोभमोहादिभिः खलु ॥

सोपानपदि वर्तन्त उच्चैःपश्यति बालकः ।
हढोद्योगेन तन्मूर्ध्नि वर्तते स महाशयः ॥
नीचैर्निरीक्षमाणः सत्प्रासादोपरि राजते ।
पुनस्तिष्ठत्यधः पादे किमिति नैव बुध्यते ॥
जयध्वनिर्न संभूतो तस्मिञ्जागरिते सति ।
गतं गतं तु हंतेति कंपिता विह्वला धियः ॥
रोदिति बाष्पसंपूर्णोऽगाध एकाकिनस्तु यद् ।
आश्वासनाय मे नास्ति कर्हिचिच्छोचतीति सः ॥
दीने तस्मिन्प्रवक्ष्येतां नेत्राब्जे जलशायिनी ।
न करोत्युच्चारमात्रं स बद्धास्तस्यप्रवृत्तयः ॥
स्वप्नेऽगाधे जले कश्चिन्मज्जति गत आगतः ।
जाग्रतोऽपि वृथाभानं तथास्यासीद्भयंकरम् ॥
नेत्रे दयां प्रयाचेते तिष्टतीष्टस्यसन्मुखं ।
स्नेहाकर्षणे प्राप्ते भूस्तरं स्वस्थतां भजेत् ॥
सद्वृत्ति ते विस्मरणं स्मृतं भिन्नाति शांतये ।
अम्बाया रुदन्त्या का त्वदीया मंत्रमोहिनी ॥

દોહરા.

અહો જાય રવિ આથમી, નિદ્રાકરી નિરાંત,
ઉચ્છૃંખલતા મધુર ! કર, અશાંત રહિ કલ્પાંત.

સારથિ પૃથ્વીપર પડયો, જાગી પામે ક્ષોભ,
જાલવિષે ગુંથ્યો મને, વલગ્યો મોહન લોભ.
રમતો તળિયે સીડિને, બાલક ઉંચું જોય,
દૃઢ ઉદ્યોગે ટોચ પર, ઉભો મહાશય સ્હોય.
નીચે નિહાળતો રહ્યો, ઊભો ઉપલે માળ,
તલિયે તે આવ્યો અરે, ક્યાંથી સુઝે ન ખ્યાલ.
જાય જાય ઊગ્યારે નહીં, જાગૃત જોકે છેક,
સત્યાનાશ ગયું ગયું, કંપે વિકળ વિવેક.
રડતો તે ડુસકાં ભરે, ઉંડો ને એકાંત,
આંસુ આવે જે નથી, કોઈ કરે જે શાંત.
જુઓ તે થયો દીન છે, નયન કમળ જળશાઈ,
બોલી તે શકતો નથી, રમત ગમત રૂંધાઇ.
સ્વપ્ને કો ઉંડાં જળે, ડુબતો ગળકાં ખાય,
વૃથા ભાનમાં તેમ આ, જાગૃત તોય મુઝાય.
દયામણાં નેત્રે સ્તવે, સન્મુખ ઊભી ઇષ્ટ,
સ્નેહાકર્ષણ સાંપડે, ભૂ-પડ ઠરે હૃદિસ્થ.
સદ્વર્તન તુજ વિસ્મરણ સ્મરણ સુખકર નિશાન,
ક્વચિદ રડતિ અંબાતણી, મંત્ર મોહિની માન!

ઉદ્યમ કરવાનો દિવસ તે નિદ્રામાંજ જાણે કાઢયો હોય, તેમ સ્વચ્છંદમાં ઘણો કાળ કાઢયો; મીઠી (લાગતી હતી તે) ઉચ્છૃંખળતા! હવે ક્યાંયથી પણ આશ્વાસના મળ્યા વિના તું કલ્પાંત કર્યા કર! મન

અને ઇન્દ્રિયોનો રથ હાંકતો સારથિ આત્મા ધરતીપર પડી ગયો; જાગી જઇ તે ખેદ કરે છે; મોહની લોભની જાળમાં હું સપડાયો: હેઠે ઉભેલા (આત્મા) બાળકની સીડી ઉપર નજર ઉંચી ગઇ; દઢ ઉદ્યમથી તે ટોચપર જઇ ઉભો; હું ઉંચે ચડી આવ્યો એ હર્ષમાં નીચે નિહાળવા લાગ્યો: કોણ જાણે કયાંથી ફરી "જમીન તળીયે હું ઉભો છુ" એમ તેને લાગ્યું: મુંઝાયો; વિવેક બુદ્ધિ કંપી: જાગ્યો; બધું સ્વપ્ન હતુ, એમ ભાન થયું; તો પણ જય નાદ કરતો નથી, ઉંડો ઉતરી જઇ શૂન્ય થઇ જઇ, તે ડસકવા રડવા લાગ્યો: મને દિલાસો કોણ દે? માતા, મિત્ર, કે વ્હાલી વહુ કોઇ નથી, એ વિચારી તેને ઓછું આવ્યું: મુખ લાચાર થયું; આંખો ભીની થતાં જાણે જળશાઇ કમળ હોય તેમ થયું: બોલવા જાય પણ બોલી ન શકે: કયાંય પણ પ્રવૃત્તિ ન થાય: જેમ સ્વપ્નામાં ઉંડાં જળમાં બુડતો ગળકાં ખાતો કોઇ ગભરાય, તેમ જાગ્રત છતાં પણ હું ઉચ્છૃંખળ થયો, એવાં ખોટાં ભાનથી આ આત્મા મુંઝાય છે. આસ્તિક હોવાથી ઇષ્ટદેવ સન્મુખ, દયામણાં નેત્રો કરી દયા માગવા લાગ્યો: અમોઘ જળઘોઘથી ધોવાઇ છુટા પડેલા ધરતીના રજકણો જેમ પાણી વહી જતાં ફરી આપ પકડે છે—સ્નેહાકર્ષણ ધર્મ અનુભવે, તેમ હૃદયની ભૂમિકા ફરી આપ પકડવા—સ્વસ્થ થવા લાગી— સ્નેહાકર્ષણ ધર્મ સાંપડયો: ઇષ્ટ દેવપર આસ્થાથી, સરોવરનાં પાણી ઓગન પછી ધારણ થાય તેમ હૃદય, ઉભરાતું ઓગન થયાથી, ધારણ થયું; સુઝયું કે—સીડીપરથી હેઠે નથી પડયા: બુડીએ છિયે, એ તો સ્વપ્ન હતું: ઉચ્છૃંખળ આપણે નથી થયા: શુધ્ધ સ્નેહ—ભક્તિ કેવળ આવિર્ભાવ પામી હતી તેને ભ્રાંતિથી સ્વચ્છંદ-મોજ શોખ સમજી આપણે મુંઝાયા: પોતાનાં હૃદયને સમજે, તેને ધારણ—કરાવી રાખે એવો સમર્થ પોતાનો મિત્ર યાદ આવ્યો: પોતાની ચતુર પ્રિયતમાની ગેરહાજરી વિશેષ યાદ આવી એટલા માટે કે તે હોત તો તુરતજ મને આસના વાસના કરત: એ પણ સ્નેહનું આકર્ષણ અનુભવ્યું: ઇષ્ટ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન

થઇ, તરત મિત્ર—પ્રિયતમાના સ્નેહને જાગૃત કર્યો: એ સ્નેહાકર્ષણે કરી હૃદય ભૂમિકાએ પણ આપ પકડયું—સ્નેહાકર્ષણ પ્રકાર અનુભવ્યો: સ્નેહાકર્ષણનાં વર્તનને ભ્રાંતિથી ઉચ્છૃંખળતા માની હતી, એમ ખુલાસો થયો. ઓ સદ્વર્તન! તારૂં વિસ્મરણ થયું એવી લાગણી પુણ્યશાળી માનવીને થાય, તે બાણની પેઠે નિશાન તાકે છે, તોપણ તેજ સાથે આ રામ–દિલાસો કાંઇ કાંઇ આપે છે: વ્હાલો પુત્ર કહ્યું ન માની રિસાય, ન જમે, ત્યારે તેની માતા, પ્રથમ વઢી હોય, તે પોતેજ ઓછું લાવી રડે, ત્યારે મંત્ર મોહની જેવી પુત્રપર અસર કરે છે: પુત્રને વાંક વસે છે, તે સાથેજ કાંઇક આરામ સુખ વળી તે અનુભવે છે, તેવીજ મોહની સદ્વર્તન! તને ચુકયા એવાં ભાનથી દુ:ખ થાય છે તેમાં છે.

પ્રિયજનને લઈ સ્ટીમર બારામાં આવી.

૮

[કોઇ પ્રકારનાં મેણાંથી, હઠથી અગર ભારે પણથી ઘણે દુર દરિયાપાર દેશાંતરમાં ગયેલો પ્રિય ભાઇ, પ્રિયમિત્ર, પ્રિય પુત્ર કે પ્રિય પતિ ત્યાં જય મેલવી ત્યાંથી સ્ટીમરમાં પાછો ફરે છે: તે સ્ટીમર બારામાં આવતાં તેના ઉપરના હવામાં ફરકતા નેજામાં સ્ટીમરનું નામ દેખાય છે: સ્ટીમરનાં તુતક ઉપર તે અધીર થઇ ઉભેલો દેખાય છે. આ વખતની નીચેની કવિતા છે: તે પુરી નથી.]

(શા ર્દૂ લ વિ ક્રી ડિ ત.)

(રાગ—મુખાવરી તાલખંડ જાતિ એક તાલ માત્રા ૫ વિલંબ કાળ.)

નેજે સ્ટીમર નેત્ર કાર્યે કરતો, લંબાય, સાધે દિશા,
ને સામર્થ્યે કહે સમુદ્રમતણું, ઊંચો ઉભો સોવસા!

ઊભો વીર અધીર ધીર નયનો, આ પાસ લંબાવતો,
સાંધે સાંકળ સ્નેહ સાહસ અને સંતોષની સામટો.
લંબાઈ મુજ દૃષ્ટિ અંતર બહિર્ સંધાય છે બેવડી,
લંબાઈ ભળતી વિયોગ પળની, સંયોગ ભેળી કડી;
લંબાઇ ઘન–લાગણી વિરહની, છાતી જતી છેજવા,
લંબાઇ ઉર જાય ભાઇ–ઉરને, સામું મળી ભેટવા!
ભીની આંખ ભરી, ભિનું મન ભર્યું. ભીની ભરી કલ્પના,
ભીની ટેક–વિવેક બુદ્ધિ ભરિ છે, ભીની ભરી ઝંખના;
ભીનો કંઠ ભર્યો, ભિની સ્મૃતિ ભરી, જાણે ઘણેરે શ્રમે,
ભીંજી હું ઝરૂં રોમ રોમ કરૂણા, ગંભીર, શાંતોધમેં!
સ્નેહી ને પ્રિયનાં કુણાં હૃદયના, મર્મો તવાયા ખરા,
વર્તાઇ ૠતુ ગ્રીષ્મ ભીષ્મ તપથી, શોષાઇ સૂકી ધરા;
શોભી સ્હેજ વિચારમાં, ગગનમાં, ગંભીર છાયા કરી,
વર્ષું છું ઝુકિ આજ આપ મુકિને, વર્ષા ઉંડી આદરી.

(અપૂર્ણ.)

નેત્રો સ્ટીમરનાં નેત્ર હોય તેમ જે દિશામાંથી સ્ટીમર આવે છે તે દિશામાં ઉડતો રહી જાણે જોયા કરે છે. તે લંબાઇને જાણે દિશાને સાંધેછે. ઊંચો, સ્ટીમરની ટોચપર, ઉભો રહી, તે દેશાંતરનું ચિન્તવન કર્યા કરે છે. તે પોતા તરફ સર્વેનું ધ્યાન ખેંચી સોવસા એવું દેખાડે છે કે સારીરીતે કરેલા ઉધમનું સામર્થ્ય કેટલું બધું છે; મળવાને અધીર અને સાહસમાં ધીર એવાં નયનો, આતરફ લંબાવતો તે યોધ્ધો (ભાઇ, પુત્ર, પતિ જે હોય તે) એ ઉભો! માબાપ, ભાઇ, વહુ, મિત્ર અને સંગાં

સાહીને લગતા સ્નેહની, દેશાંતરનાં પરાક્રમી સાહસની, અને સત્કાર્ય કરવાથી થતા ઉત્તમ સંતોષની, એવી ત્રણ સાંકળોને છેડેથી તેના હૃદયમાં જાણે એક સામાન્યબિંદુમાં ગાંઠમાં તે સાંધે છે: તેના હૃદયની ઊર્મિયો એ ત્રણ મુખ્ય સંબંધનીછે, તે લંબાઇ, સાંકળની પેઠે તેનાં હૃદય સાથે તે સંબંધના સંબંધીયોને જોડેછે. મારી (મા, બાપ, ભાઇ, વહુ જે હોય તેની) અંતરની દૃષ્ટિ અંતરમાંથી લંબાઇને અને બહારની દૃષ્ટિ આંખમાંથી લંબાઇને, એ બેવડી દૃષ્ટિ પરસ્પર સંધાય છે. લાંબે નજર ફેંકતાં તેને (સ્ટીમરમાં આવનારને) દેખુંછું, ત્યાં તેનું કેમ જવું થયું (મેણાંથી, હઠથી, પણથી, કાચી ઉમ્મરમાં, એકાએક, કેવળ અજાણ્યા મુલકમાં) ત્યાં કેવાં દુઃખ સુખ તેણે વેઠયાં હશે, તેના પ્રત્યે કેવી વર્તણુક આપણે ચલાવી, એ બધા વિચારો જોસથી ઉત્પન્ન થઇ, તેના પ્રત્યે દોડે છે અને એ રીતે એ દૃષ્ટિયો તેનામાં સંયોગ પામે છે. જે પળે તેથી છુટા પડવાનું થયું તે પળની કડી તેને મળું છું તે પળની કડીમાં, લંબાઇને પરોવાઇ જાયછે. સંયોગ વખતે વિયોગ પળની બેયેની મનમાં ભરાઇ આવેછે. વિરહની ઘણી ભારે લાગણી, સંકોચાઇ એક નાના બિંદુમાં ઘટ્ટ થઇ રહેલી હતી; જેમ બીજમાં ઝાડનાં થડ, ડાળ, ડાંખળાં, પાન, ફુલ, ફળ, વગેરેનું મૂળતત્વ સંકોચાઇ રહેલું હોય છે તેમ, તે ઘન થયેલી લાગણી અવકાશ મળતાં લંબાઇ, ફેલાઇ, જાણે મને છેજવા, (ઝાડને છેજી સ્નેહરસ (ગુંદ) કાઢે તેમ) મારી છાતીને છેજી સ્નેહરસ કાઢવા જાયછે—મારાં હૃદયને જખમી કરે છે. મારૂં ઉર પણ લંબાઇને તેનાં બંધુ—ઉરને (પુત્ર, ભાઇ, પતિ, મિત્ર ગમેતે સંબંધ આવનારનો હોય તોપણ બોલનારનાં હૃદય અને આવનારનાં હૃદયનું સગપણ ભાઇ—ઉરનુ બંધુ—ઉરનું કહેવાશે)સાંમું મળી ભેટવા જાય છે; બોલનારની પેઠે આવનારનું ઉર પણ લંબાઇ બોલનાર તરફ આવે છે એટલે તે એક બીજાં રસ્તામાં એક બીજાને સામાં મળી ભેટશે.

આંખ, મન, કલ્પના, ટેક એટલે નિષ્ઠાબુદ્ધિ, વિવેકબુદ્ધિ, ઝંખના,

કંઠ, ધારણા શક્તિ, એ સર્વ ભીંજાઇ રેબઝેબ થઇ ગયાં: જેમ ઘણા શ્રમથી થતો ઉદ્યમ જરાવાર શાંત પડે, ત્યારે સ્થૂળ શરીરના રોમરોમ રેબ ઝેબ થઇ જાય, તેમ, હું, ઘણો ભારત, માનસિક ઉદ્યમ કરી, જરા શાંતિ લેતાં, રોમરોમ ગંભીર કરૂણારસથી રેબઝેબ થએલ છું. આવનારપર સ્નેહ રાખનારાં અને આવનારને વ્હાલાં છે તેઓના, પ્રેમ વૃત્તિથી કોમળ, કુણાં એવાં અંતઃકરણના મર્મો, વિરહતાપથી ખરેખર તવાયા; પ્રચંડ ઉનાળાના રાજમાં ધરતીનું જળ શોષાઇ, તમામ સુકી થઇ જાય, તેમ એ પ્રેમરસિક મર્મોને વિરહતાપનો અનુભવ થયો. આ વિચાર છેક મનનાં, ગગનમાં–બીજા બધાથી ઉપર, ચડે છે—હું વિચારવા સ્હેજ થોભું છું તો આકાશમાં વાદળાંની કાળી ઘટા થાય તેમ, ગંભીર છાયા થાય છે; કાળી ઘટાથી વાદળાં આકાશમાં એક સ્થળે થંભે તેવાં, આપ મુકી દઇ ઝુકી રહી વરસે છે, ઊંડી વર્ષારૂતુ આદરી દે છે, તેમ મારા મન—ગગનમાં એ વિચાર જરાવાર થંભી ગંભીર ઘટા કરે છે તેવોજ હું જાણે મારૂં આપ મુકી દઇને ઝુકી રહું—વરસું છું—મારૂં અંતઃકરણ ગંભીર કરૂણા રસની ધારાઓથી જાણે ઉંડી ભયાનક વર્ષાઋતુ રચી દે છે. વર્ષાદની ધારાઓ ગણી શકાતી નથી, તેમ વ્યાપી જઇ વરસતી કરૂણાની પ્રત્યેક ધારા ગણાય તેવું નથી. મનને આમ ખેદ થયો, આમ થયો, એ ગણી બતાવાય તેવું નથી.

મન ભાંગ્યું.

૯

(સ્રગ્ધરા.)

(રાગ હરીશ્ચંદ્રિકા તાળ ચતુશ્ર પંચક માત્રા ૩૩ મધ્યકાળ.)

અન્યોન્યે ઐક્ય ભાસ્યું, મુજ તુજ વિસર્યું,
ભક્તિ નિર્દોષ માનઃ

વિશ્વાસી કે ખરીદે, ધન થકિ મુજને,
માનિને મૂલ્યવાન;
આભારે જે ન ભાગ્યું, બટ દઈ બટક્યું,
ભાર રેતે ન કિંચિત્,
કૂણું જાણે થઈને, મન સુમન સમું,
વજ્રસું જે કદાચિત્.

તેની મારા પ્રત્યે અઢળક પ્રીતિ ઢળેલીછે; બન્નેને પરસ્પર એકતા છેઃ મારૂં તારૂં એ વચ્ચે વિસરાઇ ગયું છે; પ્રીતિ ઢોળી પાડનારમાં બીજાને ભક્તિ ઉત્પન્ન થઇ, તે નિર્દોષ, નિખાલસ, હતી, તેથી તેનું માન–તેનું–માપ એ પ્રમાણે હતું; તેને એવો દૃઢ મન વિશ્વાસ બેઠો હતો કે મારે માટે તેણે (ચાહનાર) ધનને પણ વ્હાલું કર્યું નથી; ધનથી પણ મને વધારે કીમતી માની, મને જાણે વેચાતોજ લે છેઃ આવી આભારની લાગણી કમાન પેઠે નમીને સહન કરવામાં જે મન ફતેહ પામ્યું, તે, અને જે વજ્ર જેવું કદા કદાચિત્ (ધૈર્યથી) મજબુત દેખાતું, તે, મન, એ ભાર ખસી જતાં ફુલ જેવું કુણું થઇને, બટ દઇ બટકી પડયું. પોતે પોતાને માટે ફુલાઇ જઇને જોઇએ તેથી વધારે ચડીયાતો અભિપ્રાય બાંધ્યો; પોતાની કીમત પોતાને ચાહનારના મનમાં, ધારવી જોઇયે તેથી ઘણી વધારે હોવાની ધારણા બાંધી, જે અહંકાર–પ્રમાદ એ મન ભોગવતું હતું, તે પ્રસંગ પડતાં સુરંગ ફુટવાથી ઉડે તેમ ઉડી પડયો; મન જે ભાર કલ્પીને ઉઠાવતું હતું તે મિથ્યા છે એમ મનને ખબર પડતાં તે ઘણું જખમી થયું—મન ભાંગી ગયું—બટકી ગયું. અહો! હું કેવા અજ્ઞાન અહંકારમાં ફુલાઇ ગયું હતું,—એ વિચારે કેવી ઊંચી જગ્યાપર જઇ બેઠું હતું!

થાકેલા મુસાફરને વિસામો.

૧૦

(રજપુતાના માલવા રેલવે આબુ પર્વતનો પ્રદેશ ચીરી પસાર થાય છે. તેમાં એક રજપુતાના માલવા મુલકોથી ઘણે દૂરનો નિવાસી મુસાફર એકલો ત્રીજા વર્ગની ગાડીમાં બેઠો છે; તેના સિવાયના તમામ મારવાડી છે, જેની બોલી તે સમજતો નથી, જેઓની વાતચીતમાં તે ભાગ લઇ શકતો નથી, તેથી એકલો પડયો છે: ઘર છોડે ઘણું થયું છે: ચૈત્ર મહીનાના દીવસની ચાલુ મુસાફરીના સખત તાપથી, તથા ઉતારૂની ભીડથી, એ મુસાફરની મુંઝવણ ઘણી વધી છે, તેવે પ્રસંગે તેની જોડના ખંડમાં કોઇ આબરૂદાર સુશીલ સ્ત્રી સુંદર નાના બાળક સાથે આવી બેસે છે: તે બાલકને લઇ માતા મુસાફરની પીઠ-પાછલની લગોલગની પાટલીપરજ બેસે છે: તે બાલક ઘામથી રડે છે: માતા તેને પંખેથી પવન નાંખે છે: તે પવનથી પેલા મુસાફરને કાંઇક આરામ મળે છે: મુસાફરના હાથમાં કોઇ સ્ટેશનથી લીધેલું ચંપાનુ ફુલ છે; તે પવનથી પેલા મુસાફરને કાંઇક આરામ મળે છે: તેનુ મન ખુલ્લે છે; તેની કલ્પનાને પાંખ આવે છે: પોતાની નજર પાસેના દેખાવને મળતું ચિત્ર કલ્પી મન ગમતું ઉમેરી, ઓછું કરી, અંતરની પ્રસન્નતા કવિતા રૂપે બહાર કાઢે છે.)

દોહરા.

સીંચાણો તું એરડા, આજ શેરડી સાથ,
નખ શિખ સજ્જિત સુંદરી, વા ઢાળંતી હાથ!
વ્હાલો બાળક ગ્રીષ્મનું, કરતો ભીષણ ગાન,
આશ્વાસંતી વત્સળા, ભુલી આપનું ભાન!

કીંવા પંખે કામની, કરે કામની ઝાળ,
ચંપા ફુલ મુજ કર રહ્યું, કરે શમસ્યા ખ્યાલ.
આબુરાજને આંગણે, કૂશ અહિ સરિતા વેન,
હશે સ્વેદ વા સ્નેહનાં, તરૂણી ઉર પર ચેન!
અપરિચીત સ્થળ લોકને, આ આબૂના ચોક,
સ્મરતો તુજ પરિચીતને, તપ્ત કરંતો શોક.
અઠો પ્હોર સહુ ઠોરમાં, કરે છબી જે ખેલ,
તે નિરૂપતી પ્રિય તને, અહા છબીલી છેલ.
ઉચ્ચ મિત્ર ગિરિ ઉચ્ચને, થયો સહાય વિલોક;
સ્વેદ મોતિ સરજાવતો, પુરવા આબૂ ચોક!
આબુરાજને આંગણે, રસિક ઉદાસ પ્રવાસ,
સ્વદેશ બાંધવ સ્મરણનો, કરતો કરૂણ વિલાસ.
નહિ સ્વદેશ, નહિ બાંધવો, આવ્યું કોઇ પાસ;
કવિતા ક્લેશહરા પ્રિયા, પ્રકટ અંતરાકાશ.
ખારા સાગરમાં મિઠી, વાવડલી મુજ એક,
વ્હાલી! વિસરૂં શે તને? બંધવ થકી વિશેક.
તરૂથી પ્રગટી છાંયડી, ઝાડ પાંથને જેમ,
તું હુંથી, મુજ, જગતની, સુખદ સાધવી તેમ.
મન જીવન પૈડે ધરી, લીસી લીલી સ્હોય,
સુકી ઘસાણી ભાંગશે, જો રસ સીંચ્યો ન્હોય.

કવિતા રસ સિંચન સરસ, સદા મુજ દિલારામ,
રસ પાઇ વિસરાવતી, તન મન ક્લેશ તમામ.
એક એક પછિ આવતા, હલ્લા શિરે હજાર,
ઘર્ષણ પર ઘર્ષણ થતું, મન ધરિ થઇ બેજાર.
મુજ મતિ નદી નથી થઇ, કવિતા માત્ર વિલાસ,
રસિક કુસુમ કળિ પાંખડી, કિંચિત્ ક્વચિત વિકાસ.

અહો ! નખ શિખ આભૂષિત સુંદરી સ્વહસ્તે વા ઢોળી રહી છે! શેરડી સાથે એરડો પણ સીંચાણો! વ્હાલો બાળક ભીષણ સ્વરથી ગ્રીષ્મ ઋતુનું ગાન કરે છે—ધામથી રડે છે, તેથી વત્સળ માતા તેની આસના વાસના કરવામાં પોતાનું ભાન ભુલી છે। બાળકને પવન ઢોળે છે તે મને પણ ઢોળાય છે। મમતાળુ માતા બાળકના સુખ સારૂ પોતાને ઘડી ભર વિસરી છે। મારા હાથમાં ચંપાનું ફુલ રહ્યું, તેને અવલંબને ખાલી શમસ્યા કરતી, પંખા વડે, કામની (સ્ત્રી) કામની ઝાળને પ્રજ્વલિત કરેછે શું? ચંપાનાં ફુલમાં ભ્રમર રમતો નથી; ચંપક ભ્રમરને ઝંખે છે: હું (મુસાફર) ને મારા દેશમાં એજ રીતે કોઇ ઝંખતું હશે, એવો સમસ્યા ખ્યાલ આપી, મારા અંતરમાં રહેલા પ્રેમમાંથી કામઝાળ વિરહ—તાપ પ્રગટાવવાનું કામ, પંખા વડે તે કરે છે શું? આટલું વિચારી મુસાફરની દૃષ્ટિ બહાર આબુના મેદાનમાં સાપ જેવાં પાણીનાં દુરથી જણાતાં વ્હેન તરફ જાય છે: આબુની ખીણમાં, કૃશ—પાતળાં—સાંકડી પટી જેવાં—સર્પ પેઠે વાંકાં ચુકાં—નદીયોનાં વ્હેન આબુરાજના આંગણાંમાં જણાય છે, કે એ તે દુરથી કલ્પનાર્થી—જણાતાં તરૂણીના ઉરમાં—સ્તનના ઉચ્ચ પ્રદેશના મધ્યમાં વેહેતાં, સ્વેદ કે સ્નેહનાં ચિન્હોછે! કદી પણ જેના પરિચયમાં નથી આવ્યો એવાં સ્થળ, લોક, અને આં-

બુનાં મેદાન છે, તેથી તારા–પરિચીત સ્થળ—સ્વદેશાદિને સંભારતો વિરહથી તપાઇ તું શોક કરે છે. (મુસાફ્રર મન પ્રત્યે કહે છે.)

આઠે પ્હોર, સઘલે ઠેકાણે જે છબી-તારા મનની ખરી કે કલ્પિત વલ્લભાના સ્નેહની કોમળ રસીલી લાગણીયો—તારી આગળ ગેલ કરી રહી છે તે છેલછબીલીનું ઓ પ્રિયા તારી આગળ નિરૂપણ કરેછે—સુશીલ લાવણ્યાદીથી તે છબી તને યાદ દેવરાવે છે.

ઘણો–ઉંચો પહોચેલ મિત્ર (સૂર્ય જે આબુ ઉંચો હોવાથી ઉંચાપણાના સમાન ભાવથી આબુનો મિત્ર થાયછેતે)તેની ઘણી ઊંચાઇયે પહોચી ને ઉંચા ગિરિરાજને—કેવો સહાય થયો છે! પોતે મિત્ર છે તેથી આબુરાજના આંગણાંમાં પુરવા સારૂ મોતીનો ખપ પુરો પાડવા સારૂ હોય નહીં તેમ જાણે સ્વેદ—પરસેવાનાં મોતી ઉપજાવવા લાગ્યો છે—તાપથી મુસાફરોને બહુ સ્વેદ આણે છે.

આબુરાજનાં આંગણાંમાં મીઠી કલ્પનાથી રસિક, વિરહથી ઉદાસ એવો આ પ્રવાસ છે; સ્વદેશ, બાંધવ, યાદ આવે છે, તેથી કરૂણા ભરેલો વિલાસ કરૂંછું.

સ્વદેશ કે બાંધવ કોઇપણ પાસે આવ્યું નહીં: ફક્ત મનને ગમતી કવિતા અંતરના આકાશમાં અંતરિક્ષમાં પ્રકટ થઇ: કલેશ તેણે હર્યો. ઓ વ્હાલી! (કવિતા) ખારા સાગરમાં મારી મીઠી વાવડી તું એકજ છે. બાંધવોથી તુ વધુછો: તને હું કેમ ભુલું? ઝાડમાંથી ફેલાતી છાયા ઝાડ અને મુસાફરને સુખ આપે તેમ, મારા અંતરમાંથી નીકળીને તું (કવિતા)મને તેમજ જગતને સુખ આપનારી, સાધવી, છો.

જીવનનું પૈડું મનની ધરી ઉપર ફરે છે. તે ધરી લીસી અને લીલી હોય તોજ સારી લાગે: જો એના ઉપર સ્નેહરસ ન સીંચાય તો સૂકાઇ ઘસાઇ ભાંગી જાય. (મુસાફર પોતાની સ્થિતિનુ પ્રથક્કરણ કરેછે) કવિતાના રસનું સિંચન મારા દિલને સદા આરામ આપનારૂં છે: કવિતા તેનો રસ–

તેનું હૃદય પાઇ મારા તન મનના તમામ કલેશને ભુલાવી દે છે. ઉત્તરોત્તર મારા મનપર ધણા હુમલા આવતા રહ્યા; તેથી મન ધરીને ધણું ઘર્ષણુ થતાં તે બેજાર થઇ ગઇ હતી (તેને કવિતાનો રસ સીંચાતાં અત્યારે આરામ થયો.)

એટલે પહોંચી મુસાફર મન પાંછું ફરે છેઃ તેને ભ્રાંતિ થાય છે કે મારા મનને આનંદ મળ્યો તે શું નદી પેઠે મારી મતિ નીચી વહી ચાલી—ઇન્દ્રિય—સુખની કલ્પનામાં મગ્ન થઇ? તેને દિલાસો મળે છે કે, નહીં, એમ નથીઃ એતો કવિતાનો વિલાસ માત્ર હતોઃ કવિ જે વિષે કવિતા કરે છે, તેમાં એકવાર પોતાનાં મનને લીન કરે છે—જે સ્થિતિ તે વર્ણવવા માગે છે તેમાં પોતાના મનને મુકી દેછે. કવિતા કરવા સારૂ જ તે તે સ્થિતિની વૃત્તિયો ઉચ્ચ નીચ જે હોય તે અનુભવે છેઃ તે ખુદ તેવી વૃત્તિયોમાં લપટાતો નથીઃ મનની રસજ્ઞતાનાં ફુલ—રસિક ફુલની કળીની એકાદી પાંખડી કાંઇક કદીક ઉઘડી જાય છે, તેમ આજે પણ બન્યું.

આર્યોનાં રેહેઠાણનો દૂર દેખાવ.

૧૧

(સ્ર ગ્ધ રા છં દ.)

(રાગ હરિશ્ચંદ્રિકા, તાલ ચતુસ્ર પંચક માત્રા ૩૩ મધ્યકાળ.)

ઉંચાં દેવાલયોના, ધ્વજપટ ગગને,
આર્ય ઉત્કર્ષ રાખેઃ
પૃથ્વી સૌભાગ્યરેખા, કુમ કુમ રચિતા,
આર્ય પુત્રીનિ દાખેઃ

ચાપલ્યે એક પાદે, નગર પર ઉભી,
શ્રી રમે આડ તેની;
પૂરે તેના નુપૂરો, ધનનન ટનનન,
પંક્તિ ઘંટા ધ્વનીની.

(કર્તાકૃત ગુલકાંત નાટકમાંથી.)

દૂરથી જોતાં આર્યોનાં નગરોમાં પ્રાચીન ઉંચાં દેવાલયો ધ્યાન ખેંચે છે. તેવાં એક આર્ય નગરને છેટેથી નિહાળતો તમાસગીર કહે છેઃ આકાશમાં ઉંચાં ગયેલાં દેવાલયોઉપરના ફરકતા ધ્વજના પટ, જાણે આર્યોના ઉત્કર્ષને, ગગનમાં, બતાવે છે; આર્ય ધર્મરૂપી તેનો ઉત્કર્ષ અપૂર્વ છે એમ એ ધજા ધર્મનાં સ્થાનકપર રહીને તથા ઉંચે વિસ્તાર પામેલી હોઇને જણાવે છેઃ અથવા તો એ ધજાઓના પટથી આકાશમાં જણાતી લાલ રેખા, તે પૃથ્વી માતાની આર્યભૂમિરૂપી પુત્રીની સૌભાગ્યની કુમકુમની રેખા છે; પૃથ્વી માતા, એ એક પુત્રીનું સૌભાગ્ય સમ ખાવા બતાવી શકે છેઃ ઉત્તમ ધર્મનાં રાજથી આર્યભૂમિનું અખંડ સૌભાગ્ય છેઃ અથવા તો, એ દેખાતાં નગર ઉપર એકજ પગ રાખી, ઉભી નાચતી, ચપળતાથી, લક્ષ્મી રમે છેઃ હમણાંજ તે એ એક પગ પણ ઉપાડી નાસી જશે અથવા બીજો પગ મુકશેઃ એમ ઉપર ઉભી રમતી લક્ષ્મીના કપાળમાંની એ ધજાની લીટી તે લાલ આડ છેઃ દેવાલયોમાં ધન ધન ટન નન ઘંટાધ્વનિ થાય છે, તે ધ્વનિની પંક્તિ એ લક્ષ્મી રમતી હોવાથી તેના નુપુરોના અવાજથી પુરાય છે—એ ઘંટાધ્વનિ, અથવા, લક્ષ્મીના નુપુરના રણકાર છે. સુમનપુરનો રહીશ ગુલકાંત છેઃ તે સુમનપુર દુરથી જોઇ ગુલકાંતની વલ્લભા ગોટા ઉપર પ્રમાણે તેનું વર્ણન કરે છે.

પરાક્રમી નાયક મોતથી બચી ઘેર આવતાં જંગલમાં વિચારે છે.

૧૨

(ગુલકાંતને વરેલી ગોટાને નિમિત્તે ગુલકાંત કેદ થયો છે, એ હકીકત કવિતા ૬ઠ્ઠીને મથાળે આવી ગઇ: રાજસત્તાના આ જૂલમસામે પોલીટીકલ એજંટ પાસે ફરીયાદ જતાં, પુરાવો નાશ કરવા રાજસત્તા ગુલકાંતને એક ખીણુમાં બાંધી ફેંકી દેવરાવી મારી નાંખવા મથે છે: તે ખીણુમાં અધવચથી ઉગરી છુટો થયેલ ગુલકાંત વગડાનો માર્ગ કાપતો ઘરભણી આવે છે: મધ્યાનકાલ થયો છે: તેના મનના તર્કો અહીં આપ્યા છે.)

(શા ર્દૂ લ વિ ક્રી ડિ ત)

(રાગ-મુખાવરી, તાલ ખંડજાતિ, એક તાલ માત્રા ૫ વિલંબકાલ.)

પંખેરૂં ગગને, વને પશુ, નથી, પંથે પ્રવાસી નથી;
છુટયા કોશ, હળો; જળો નિતરિયાં, વા પુષ્પવાસી નથી;
મધ્યાને પશુ, પંખિ, પાંથ, સઘળાં, જંપ્યાં તરૂચ્છાંયથી,
સંતોષેં રમતાં જતાં, શ્રમ ક્ષુધા, જાણે જણાતાં નથી.
માથે શત્રુ મહાન છે ગરજતો, તેને પુરે હું પડયો:
કીધો વાસ સમુદ્રમાં મગરને, મ્હોઢે પડયો એં લડયો:
મારૂં મૃત્યુ ચહી કરે મથન તે, તોયે ન ચિંતા મને,
આત્મા શાંત નિતાંત આજ સુખિયો, સંતુષ્ટ સદ્વર્તનેં.

આનંદાશ્રુભરી, પયસ્સર છુટી, માતા ઉભી એ દિસે!
દુઃખે દુર્બળ ઝંખતો સુહૃદ તે, રસ્તેજ ભેટયો દિસે!
સ્નેહે શંકતિ, ટેકથી હરખતી, એકાંત લેવા ઝુરે,
ઘેલીતૂર પ્રિયા, ગુરૂજન છતાં, સંકેત સાંધ્યા કરે!

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી)

આકાશમાં પંખેરૂં ઉડતું નથી, વનમાં પશું ચરતાં નથી; પંથે મુસાફરો જતા આવતા નથી; વાડી અને બાગ બગીચામાં કોષ અને ખેતરોમાં જુતેલાં હળો છુટી પડયાં; જલાશયોનાં જળો, સ્વસ્થ રેહેવાથી નીતર્યાં; પવન વાતો વાતો પુષ્પનો સુગંધ લાવતો નથી— તે મંદ પડી ગયો છે. મધ્યાનકાલ થયાથી, પશુ, પંખી, મુસાફર એ બધાં ઝાડની છાયા શોધી બે ઘડી જંપી બેઠાં છેઃ સર્વને શ્રમ લાગવાથી વિસામો લે છેઃ પરંતુ મારા મનમાં, સદાચરણ ભરતાં લગણ મુક્યું નહીં, ને સહી સલામત એવો ને એવો રહી મારૂં ધાર્યું કરી શકયો, મારા દુશ્મનો નિષ્ફલ થયા, એ સંતોષ ઘણો છેઃ તે સંતોષમાં પંથે રમતો રમતો હું જાઉં છું. થાક કે ભૂખ કાંઇ મને જાણે જણાતું નથી!

ધનપુર રાજ્યનો કર્તા હર્તા વજીર જેવો મ્હોટો શત્રુ મારે માથે ગરજે છે, તેમ છતાં તેનાજ નગરમાં ધનપુરમાં હું પડયો છુંઃ સમુદ્રમાં અને પાછો મગરના મ્હોઢામાંજ પડયો હું લડું છુંઃ તે મારાં મૃત્યુની ચાહના કરી મથ્યા કરે છે, તથાપિ જાણે મારા મનને કાંઇપણ ચિંતા થતી નથી. મારો આત્મા, આજ અત્યંત શાંત, સદ્વર્તનના સંતોષમાં મગ્ન સુખી છે. અહો હું ઘેર જઇશ ત્યાં, મારા આવ્યાના ખબર જાણી આનંદનાં આંસુ લાવતી, દૂધની સર છોડતી, મારી માતા આંગણાંમાં આવી રાહ જોતી ઉભશે—એ ઉભીજ છે એમ દેખું છુંઃ દુઃખથી દુબળો થઇ ગયેલો, મારી

ઝંખના કરતો મારો મિત્ર મારા સહી સલામત આવવાના ખબર જાણે તેવોજ સામો ચાલી રસ્તામાંજ મને ભેટે—ઓ જાણે ભેટયો-જ એમ દેખું છું; મારામાં અત્યંત સ્નેહ હોવાથી મને દુઃખ હશે એવી શંકા કર્યા કરતી, મારાં ટેકી કામથી હર્ષ પામતી, કયારે એકાંત મળે અને કયારે ભેટું, એમ ઝુર્યા કરતી, ઘેલી તૂર થયેલી મારી પ્રિયા, માતા વગેરે વડીલો છતાં, અનેક પ્રકારના સંકેત કર્યા કરશે, કર્યા કરે છે એમ દેખું છું, જાણે!

મળેલાં મનનો વછવો.

૧૩

(શિખરણી છંદ)

(રાગ બહાર તાલ મિશ્ર જાતિ ધ્રુવપંચ માત્રા ૧૫ મધ્યકાલ.)

ઉગી દૈવેચ્છાથી, લલિત લતિકા, આંગણ વનેં;
સહેજે વીંટાણી, પ્રિય ઉછરતા; રોપ તુજનેં!
તને ધાવી ધાવી, ઉછરિ ઉછળી કૂલ ફળથી:
વિયોગે તારે,શું? નહિ વળગશે તે અવરથી?
મહોધાને તારી, ખચિતજ પ્રતિષ્ઠા પ્રિય! થશે;
ફલચ્છાયા શાખા રસ સુરભથી તું વિકસશે.
વિસારીને વલ્લી તુજ શરણ ભીની ગરીબડી,
વધ્યો તું વિખ્યાતી દશ દિશ વિશેષે તુજ ચડી.
લતા, રાજા, રામા, નિકટ વસતા, વૃક્ષ, નરનેં,
સદા વીંટાએ છે, અનુભવ છતો એ જગતનેં;

કર્યા યત્નો કોટી, તરૂવર મિલાવી વિવિધથી,
અભાગી આ ક્યાંયે, રમતિ નથિ, આરામતિ નથિ.
હતા આ સૂકાણી, રહિ તુજ રસે ગાંઠ અમૃતા,
કવચિદ્ ફૂટી હેરે, અફળ, ફરિ સંકોચતિ લતા;
મહીમધ્યે છાની, પરમ સુખદા પ્રાપ્ત જનની,
વિયોગે તારે તે, થઈ રહિ ખરે ખિન્ન મનની.

દૈવની ઇચ્છાથી, આપણું વતનરૂપી આંગણાંનાં વનમાં, ઓ મિત્ર! તારા પ્રત્યે મારી ભક્તિ—પ્રીતિ રૂપી સુંદર વેલ ઉગી: મેળે મેળે તે, ઓ વ્હાલા ઉછરતા રોપા! તારાપર વીંટળાઇ: તારો સ્નેહરસ પી પીને તે ઉછરી, ફુલ અને ફલથી ભરાવા લાગી હતી: તારા વિયોગે શું તે વેલ બીજા રોપાનો આશ્રય નહીં સ્વીકારે ?

ઓ પ્રિય ઉછરતા રોપ! તું આગણામાં ઉભેલો રોપ છો, એટલે ખચિત કોઇ મ્હોટા બગીચામાં—કોઇ રાજ ઉપવનમાં—અહીંથી લઇ જઇ તારી પ્રતિષ્ઠા કરવામાં આવશે; ત્યાં તું ફલથી, છાયાથી, ડાળોથી મીઠા રસથી, અને ખુશબોથી ખીલી રહીશ. અરે! ખરેખર તું તારા શરણમાં પ્રીતિથી ભીંજાએલી એવી મારી ભક્તિ રૂપી ગરીબ વેલને વિસારી દઇ, મ્હોટા ઉદ્યાનમાં તું આબાદ થયો—તારી વિખ્યાતી દશે દિશામાં વિશેષરીતે થઇ. (મુલવતનના બાલમિત્રમાંનો એક દેશાંતરમાં ઉદ્યમથી પંકાય છે, તેના વ્યવસાયમાં બુડી જાય છે; ત્યારે વતનમાં રહેલા મિત્રના આ ઉદ્દગાર છે.)

રાજા અને સ્ત્રી, પાસે હોય તે પુરૂષપર, અને વેલ, પાસે હોય તે ઝાડપર, વીંટાઇ જાય, એ જગતૂનો અનુભવ છે. આ વેલને ઘણા તરૂવર સાથે મેલવી કોટિ યત્નો કર્યા પણ આ અભાગણી કયાંય પણ રમતી નથી કે કયાંય પણ ઘડી આરામ લેતી નથી. બીજા ઘણા સાથે પરિચય કરી ગયા પણ કોઇ જગોએ મારૂં મન ઠર્યું નહીં.

આ હતભાગણી પ્રીતિ–ભક્તિ વેલ, જેમાં ફુલ ફલ લાગ્યાં હતાં, તે, કરમાઇ સુકાઇ ગઇ: જમીનમાં તેની ગાંઠ હતી તે તારા રસનું પાન કરેલું હોવાથી અમર થઇ ગઇ: તારી સાથેની મૈત્રીથી જે જ્ઞાન વિજ્ઞાન ચર્ચા થતી તે બધી હવે બંધ થઇ ગઇ, કેમ કે એવો કોઇ સોબતી નથી; પરંતુ તારા સમાગમથી જે માનસિક બીજશક્તિ ખીલી હતી તે અમર થઇ રહી છે: જો કે જમીન નીચેની ગાંઠમાંથી ઉપર પાંદડાં વગરે વિસ્તાર થાય, તેમ એ બીજ શક્તિનો જ્ઞાનવિજ્ઞાન રૂપે બહાર વિસ્તાર થતો નથી, તોપણ એ શક્તિ તો અમર થઇ રહેલી છે. વેલની ગાંઠ ચોમાસામાં જેમ પેહેલી ફુટે તેમ એ માનસિક અમૃતગાંઠ કોઇવાર ફુટીને બહાર હેરે છે; પરંતુ અફલ થાય છે–તેનું અવલંબન તેને મલતું નથી તેથી તે લતા પાછી સંકોચાઇ સૂકાઇ જાય છે. પૃથ્વીમાં છાની રહેલી એવી ગાંઠ, જેમ, શોધતાં જડે તેને સુખ આપે, તેમ, તારા સમાગમમાં બંધાએલી માનસિક બીજ શક્તિ, જેકોઇ તેના પરિચયમાં આવે છે તેને સુખ આપે છે પરંતુ તે પોતે તો તારા વિયોગથી ખિન્ન મનની થઇ રહી છે—તે પોતે આનંદ લેતી–ફાલતી નથી.

સુમૈત્રીનું સુખ.

૧૪

(નારાચ છંદ)

(શ્રી રાગ કર્ણાટકી, તિસ્રજાતિ, એક તાલ માત્રા ૩૫ મધ્યકાલ.)

સુમિત્ર ! સર્વ સિદ્ધિયો અધીન આજ આપણે–ટેક.
પ્રસન્ન માતમાતના કૃપા અમી પ્રતાપ છે,
પ્રસન્ન ભ્રાત બાંધવો પ્રસન્ન નાત જાત છે–સુમિત્ર૦

મહાન જ્ઞાન ધ્યાન તે અહા વિનોદ વાત છે,
સુવૃત્તિ નીતિ શાસ્ત્રના વિચાર દીન રાત છે—સુમિત્ર૦
ન કલેશ લેશ આવરે, અતુલ્ય આત્મ શાંતિ છે,
સુભક્તિ સ્થૈર્ય ધૈર્યની વિરાજમાન કાંતિ છે—સુમિત્ર૦
દિગંતમાં અનંતધા, સુમિત્રતા સુગંધદા;
અજાણ જાણ પામતા તમામ તૃપ્તિ સર્વદાઃ—સુમિત્ર૦

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી)

મિત્ર ડુભાતાં દિલ ડુભ્યો.

૧૫

(મણિબંધ છંદ.)

(શ્રી રંજની રાગ ચતુસ્ર જાતી પ્રતિધ્રુવતાલ.)

એકલજોધો, પ્રાણસખો,
જે ગુણ કેરી ખાણ લખ્યોઃ
બાંહ્ય થઈને બ્હાર ઉભો,
મિત્ર ડુભાતાં દીલ ડુભ્યો.

(ગુલકાંત નાટકમાંથીઃ ગુલકાંત કેદમાં છે ત્યારે તેનો મિત્ર ગુણાકર કેમ વર્ત્યો, તે ગોટાની બ્હેનપણી સુંદરી, ધનપુરની રાજમાતા મદાલસાને કહી બતાવે છે.)

ગુરૂકુળનિવાસ.

૧૬

(ઘનાક્ષરી છંદ)

(અસરકારક જોસ્સાભરી લાવણીમાં સુંદર રીતે ગવાય છે.)

કેવલ કુણા કુમાર, નિષ્પ્રપંચ નિર્વિકાર,
આવે અરણ્યમોઝાર, એ છે ઉત્તમ ઉત્તમ !
નિર્મળ અંદર બ્હાર, પવિત્ર ગુરૂનાં દ્વાર,
પામે છે રૂડા સંસ્કાર, એ છે ઉત્તમ ઉત્તમ !
જોઈ પ્રપંચી સંસાર શીખે શરૂથી અસાર,
એવું એને ન લગાર, એ છે ઉત્તમ ઉત્તમ !
તન મનમાં તૈયાર, નીતિ ભક્તિના શૃંગાર,
વરે વિદ્યા ચમત્કાર, એ છે ઉત્તમ ઉત્તમ !

આર્ય સંસારની પડતી.

૧૭

(હરિણી)

(કામોદ તાલ મિશ્રજાતિ ધ્રુવપંચ માત્રા ૨૫ મધ્યકાળ)

અભણ અબળા આવેશોથી, ભરી ભરજોબના,
વર મન વસી, ડુંગી છંદે, નિરંકુશ મોદના.*

---

* મોજમજા—આનંદ.

મન છલિ વહે, ઊંચું સીંચી, નહીં વર જાણતો,
રસ જઇ ઠરે, નીચે, કોહે, બુરી જડ ઘાલતો.
નરક ઘર તે, વંઠી ચાલે, કુટુંબ પરંપરા,
દશ દિશ હવા, ઝેરી જાણે, મચેલ મહામરા.*
જિવતર જતું, ભુંડે હાલે, અતી અળખામણું,
ઘર ઘર થયું આર્યાવર્તે, કુસંગક્રિયાતણું.
ભણતર ભણે, તેમાં ફાળો, સુનીતિતણો નહીં;
પતિ પિતુ તણી, વિદ્યા સ્વપ્ને, ન શીખવતા કહીં;
તન મન તણા, ધર્મો જાણે ન મુખ્ય અગત્યના;
અરરર ! થતો, આર્યો કેરો, સુદેશ ફના ફના.

(કર્તા કૃત ગુલકાંત નાટકમાંથી.)

આર્ય ગૃહરાજમાં કુસંગ.
(ત્રિભંગી છંદ.)

(બાળક ચંદ્રકાંત સુશીલ ઓરમાન બ્હેન ગોટાના અનુગ્રહથી સંસ્કારી થયો છે. પોતાની માતાની નોકરો પ્રત્યેની બેમરજાદ વર્તણુકથી તેને બહુ લાગી આવ્યું છે: તે કહે છે.)

થઇ બીન લગામી, કરો હરામી, સહાય પામી, મુજ માથી;
કહ્યું નથિ કરતા, મદમાં ફરતા, જરા ન ડરતા, પિતુનાથી;
હુંથી નાદાની, ઠઠ્ઠા 'બા'ની કરો તોફની, હામ ધરી,
મનભાવ્યાં ખાતા, ધન હરિ જાતા, દે મુજ માતા, ચોરિ કરી !

---

* મરકી.

બહુ વાર રિસાવ્યો, બાયેં મનાવ્યો, ફહીશ કાયો, કાકાને;
જે "નોકર એવા, હરામ જેવા, ઘટે છે રેવા, આ શાને?"
ઘરનેં નથિ જોતા, સઘળું ખોતા, પરનાં લ્હોતા, આંસુ જઈ,
બેનીનેં ન ગણે, દેખું નયણે, કયાં સુધિ લમણે, હાથ દઈ?

બગડી છે મુજ માત, હિણાનો કરી સંઘાત, નથી જાણતા કાં તાત?
હિંચક છે હારોહાર, રમે સાથે વારંવાર, ધક્કાધક્કીનો વેહેવાર;
ઓળે હરામીના વાળ, કહે કરે તે તત્કાળ, બેનની ન લે સંભાળ
સારૂં નરતું તે ગાય, સુણી માત હરખાય, શી ખરાબી હાયહાય!

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી)

આર્યોની પડતી.

૧૯

(ભુજંગીનાં ચરણો—ગજલને રાગે)

સુનીતિ વિના હા ફના!
આર્યબંધુ! સુનીતિવિના હા ફના!
વિના ધર્મના હા ફના!
આર્યબંધુ! વિના ધર્મના, હા ફના!
અનાચારનો દોર છે જોરમાં રે,
વિદારે કિયો વીર તે! આર્યબંધુ,
સુનીતિ વિના૦

નિશાળે જતાં બાળકો બાપ થાતાં
ન પાક્યું હજી હીર તે, આર્યબંધુ,
સુનીતિ વિના૦
ન જાણે થશે, બાલનેં લાભ શાથી,
રહી માત હા ! બાળકી, આર્યબંધુ,
સુનીતિ વિના૦
બિચારી બુરાં બાળમાં બીજ રોપે,
કુસંગે કુટેવે નકી, આર્યબંધુ,
સુનીતિ વિના૦
શરીરે હિણા, તાણિને હા નિશાળે,
ભણે; ના ગણે, પોપટા, આર્યબંધુ,
સુનીતિ વિના૦
જુવાનો ગુરૂ, ભાડુતી, હા ! બિગાડે
કુણી ડાળિયો, ઊલટા, આર્યબંધુ,
સુનીતિ વિના૦
નિશાળે, ગૃહે, વીતતી એમ વીશી,
બધીએ હિણી સંગતી, આર્ય બંધુ,
સુનીતિ વિના૦
વિચારો છુટા વાંચતા, હા ! સ્વછંદે,
ન દીઠું બિજું, શી સ્થિતી ! આર્ય બંધુ,
સુનીતિ વિના૦

અસંભાળ આ! નીતિ? શી? ધર્મ ક્યાંથી?
ઘટે ના, થવી,સદ્ગતી; આર્ય બંધુ,
સુનીતિવિના૦

કળા ઉદ્યમો, કોટિધા, છો પસારો!
ન શાતા કરે તે રતી, આર્ય બંધુ,
સુનીતિવિના૦

ઘટે સંગતી શ્રેષ્ઠ જ્યાં તે અવસ્થા!
વ્યવસ્થા વિના રે જતી! આર્ય બંધુ,
સુનીતિવિના૦

ન સંસારને ઓળખે, ખેલ લેખે!
મુંઝાતી પછી હા મતિ! આર્ય બંધુ,
સુનીતિવિના૦

ગૃહે, બંધુમાં, લોકમાં, રાજદ્વારે
ખરાબી દિસે તે ખુંચે; આર્ય બંધુ,
સુનીતિવિના૦

દુખે પેટમાં, કૂટતા શીદ માથું!
ઉઘાડો હવે આંખને; આર્ય બંધુ,
સુનીતિવિના૦

કુસંગે રહો તે છતાં શ્રેય માગો,
નહીં રે નહીં એ બને ! આર્ય બંધુ,
સુનીતિવિના૦

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી.)

વનવાસ.

૨૦

(કેદારાશ્રમમાં વિદ્યારામ નામે ઋષિકુમાર ચંદ્રકાંતને વનની મજા કહી બતાવે છે. ગુલકાંતનાટક.)

ચોપાયા છંદનો ઢાળ.

હરણાં જોડે હડી કાઢવી, ફળ ફુલ ભેળાં કરવાં,
કંદમૂળ શોધી સંઘરવાં, શંકરને ધરવાં.
વ્હેલા ઉઠી પ્રાતઃકાળે જંગલ મંગળ કરવાં,
પંખીના કલરવ બહુ મીઠા શુણતાં વનમાં ફરવાં.
આશ્રમનાં પાળ્યાં હરણાંને, રમાડવાં ને જમાડવાં;
વનનાં પોપટનાં બચ્ચાંને, ચણ ચણ રોજ ચણાવવાં.
વાઘ સિંહ પશુ બીજાં રાની, આવીને સંતાપે,
તે સાથે બથ ભીડી લડવાં, પકડી પછાડવાં.
વસ્ત્ર આપણાં હાથે કરિને, ચોળી મસળી ધોવાં,
રામગંગાના પવિત્ર જળમાં, કુદવાં ને, તરવાં.

સુંદર આશ્રમ, સુંદર ફળ ફુલ, સુંદર કરવી વાડી;
નહીં ધુમાડો, નહીંજ કજિયા, ભજન કરો દાડી.
ટનનન ટનનન ઝણણણ ઝણણણ આરતિ કેદારાની,
હોય તેટલે બળે વગાડી ધૂપ દીપ ધરવાં.
ભણતર તો અહીં રમત ગમતમાં ભક્તિનીતિનાં ભણવાં,
રૂષિ, પશુ, પંખી, તરૂ, પરમારથ કરે તે અનુસરવાં.
કાકા, મામા, ફૂઇ માસી ને, લાડ ભોળિ જનનીનાં,
અસાર શિખવે કેવળ તે અહીં, સ્વપ્ને ન સમજવાં.

આંબો.

૨૧

(રાગ સુખાવરી તાલ ખંડજાતિ એકતાલ માત્રા ૫ વિલંબકાલ.)

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

છાયા શીતળ, વાયુ મંદ, સુરભી, મીઠાં ફળો આપતો,
નીચે આશ્રમવાસિ સંત જનને, શાંતિદઇ સ્થાપતો;
માથે પંખિ વિરામતાં, શ્રમ હરે, ટોકા કરી, પાંથના,
શાતો નમ્ર ફલાગમે, રૂષિ સમા, આચાર આ આમ્રના.

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી)

વર્ષા રૂતુ.

૨૨

(ગુલકાંતનાટકમાંથી.)

ગુલકાંત કેદમાં પુર્યો ગાય છે.

(નવમાલિની, વરસાદ જેવા ગંભીર સુંદર રાગે ગવાશે.)

નભ, નવ મેઘલું, ઘન, છવાયું !
ઝબકત વીજલી, જગ ગજાયું ;
ઝરમર મોતિયો, શિતળસંગી ;
તરૂપર પલ્લવો ! નુતનરંગી.
ચરણુ તજી, સજી ચરણ ચારે,
પુર પડિ ધેનુઓ, બિનબિચારે !
નવવિજળી વધૂ, સખિ પુકારે,
દુકુલ ભિંજે ધ્રુજે જઇ ઉઘાડે.

નવા ચડી આવેલ વાદળાંના સમૂહથી આકાશ ઘમઘોર છવાઇ ગયું છે. વિજળી ઝબકી રહીછે; જગત આખું ગાજી રહ્યું છે. સ્પર્શને શીતળ જણાતો મોતિયો વરસાદ ઝરમર ઝરમર ઠરેલપણાંથી વરસે છે. ઝાડો ઉપર પ્રથમ રાતાં, બદલાઇ પછી ઘેરાં, ને પછી લીલાં થતાં કુંપળો આવી રહ્યાં છે.

જંગલમાં ચરતી ગાયો ચરણુ (ચરવાનું) મુકી દઇ, પોતાના ચારે ચરણુ (પગ) સજીને (દોડતી) રસ્તામાં પુર આવેલાં નદી નાળાંમાં વગરવિચારે ઝંપલાવી ઘેર નાસવા લાગી ! કન્યાદાનમાં પોતાની સાથે સાસરે લાવેલી હોવાથી પોતાની સખિ ગણાતી ગાય, બહારથી બરાડે તે સાંભળીને—પોતાની સખિના પોકારથી, નવી વીજ-

ળીના જેવી વહુઆરૂ, બાર ઉઘાડવા જાય છે. જતાં તેનાં દુકુળ, પેહેરેલાં ઝીણાં વસ્ત્રો, ભીંજાય છે ને ભીંજવાથી તે ધ્રુજે છે.

ગુલકાંત કેદખાનામાં વર્ષાદનો દેખાવ જોઈ, એ કવિતા ગાઇ પછી બોલે છે:

દુનિયાદારીના આરંભમાં, મારાં જીવનનો આ આશ્રમ નવો સવો આફતથી ધમઘોર ઘેરાયો: આકાશ નવા મેઘથી ઘેરાય છે તેમ: તેમાં વેરઝેર, સદ્વર્તન, ટેક, નીતિ, ન્યાય, વગેરે વિજળી પેઠે ચમકી રહ્યાં છે: જગત્, ગર્જનાથી ગાજે તેમ, આ મામલાથી ગાજ્યું છે: શુદ્ધનિષ્ઠા અને પવિત્ર ઉત્તમ હૃદયને ઠંડક થાય એવો શીતળસંગી, સત્યનો વરસાદ, એ આફતનાં ધમઘોર વાદળમાંથી, ઝરમર ઝરમર બરસ્યા કરે છે: ઝાડવાં ઉપર નુતનરંગી કુંપળો લાગે તેમ, કોઇ લોક કેમ, કોઇ કેમ, એમ તરેહ તરેહની, નુતન નુતન રંગની, પલ્લવ જેવી કાચી કુણી, ઉમેદો બાંધવા લાગ્યા હશે—અનેક સંકલ્પ વિકલ્પ કરતા હશે.

વાછરૂ સારૂ ટળવળતી ગાય, બારણે આવી બરાડતી ઉભે તેમ મારી માતા, સુમનપુરથી, ટળવળતી, જયરાયને (ગોટાના બાપને) આંગણે, મારી પ્રિયાનાં હૃદયને આંગણે, આવી ઉભી હશે—ઉભશે: પેહેલા મેઘની કાચી નવીસવી વિજળીના જેવી, પેહેલ વેહેલાં આવેલાં દુનિયાદારીનાં સંકટોમાં કાચી, પ્રિયા, હૃદયદુઃખનાં સમાનપણાથી તેના સખિરૂપ, મારી માતાને જયરાયનાં દ્વાર, તેનાં પોતાનાં હૃદયદ્વાર, ઉઘાડશે; તેમ કરવા જતાં, સ્થૂળ શરીરપર પેહેરેલાં ઝીણાં વસ્ત્ર બહારના મેઘથી ભીંજાય, તેમ, નાજુક અંતઃકરણપર ધારણ કરેલાં કોમળતાનાં પડો પ્રેમમર્મનાં પડો, અંતરના, મેઘથી, ભીંજાશે; તેથી તથા પોતે દુઃખનું નિમિત્ત છે એ વિચારથી તેનું હૃદય ધ્રુજશે.

વર્ષા ૠતુ.

૨૩

(ગુલકાંતનાટકમાંથી)

(મધ્યક્ષામા છંદ. વરસતા મેઘ જેવા ગંભીર રાગે.)

(રાગ–રીતગોળ તાલ ચતુશ્રજાતી પ્રતિભાનુમતિ, માત્રા ૧૧ વિલંબકાળ.)

લીંપી ગારા, ભુવન ભુવનમાં અંગારા,
વીંધ્યાં સૌને, દિશ દિશ વરસી, લૂ ધારા!
આંખો ફોડી, રજ રજ સઘળે, તોફાની,
પાપી પેલો, પવન પડિ ગયો, મસ્તાની,
કાળાં કાળાં ઘનદળ નભને ઘેરે છે;
ધોળાં ધોળાં જળ થળ થળમાં વેરે છે;
રાતાં નીલાં તરૂપર કુંપળાં પ્રેરે છે,
જ્વાલાગૌરી, ચમકતિ વિજળી, હેરે છે.
સૂનાં ભૂ–નાં, લલિત જઘન છે, દે યાદે,
ન્હાઈ ફોળો, દળ જખમ તથા, વરસાદે:
નાચે મોરો, મૃગશિશુ સતૃણાં ઓહ! વૃંદે,
પાપી પ્રાણી ભય પ્રલય થતાં, સ્વચ્છંદે.

(ગુલકાંત કેદમાં છે, ત્યારે બહાર શું બન્યું તે જણાવવા, આ અન્યોક્તિ રચી ગોટા એક માલણને સારંગી બજાવનારીને વેશે કેદખાનાના દરોગા પાસે મોકલે છે. વર્ષા-રૂતુ હતી એટલે તેનું ગીત ગાવાનું અનુકૂળ હતું.)

ઉનાળામાં ઘેરે ઘેર અંગારાની ગાર ઉના પવને લીંપી હતી; લુનાં તીરનો વરસાદ બધે વરસાવી સૌને વીંધી નાંખ્યાં હતાં; ધૂલ ઉડાડી આંખો ફોડી, બધે તોફાની ધૂલ ધૂલ કરી મેલ્યું હતું. એ બધું તોફાન કરનારો પેલો, પાપી પવન પડયો. હવે આકાશ **કાળાં કાળાં** વાદળથી ઘેરાયું; તેમાંથી **ધોળાં ધોળાં** વરસાદનાં જળ થળ થળમાં વેરાવા લાગ્યાં; **રાતાં** ને **નીલાં** ઝાડ ઉપર કુંપલાં લાગ્યાં, અને અગ્નિ જેવી **ગૌર** વિજળી ચમકીને હેરવા લાગી. કાળા, ધોળા, રાતા, નીલા, ને ગૌર રંગની એમ ભાત પુરાણી. વરસાદથી કેળો અને તેનાં જખમી દલ, ફાટેલાં પાંદડાં, ન્હાઈ સાફ થયાં; તાજી થયેલી કેળોથી એમ યાદ આવે છે કે, કેળરૂપી પૃથ્વીનાં સાથળ શૂન્ય થઈ રહ્યાં હતાં તે ખીલી સુંદર થયાં. મોર અને હરણનાં બચ્ચાં ખડ ખાતાં ખાતાં મોજ પડે તેમ ટોળે મળી જાય છે. સર્પ, વીંછી, વગેરે પાપી પ્રાણીયો સંતાઇ બેઠાં, એટલે મોર જેવાં ગરીબ પ્રાણીયો રમવા લાગ્યાં.

ગુલકાંતની સ્થિતિમાં ગુલકાંત તેનો અર્થ આમ સમજ્યો. પાપી મસ્તાની, યોગ્ય રીતે વજીરને કહી શકાય. અંગારાની ગારપેઠે ઘેર ઘેર તેણે સંતાપ પ્રગટાવ્યો છે. જુલમથી સૌને ભેદી નાંખ્યાં છે. સૌની આંખમાં આજસૂધી ધુળ નાંખી, સઘળું તેણે ધુળ કરી દીધું છે. શું એ પાપી પડયો? આકાશને કાળાં વાદળાંનાં દળ ઘેરે છે, તેમ એના ઉપર પાપનાં દળ ચડી આવ્યાં શું? મારા મિત્રે પોલીટીકલ એજંટ અને વર્તમાનપત્રો પાસે હકીકત મુકી હશે. એના ઉપર ખુલ્લા આરોપો મુકયા હશે. વાદળાં થળે થળે ધોળાં જલબિંદુઓ ખેરે છે તેમ જગતની નિશ્ચયાત્મક જ્ઞાનભૂમિકાનાં થળે થળે, મૂકેલા આરોપોમાંથી છુટી છુટી બીનાઓની ચર્ચા થઈ ઉજળા સત્ય-બિંદુઓ ટપકવા લાગ્યા શું? ઉષ્ણુ-લૂ-પવનથી સૂકાં, ઝાડ ઉપર રાતાંનીલાં કુંપળાં લાગવા માંડે તેમ એ પાપીથી પીડાએલી પ્રજાને એ ટપકતાં સત્યથી સંતોષ થવા, તથા પ્રજા અને મારાં સગાવ્હાલાં સર્વેને નવી નવી ઉમેદો બંધાવા

લાગી શું ? અગ્નિજેવા ગૌર વર્ણની વિજળી ઘડીકમાં દેખાઇ જતી રહે તેમ, અવાર નવાર, અહીં તહીં, પ્રતાપવાન્ ન્યાયવિદ્યુતના ચમત્કારા વર્ત્તમાનપત્રામાં અને સાહેબ ચાકસી કરતા હોય તો તેમાં, થવા લાગ્યા શું ! કેળ રૂપી પૃથ્વીની સુની હતી તે જાંઘા, વરસાદથી, અથવા વરસાદને પૃથ્વીના વર–પતિ માનતાં તે વરના પ્રિયપતિના સાદથી, અથવા વર એટલે મ્હોટા–સાદ, ગર્જનના નાદથી, મ્હાઇ–મુદિત થઇ, તેનાં દળમાં પડેલાં ક્ષત એટલે કે પવનથી ચીરેચીરા થઇ ગયલાં પાતરાંઓ સહિત સુંદર દેખાવવાળી થઇ, તેમ ધનપુરની રાજલક્ષ્મી તેના જખમ સહિત સત્યવૃષ્ટિ થતાં વર એટલે મહાન્ સાદ–નાદ સત્યનાદ થતાં, કરાર પામી તાજી થવા લાગી શું ? અથવા મારી પ્રિયાનાં હૃદયદળના જખમ, ધોવાઈ કેળસારખી મારી સુકુમાર પ્રિયા શુષ્ક કૃશ થઈ ગયેલી, વર એટલે અભિષ્ટ, સાદ, સત્યના જયનાદથી, આનંદથી પ્રફુલ્લ થઇ લાગી શું ? વજીર વગરે પાપીયોનો નાશ થતાં, ગરીબ રૈયત વર્ગ, તેમજ મારાં બંધુજનને ભેગાં થઇ નિરંકુશ મ્હાલવાનો વખત પણ આવી લાગ્યો શું ?

વર્ષા રૂતુ.

૨૪

(ગુલકાંતનાટકમાંથી.)

અસંબાધા છંદ. (મલારમાં પણ ગવાશે.)

(રાગ આરભી તાલ ચતુશ્ર જાતી ભાનુમતી માત્રા ૧૧ વિલંબકાળ.)

આકાશી ઘેરા, ટપક ટપક ગુંથે છે !
ભેદી વાતોથી, ખલક પલક ચુંથે છે !

મોતીડે વૂઠયા, દલદલપર, સં—સારે
ચોમાસે આવ્યા, પ્રભુ જલધર, સંસારે.

(સઘળી આફત દુર થઇ, ગુલકાંત અને ગોટાનાં લગ્ન થાય છે,તે પછી ગોટા પોતાની સંસારસ્થિતિ અને ચોમાસાંને સરખાવતી ગુલકાંત પ્રત્યે કહે છે.) જળધર એટલે વરસાદ આકાશમાં વાદળાંના, ટપક ટપક થઈ રહેલા ઘેરા, ગુંથી દે છે: સંસારમાં આપણા ઉપર થયું તેમ, આકાશી ઘેરા, અકસ્માત આવતાં સંકટો આવી, પડું પડું કરી, ઝુમી રહે છે; ચોમાસામાં ભેદીવાત-વાવડાનાં તોફાન થાય તે પલકમાં જાણે ખલક આખાને વીંખી ચુંથી નાંખે છે; સંસારમાં આપણા ઉપર વીતી તેમ ભેદભરેલી વાતો-બાબતોથી પલકમાં ખલક-આપણો સંસાર બધો વીંખાઇ ચુંથાઇ જાય છે, જાણે; ચોમાસાંમાં ઝીણાંઝીણાં સુખનાં મોતીનાં ટીપાં વરસતાં હોય તેમ શાંત સુખકારક વરસાદ ટપકયા કરેછે—વરસેછે, અને ઝાડ, વેલી, ફુલ, વગેરે નવાં કુંપળથી ખીલી રહ્યાં હોય, તેનાં દલદલ ઉપર પાણીનાં મોતી-સંસારે, સરખાં કરીને સારે-જાણે મંડળ ભરે છે; સંસારમાં આપણે થયું તેમ આપણી તથા આપણાં હેતુઓની ઉમેદો ઉગી સરી, તેનાં દલ દલ ઉપર જાણે આજ પ્રભુ ત્રૂઠયા, અને મોતીથી દલ દલને વધાવ્યાં: ત્રૂઠે છે ને વધાવે છે; એવા જલધર પ્રભુ, વરસાદના અધિદેવ જાણે ચોમાસામાં સંસારમાં આવ્યા; સંસારનો વિચાર લેતાં, પરમેશ્વર જાણે જલધર વરસાદનું રૂપ લઈ ચોમાસામાં સંસારની સંભાળ લઇ જાય છે. બપૈયો ઝંખતો હોય તેને ચોમાસામાં, વરસાદ, બપૈયાના જળધર પ્રભુ, મળે, તેમ હું તમને ઝંખતી હતી; મારા જળધર પ્રભુ તમે પણ મને ચોમાસામાં હવેતો મળ્યાજ! મારે પણ હવે ચોમાસુ થયું! ચોમાસામાં ભગવાન શેષશય્યામાં જળમાં સુઇ રહે છે, તે જળશાયી જળધર પ્રભુ, જાણે જળશય્યા તજી આજ સેવક જનની વારે સંસારમાં આવ્યા, ને સંતાપથી તપાઇ ઠુંઠ જેવા થઇ ગયેલ સેવકજન ઉપર તેના

દળદળ–તેની પ્રત્યેક ઉમેદ–પર, મોતીડે વુઠયા; ઉનાળો તાપનો કાઢી તમે મારા જળધર પ્રભુ, ચોમાસામાં, મારાં લગ્ન તમારી સાથે થવાથી, સંસારમાં–સંસારની રીતમાં આવ્યા, તમારે પણ ચોમાસું થયું, તમેપણ હવે આ તમારી સેવકજન-દાસી ઉપર–તાપથી તપાઇ કૃશ–હુંઠ થઈ ગયેલીનાં દળદળપર, તેની પ્રત્યેક ઉમેદપર, મોતીડે વુઠયા છો.

કલમ કળા.

૨૫

(ગુલકાંતનાટકમાંથી)

(લખવાનો હુન્નર)

ભદ્રિકા છંદ.

(રાગ કૌસી કાનડા (શ્રીરંજની) તાલ ચતુશ્રજાતી, આડા ચોતાલ માત્રા ૧૪ મધ્યકાળ.)

જય કલમકળા કરામતી !
સહિયર શરણે સરસ્વતી ;
સમય અવતરી જતીમરી,
અજર અમર તેં કરી ખરી.
જય કલમ૦

તુજ અનુગ્રહથી દિને દિને,
તરૂણ તરૂણ ભારતી બને;
અખિલ જગત છત્રપત્યને,
વિલસતિ ચકવે ભજી તને;
જય કલમ૦

પ્રિયતમ પરદેશમાં વસ્યા,
વિરહવશ ઝુરે, ઘરે પ્રિયાઃ
થતિ સખિ! દિલજાન દૂતિ તું
ઉર ઉર મળિ ગાઢ ભેટતું.
જય કલમ૦

નિજ જનગણ દૂર અંતરે,
સમય સમય સ્હાયતા કરે;
દિશ દિશ, ગત વર્તમાનના,
સુલભ સુલભ સંગ સંતના.
જય કલમ૦

ઝબકિ સબકિ ભૂમિ—વિદ્યુતી, ઝળહળ રસતી જગે દ્યુતી;
અસિ, કદલિ-અસત્ય, છેદતી, સુખ સુખ વરસે સલામતી—જય૦
રૂધિર અગર આંસુઓ વહી, જમિન નયન રક્તતા નહીં;
પ્રિય વિરહ વિનાશ શોચના, વિજય વધુ વરે તું તે વિના—જય૦

લખવાનો હુન્નર, કરામતી છે. એ કળા લેખનકળા—કલમકળાની બ્હેનપણી સરસ્વતી વિદ્યાદેવી તેનેજ શરણે રહેલી છે, કેમકે કલમકળા નહીં હોય ત્યારે સરસ્વતી—વિદ્યા જન્મ પામી વારંવાર મરી જતી હશે; લખાય નહીં તેથી નાશ થઇ જાય; એ સરસ્વતી સખિને શરણ આપી તેં અજર—બુઢાપો ન આવે એવી, અને અમર, કરેલી છે. ઓ કલમકળા! એ તારો વિજય છે.

તારી મેહેરબાની ઉપર પ્રમાણે સરસ્વતી ઉપર થઇ ત્યારથી દિન દિન તે તરૂણ તરૂણ જુવાન જુવાન થતી જાય છે. દિવસો દિવસ લખવાના હુન્નરથી વિદ્યાવૃદ્ધિ થાય છે, ખીલે છે. તારા આશ્રયથી, આખાં જગતનું છત્રપતિપણું ચક્રવે રાજ, સરસ્વતી ભોગવે છે. આ સદી વિદ્યાનાં ચક્રવે રાજની છે. ઓ કરામતી કલમકળા! તારો જયછે!

પરસ્પર ગાઢ પ્રેમવાળાં પતિપત્ની, પતિ દેશાંતરમાં અને પ્રિયા ઘેર, એમ, વિખુટાં હોવાથી, વિરહવશ હોઈ ઝુર્યા કરે; ઓ સખી! તું દિલજાન દૂતિ તે વખતે થાય છે; એ ઝુરતું ઉર ઉર તારા પ્રયોગથી, અન્યોન્ય ગાઢ ભેટે છે: એક બીજાના ઉભરા એક બીજા પાસે તારી મદદથી જાય છે, ને તેથી ભાર હલકો થાય છે. ઓ કરામતી કળા! તારો જય છે.

બંધુજન દૂર રહેતા હોય તે વખતોવખત, તારી મદદથી, પરસ્પર સહાય કરે છે. તારી મદદથી, દિશાદિશાના, ભૂત અને વર્તમાનના, સંત

મહાપુરૂષોના સત્સંગ સુલભ થયા છે! લખાણો દ્વારા તેમના વિચાર સદુપદેશનો લાભ મળે છે.

આકાશમાં વિજળી છે તેમ તું પૃથ્વીની વિજળી રૂપે, વારંવાર, ઝળળ સળક, જગત ઉપર, અજવાળાંનો ઢોળ—ગીલ્ટ—રસિ—ચડાવી દે છે. પુસ્તકો અને વર્તમાનપત્રોદ્વારા તું દુનિયાપર જ્ઞાન અજવાળાંનો ગીલ્ટ ચડાવી દે છે. વળી તરવાર કેળને જેવી સુગમતાથી કાપે તેમ તું સત્યની તરવાર થઇ અસત્ય કેળને ભચ્ચ છેદી નાંખે છે. વળી જગતમાં તું સલામતી વરસાવી સુખ સુખ ફેલાવે છે. ઓ કલમકળા! તારો જય!

તરવારના યુદ્ધમાં, કપાએલાનાં લોહીથી જમીન રાતી થાય છે; તેનાં બંધુજનનાં નેત્ર બહુ રડીને રાતાં થાય છે: એ યુદ્ધમાં જનાર જાય ત્યારે તે જેને પ્રિય હોય તે વિરહનું દુઃખ અનુભવે છે; તે રણમાં પડે તો તેના નાશનું દુઃખ તે અનુભવે છે, અને પરિણામ ન આવ્યું હોય ત્યાં સુધી તેને માટે ચિંતા-શોચના અનુભવે છે. તારાં યુદ્ધમાં જમીન અગર નેત્રોમાં, લોહી અગર આંસુ વહેવાથી, રક્તતા થતી નથી; પ્રિય જનના વિરહ, વિનાશ કે શોચના, એ સઘળાં વિના, તું તરવારનાં યુદ્ધકરતાં વળી વધારે જય મેળવે છે. ઓ કરામતી કલમકળા! તારોજય!

ઇનસાફના ઇતિહાસનો મધ્યકાળ.

૨૬

(ઘણાં રજવાડામાં ઇનસાફનો હાલ એ કાળછે.)

ઉપજાતિ છંદ.

(રાગ—સિંધુરા, તાલ સંકીર્ણ જાતિ, હંસનાદ માત્રા ૧૭ મધ્યકાળ.)

જુત્યા, વકીલો, બળદો, અનાડી,
ખેંચી જતા ખોખરિ ન્યાય ગાડી!

રસ્તા અજાડા, પછડાય પૈડું,
ધોક ચલાવે અધિકારિ ખેડૂ.
જુઓ જુઓ ન્યાયતણો તમાસો,
ન્યાયાધિકારી, ન મજૂર, ખાસો;
પ્રયાગમાં તીરથવાસિયોની,
મુંડી લણે પંગત નાપિયોની.
વિલંબ વર્ષોલગિ કાં કરે છે:
કાં તો ઘણાં આંધળિયાં કરે છે:
ઝુલે સ્વૅચ્છંદે ઈનસાફ મ્હોળો
સોનાતણી સાંકળનો હિંદોળો.
ભલો બુરો આગળથી પ્રમાણી,
આણે નિવેડો મન વ્હેમ આણી.
જાણે બકાલી ઠગ એજ તોલે,
તુલા ઝુલાવી, વધુ ઓછું તોળે!

(ગુલકાંતનાટકમાંથી.)

ન્યાયની ખોખરી ગાડીને જુતેલા અનાડી વકીલ બળદો ખેંચી જાય છે: રસ્તા અજાડા હોવાથી ગાડીનું પૈડું પછડાય છે; હાંકનાર અધિકારી–ખેડુ, ધોકે ચલાવે છે!

ન્યાયનો આ તમાસો જોવા લાયક છે: ન્યાયાધિકારી એક સારા મજુરસરખો પણ નથી: પ્રયાગમાં (અલ્હાબાદમાં) તીર્થકાંઠે, જાત્રાળુઓનાં મુંડણ કરવા બેઠેલી વાળંદની પંક્તિ જાડધારાં હથીયારથી વાળ જેમ લણી નાંખે, તેમ જાડધારા વહીવટથી આ અધિકારીયો પણ મુકરદમાની મુંડી લણી નાંખે છે!

કાં તો ઘણાં વર્ષસૂધી વિલંબ કરે, ને કાં તો આંધળીયાં કરી હોમાવી દે: સોનાની સાંકળના પ્હોળા હિંડોળાપર ગમે તેમ લોટવું હોય, તેને ગમે તેમ ઝુલાવવો હોય, ઓછો, વધુ, ઉભો રાખવો હોય, તે રીતે, આ અધિકારીયો સ્વચ્છંદે, ન્યાયાધિકારનો જાણે વૈભવ ભોગવે છે!

આ શખસ ભલો છે, આ બુરો છે, એવો આગળથી મત બાંધી, મુકરદમાનો નિવેડો આણે: શાકભાજી વેચનાર બકાલી, એના એજ તોલાં અને ત્રાજવાં છતાં, ખરીદદાર કાચો પાકો હોય તે પ્રમાણે, તુલાને હાથના ઠેલાથી ઉંચી નીચી ઝુલાવી, ઓછું વધું તોળી આપે, તેમ આ અધિકારીયો પણ એજ હકીકતો છતાં એજ કાયદા છતાં પક્ષકાર-પરત્વે ન્યાયનું ત્રાજવું ઉંચુ નીચું ઝુલાવી વધુ ઓછું તોળી આપે છે. વધુ ઘટુ લાભ આપે છે.

પોતાનું રક્ષણ કરવા અશક્ત આર્યો.

૨૭

(ગુલકાંતનાટકમાંથી.)

(સવૈયા–ઠુમરી ધ્રુપદ વગેરેમાં ગવાય છે.)

(ગુલકાંતને બળાત્કારે કેદ કરવામાં આવેછે ત્યારે તેનો મિત્ર ગુણાકર કહેછે.)

કર્યા કાયદા હક આપ્યા છે, બચાવની કરવા સરખાઇ,
કેદ કરે ખોટી રીતે તો, તેને હણતાં સૂધી ભાઈ!
નીચ તરકડા, જાય હાથ કરિ, જોઇ રહેવું મન મુઝાય;
હાય હાય હથિયાર હાથથી, હિંદવાનનાં ગયાં હરાઇ!
પરદેશીની અસરો હેઠે, વૈભવવાંછા વધુ વધુ થાય;
કેવળ મન કેળવવા માંડયું, શરીરને સહુ વિસરી જાય.

તનનાં કામો તુચ્છ ગણાયાં, પરાવલંબન ગયું જડાઈ,
ઇજતઆબરૂ, જાનમાલ જરિ, જરૂર પડે, ન શકે જળવાઈ!
હાય હાય હથિયાર હાથથી૦

આજના તરૂણોની બહાદુરી.

૨૮

(ગુલકાંતનાટકમાંથી)

સમાનિકા છંદ

(રાગ દીવ્ય હીંડોળ, તાલ મિશ્રજાતી, એક તાલ મધ્યકાળ.)

કોર્ટ, વર્તમાન પત્ર,
ને સમાજ અત્ર તત્ર:
એ રણાંગણસ્થ વીર,
શબ્દદાવપેચ ધીર!

કોર્ટ કચેરી, વર્તમાનપત્ર ને સભાઓ એ રણના આંગણામાં હાલના જુવાનોનું વીરત્વ છે: તે શબ્દના દાવપેચમા શબ્દના વ્યહમાં કુશળ છે: યુદ્ધવ્યૂહ, શરીરસંરક્ષણવ્યૂહ જાણતા નથી.

હજુરીયાના રમકડા રૂપ રાજા.

(ગુલકાંતનાટકમાંથી)

૨૯

પ્રભાવતી છંદ.

(રાગ પ્રભાતી, ચતુશ્રજાતી ગજલીલા માત્રા ૧૮ મ'ય ૧..)

પ્રજાળતો કર, ઘૃત ખાઇ, તાપ આ!
ઉછેર માં, નૃપ! પય પાઇ, સાપ આ!

નિહાળને કુટિલકળા પદે પદે,
નિરંકુશી તુજ બળથી મદે, મદે.
કુસંગમાં નરપતિ શ્રેય રે! નથી;
કુપાત્રમાં વશ મન, જાય રે નથી;
દુભાઇને ફડફડતી બધી પ્રજા,
ધસીશ આ તરૂ! મુળથી થતાં કજા!

(ધનપુરના રાજા ચંદ્રશેખરને ગુલકાંત, તેની ભરી કચેરીમાં એ પ્રમાણે વિનવે છે. આ નિડરતા માટે પાછળથી તેને ઘણું ભોગવવું પડે છે. રાજાના વજીર અને સેક્રેટરી સમક્ષ તેમને માટે આમ બોલ્યો, તેથી તેને તેઓ સ્વ–અખત્યારથી પાછળથી કેદ કરે છે.)

હજુરીયાના સ્વચ્છંદ સામે નિડરતા.

૩૦

(ગુલકાંતને ગોટા પુછે છે કે, હજુરીયાથી તમે ડર્યા કેમ નહીં ? ત્યારે તે કહે છે.)

મંદાક્રાંતા છંદ.

(વેગવાહિની રાગ: તાલ મિશ્રજાતી રૂપક માત્રા ૯ મધ્યકાળ.)

દીઠાપાપી, નૃપ હજુરિયા, સાપ જાણે નવાણે;*
તાણે મ્હોટી, કુફવતિ ફણા, ઋહી જશે સર્વ જાણે!

---

* નવાણુ પરોપકાર માટે હોય છે, તેમાં સાપ વિઘ્નરૂપ થાય છે: પાણીના સાપ ઝેર વગરના હોય છે: રાજા લોક કલ્યાણ માટે છે, પરંતુ દુર્જન–સાપ આડા આવે છે: એ દુર્જનો કુટિલ હોય છે, પરંતુ પાણીના સાપમાં ઝેર નથી એમજ, કુટિલમાં, પાપીમાં કૌવત હોતું નથી, એ વિચાર લાવી કામ લેવું જોઇએ. તેનો અંત લોકોએ આણવો જોઇયે.

†વ્યાપી અંગે, નિજ કુટિલતા, તે કરે ઝેર—ભ્રાંત,
જાણી સાહી, તરતજ ફણા, ગારૂડી ગુલકાંત.
‡કૌટિલ્યેથી નરપતિતણાં ચિત્તનું પાત્ર છેદી,
સ્વચ્છંદેથી નૃપસુમતિનું, સ્રાવતા રક્ત ભેદી;
જાણી લીધા, પ્રથમ નજરેં, દુષ્ટ એ, કંટકોનેં,
જોડે મારી, ઝટક ઝટકયા, લાગ જોઇ ખળોનેં.

નિડર સદ્વર્તન પ્રત્યે સગાં અને દુનિયાની વર્તણુક.

૩૧

મોતિદામ છંદ.

(ઘણા મીઠા ગંભીર રાગોમાં ગવાય છે.)

(ગુલકાંત કેદમાં પડયો પડયો પોતાની નિડરતા માટે પોતાની માતા અને દુનિયા શું ધારતી હશે, તેનું ચિંતવન કરેછે.)

વસે ઘરમાં સમજે ઘરકામ,
પ્રસંગ બિજાથિ અજાણ તમામ;

---

† ખળ—સાપમાં પાણીના સાપપેઠે ઝેર નથીઃ તેની કુટિલતાનું ઝેર તેને ચડી ગયું હોય છે તે ખરૂં ઝેર હશે એવી ભ્રાંતિ ઉપજાવે છે.

‡ હજુરીયા કાંટા જેવા છેઃ રાજાના ચિત્તમાં છેદ પાડી, રાજાનું સુમતિરૂપી લોહી તેમાંથી વહેવરાવી નાંખેછેઃ લાગ જોઇ જોડેથી કાંટાની પ્રતિક્રિયા થાયછે તેમ એ દુર્જનોની પ્રતિક્રિયા પણ જોડે ઝાટકી કાઢયાથી થાય છે.

સમાજિક, રાજ અને, દરબાર,
શહેરિતણા, ન બુઝે, વ્યવહાર.
સનાતનધર્મતણા સમજાય,
મહાનિયમો મનમાં ન જરાય;
મહાસદવૃત્તિતણું નહિ મૂલ્ય;
અહો ! અબળાજન અજ્ઞ અતુલ્ય.
સુણે જનની મુજ હિમ્મત આમ,
ગણે નહિ કિમ્મત ખોખિ બદામ!
નૃપાળ રૂઠયો ! અધિકારિ પ્રકોપ!
કહે કપુતં, અવળો કિધ ખોપ !
કદી મુજ માત બુઝે મુજ ભાવ,
બહાર કરે મુજનો ન બચાવ!
કહે, ઉલટું; "ધરતો નથિ કાન,
"વડું, પણ ઉદ્ધત આજ જુવાન."
ન માતતણો અથવા અફસોસ;
ગણે દુનિયા, ગુણ એ મુજ દોષ!
કહેઃ "નહિ એથિ સરે કંઇ કામ!
"થતા ઉલટા શિર શત્રુ તમામ."
પરાક્રમની પડતી ન પિછાન!
ગતાનુગતીક થતાં અનુમાન!

ગમે વિપરીત છતાં, પરિચીત!
ભવોભવની ભ્રમણાત્મક ભીંત!
વિવેકવડે સઘળો ઈતિહાસ,
શિખી, સમજી, ન કરે મન ક્યાસ!
જુઓ—જુગ સૌ: જન સૌ: સહુ દેશ:
થયા કયમ સિદ્ધ? પ્રસિદ્ધ ઉદેશ.
સુકાર્યવિષે દૃઢ નિશ્ચળ ટેક,
ધિમી પણ સાર્થક આખર એક.
સુટેકપ્રતાપ હજી પણ એજ,
વિવેકવડે સમજાય સહેજ.

ન સત્ય, ન ન્યાય, તણું મન માન, દિઠું પણ સર્વ ધરે કર, કાન!
કહે કદિ કોઇ, હિણો સમજાય: થયો મુજ દેશ સ્વઘાતકિ હાય!

(કર્તાકૃત ગુલકાંતનાટકમાંથી.)

નિડર સદ્વર્તન.

૩૨

છપ્પા (ગુલકાંતનાટકમાંથી.)

(ગુલકાંતનો મિત્ર ગુણાકર ગુલકાંતની માને સમજાવે છે.)

મહાપ્રયત્ને કદી રાજલક્ષ્મી જન પામે,
સત્તાનું સામર્થ્ય, ઠરે કદિ ઠામે ઠામે,
પામે શુભ પરિવાર, ભોગવે સુખ સંસારે,
ભાટચારણો કદી, દિગંતે જશ વિસ્તારે,

સાધે મહાકઠણ કાર્યને, યુક્તિભેદચતુરાઈથી,
સદ્વૃત્તિવિના સંતોષનું સુખ માતા ! મળતું નથી.
 કરે કઠણ ઉદ્યોગ, તે ઉદરપૂરણ કરવા;
 લોકરીતિવ્યવહાર, નીતિ તે ઉધમ સરવા;
 દિધાં દાન સન્માન, લાજ શરમે કે કામે;
 ભાષણ ભારે કર્યાં, પ્રજામત પક્ષે જામે:
એ સઘળું સહુ સ્વાર્થે કરે, નરમહિમા એમાં નથી;
નિડર રહી નર સ્વાર્પણ કરે, સુકાર્ય સાધે મથિ મથી.
 કરે સ્વજન પરિત્યાગ, જગત કદિ ઝેરે વરસે;
 રૂઠે રાજદરબાર, ખ્વાર બહુ કેરે કરશે,
 કરે અબોલા મિત્ર, દિલાસો કોઇ ન દેશે;
 બંધ લક્ષ્મિનાં બાર, દૂર કરિ કરિ લે દ્વેષે;
એકવાર ધાર્યાં કાર્યને, નિષ્ફળ સહુ મળિને કરે,
ધિમી ધિમી પણ એ ધીરની, છાપ ઉંડી નકિ ઉતરે;
 એકવાર મદમત્ત, ધિક સુણિ સ્વતંત્રવાણી;
 કરે ઘણું અપમાન, કરે તન ધનને હાની;
 પણ પાછળથી નકી, સત્ય તે તાજું થાશે;
 મદ પડદો છેદાઈ, દિવો દિલમાં દેખાશે;
એ સુમતિતણો સત્સંગ તે મેલ મનતણો માંજશે;
ઉદાસ બહિર્સુખે ધીર તે, અંતર્સુખમાં મ્હાલશે.

એમ પછી દિન એક, પ્રજામધ્યે પૂજાશે;
ફલિ ફાલી તે ટેક, જગત સુખકારી થાશે.
બાળક દુનિયા હતી, પ્રૌઢ તે એમજ થઇ છે:
વાત છેક છે છતી, ખ્યાત વીરોની રહિ છે;
ક્ષણભંગુર ચલ વૈભવવિષે, સંસ્કારી મન નહિ રમે:
નિશ્ચળ વશ એક વિવેકને: દૈવ કરે જે મન ગમે!
પ્રચંડ જળહળ સત્ય, તિખુંતમ આવી અથડે:
મહામદોન્મત મૂઢ, હૃદય પણ ત્યારે લથડે:
લથડયો તે પછિ સુભટ, મહારથિ હોય તથાપિ,
પાછી પાની કરે, હૃદયનો પોચો પાપી;
ભડક તે નિજ છાયા થકી, પ્રહત ન્યાયવિદ્યુતવડે:
અજીત સત્યવીર જગજુધે, અશસ્ત્ર, એકલ જઇ અડે.
નહિ સત્તા, ન સહાય, નહીં ધન કીંવા સાધન:
નહીં બાહુનું જોર, સત્યવ્રત બસ કેવળ મન:
" ન્હાને મ્હોયે ભરે, કોળિયા મ્હોટા આ ખર!
પ્રથમ એમ કે' તેય અનુગ્રહ ઇચ્છે આખર.
વૈભવલક્ષ્મી આ વિશ્વની, આવી આપ પગે ઢળે;
ઈશ્વરતા એવી એકલા સત્યવીરની ઝળઝળે.
સત્યવીરને સહજ સાધ્ય સઘળાં સત્કાર્યો;
સૃષ્ટિમુકુટમણિભાનુ, દેશ કાળે અનિવાર્યો.

પ્રપંચચતુર પ્રધાન, અને પૃથ્વીશ પ્રતાપી,
અહીં તહીં ખુએ સ્થાન, સત્ય તુલ્યે ન તથાપી.
સત્યવીરતણી હાંક કરી, દેશ કાળ રહે કંપતા !
અજરામર એ સામ્રાજ્યપર, સત્ય છત્રપતિ જંપતા.

દેશાંતર જતો નાયક.

૩૩

(ગીરનાર પર્વતના પ્રદેશમાં વસતો નાયક, પોતાનાં પણને ખાતર વતન છોડી, પોતાનાં સગાં સંબંધીયો, સ્ત્રી, કોઇનું ન માનતાં, દેશાંતર જવા નીકળેછે; **ભાદર** નદીને કિનારે આવેછે, ત્યાં નદી પૂર આવી ગઇછે અને તે પૂર ઉતરતું જાયછે. તે જોઇ તે વિચારેછે.)

ઈન્દ્રવંશા છંદ.

(રાગ નવરોજ: તાલ ત્રિખંડ વજ, માત્રા ૧૯ મધ્યકાલ.)

શ્રી ઉજ્જયન્તાદ્રિ વસાવવા મને,
દોડી સુભદ્રા સમજાવવા મને.
તે વેગથી શું થઇ તે રજસ્વળા,
લજ્જાઈ તેથી વહિ જાય નિર્બળા ?

ઉજ્જયન્ત (ગિરનાર) પર્વતમાં વસાવવાનું મને સમજાવવા સારૂ, **સુભદ્રા** (ભાદર નદી, સારી સ્ત્રી–પોતાની સ્ત્રી સમજાવતી હતી તે સંભારેછે) આડી પકડવાને દોડી: તે વેગથી, તે રજસ્વળા (ભાદર નદી ધૂળ કાદવથી મેલી, પોતાની સ્ત્રી ઋતુમતી) થઇ ગઇ, તેથી લાચાર થઇને (મારો સ્પર્શ થઇ શકે નહીં એટલે કેમ રોકાય, એ વિચારથી નિરાશ થઇને) તે વહી જાય છે શું ?

મનથી વરેલી મુગ્ધાનો દેખાતો પ્રેમ.

૩૪

[શાર્દૂલ વિક્રીડિત છંદ.]

હોંસેથી કરવા રસોઈ સહુને, આવાં વિવેક કરે;
સંતોષી પિતુને પછી પ્રિયમુખી, બે મિત્રને નોતરે:
માતાથી વધુ ચાડ રાખિ હઠથી હોંસે જમાડે રસે,
"માતાના સરખી રસોઇ ન હશે" કહી ધિમેથી હસે.

(કેદારતીર્થમાં જાત્રાર્થે ગુલકાંત ગયો છે: ત્યાં ગોટા તેનાં માબાપ સાથે જાત્રાર્થે આવેછે: એક નાત જાત હોવાથી સાથે ઉતારો કરેછે: ખાયછે, પિયેછે: તે દરમીયાન ગુલકાંત અને ગોટા વચ્ચે પ્રેમ જામે છે: ગોટાની તે વખતની મુંગી પ્રેમની વર્તણુક આ પ્રમાણે ગુલકાંત વિચારે છે: પિતુ ગોટાનો: બે મિત્ર ગુલકાંત અને ગુણાકર:)

(કર્તાકૃતગુલકાંતનાટક.)

મનથી વરેલી મુગ્ધાનો દેખાતો પ્રેમ.

૩૫

(ગુલકાંતની મા કેદારાશ્રમમાં ગુલકાંતને કહે છે કે તારાવિષે ગોટાનો પ્રેમ આમ દેખાય છે.)

(શાર્દૂલ વિક્રીડિત છંદ)

તારી વાત થતી સહેજ સમજી, બીજું બધું વિસ્મરે;
આવી કાંઈ મિષે સુણે અથઈતિ, ચિત્તે છુપું સંઘરે;

તારાથી કરવા વિવાહ પુછતાં, થાળી સમાં આસ્યથી,*
ઉત્કંઠા મન દાબતી, નયન બે, ઢાળે મૃદૂ હાસ્યથી.
ચોખ્ખાં કામ કરી બતાવતાં બધાં, હોંસે કરી એકલી,
નારીલક્ષણને કળા સકળમાં, ખીલી ઘણું નીકલી.
શીખી લે કુળરીતિ આપણતણી, મર્મે કઢાવ્યા કરે:
કેદારાશ્રમમાં તનેજ વરવા, ગોટા તપસ્યા કરે!

વરવહુનો ગાઢ પ્રેમ.

૩૬

(શાર્દૂલવિક્રીડિત છંદ.)

મર્મે હાસ્ય કરે, કુતૂહળ ધરે, બેઠાં સખા સાહ્યલી,
મીઠી ગોષ્ઠ, મળી મળી, મિષ કરી, ગુંજે અલીને અલી:
એવાં લાડ લડી લડાવિ ઘરમાં, સ્વામી સખામાં જતો:
મેલી માર્ગે ઉભી રમા, નિરખવા, લ્હાવો કુંઆરો થતો.

વર એક ખંડમાં સખામાં બેઠોછે: બાજુનાજ ખંડમાં વહુછે: તે ખંડની સામે એક બીજા ખંડમાં સરખેસરખી સ્ત્રીયો—સાહેલીયો બેઠી છે એ સ્થિતિમાં અલિ એટલે ભ્રમર—રસચતુર નાયક વર, અને અલી એટલે વ્હાલી સ્ત્રી—વહુ, એ બે, કાંઈ કાંઈ મિષથી મળી મળી, વારંવાર પરસ્પર કાંઈ મીઠી ગોષ્ઠ કર્યા કરેછે: તેથી વરના સખા અને સાહેલીઓ બેઠાં બેઠાં મર્મમાં હાસ્ય કરે છે, અને નવાઈસાથે આનંદ પામે છે: ઘરમાં એવાં લાડ વરવહુ પરસ્પર લડી લડાવી તૃપ્ત થયાં નથી, તેથી વર પોતાના મિત્રોસાથેરહ્યો બહાર જાયછે, તેને જોવા, બે આંખ

* મ્હોઢું.

મેળી કરવા, રમા—લક્ષ્મી જેવી વહુ, વરનો માર્ગ મેલી—માર્ગ આંતરી, ઉભી રહી! (કુંવારે સગપણે વર જમવા આવે ત્યારે તે કેવો લાગે છે તે વહુ એક તરફ ઉભી છાનીમાની જોય એ) કુંવારો લ્હાવ જાણે હ.જી કેમ થતો હોય નહીં! (ગોટા અને ગુલકાંત વચ્ચેની પ્રીતિનું વર્ણનછે.)

પિયર જતી નાયકાપ્રત્યે નાયકની ઉક્તિ.

૩૭

મંદાક્રાંતા છંદ.

જો જો લેતાં, પિયર સુખનો, સ્વાદ ભૂલી ન જાતાં!
જાવું આવ્યું, ક્ષણ પણ દિસે, કારમી ત્યાંથિ જાતાં:
સ્વસ્થાનેથી મહિયરગૃહે, વાત જોકે જવાની,
નિશ્ચે ચોકી ત્રિભુવનવિષે, નિશ્ચળા નિર્મવાની.
સ્ત્રીજાતીનાં, ચપળ મનમાં, સર્વ ચાપલ્ય ભાસે:
તેથી જાણે, વિરહસમયે, ચેલતી દ્દષ્ટિપાસે.
દેખાયે છે, તદપિ ન થતાં, ચુંબનાલિંગનાદિ;
ખાવું પીવું, શયન ન ગમે, તાવતી તોય આવી.
આવી આવી, પળ પળ પ્રિયા, વ્યક્તિ જોશે તમારી,
એકાંતે શી, વિરહવિકૃતિ, સ્નેહભક્તિ અમારી:
કુ'શે તે તે, અથઇતિ સુણી, ચિત્ત ના ઠાર રેશે,
ઓછું આવે, પિયરસુખમાં, પુછશો માં હમેશે.
કાંતા! મારાં, દિવસ રજની, ઝૂરતે વીતવાનાં,
સૂનાં ગાત્રો, કૃશ થઇ જશે, પ્રાણવાયૂવિનાનાં.

બુટ્ટી તારી, અમૃતલતિકા, સ્પર્શતાં ચેતનાથી,
ખીલી રેશે, અધિક બળથી, પ્રીતિની પ્રેરણાથી.

પિયરનાં સુખ ચાખતાં, જો જો ભુલી ન જાઓ ! તમારૂં જવાનું આવ્યું છે ત્યારથીજ, એક ક્ષણુ પણુ જવી કારમી થઇ પડી છેઃ તમારાં પોતાનાં સ્થાનથી (અહીંથી) તમારે મહિયરે જવું છે, એમ જોકે વાત કરો છો, પણુ ખરૂં જોતાં તો તમે મારાઉપર ત્રણે ભુવનમાં નિશ્ચળ ચોકી રાખવાનું નિશ્ચે કર્યું છે. સર્વત્ર તમે મારી નજરે તર્યા કરશો, જાણે કેમ મારાપર, હું જ્યાં જાઉં ત્યાં ચોકી રાખતાં હો નહિં!

સ્ત્રીજાતિનું મન ચપળ હોય છેઃ કમળો હોય તે જેમ પીળુંજ દેખે તેમ, સ્ત્રીજાત, ચપળ હોવાથી, તેને બધું ચપળ લાગે છેઃ સ્નેહાધીન પતિનો પણુ તેથી જાણે ભરોસો કરતી નથીઃ બિરહસમયમાં એવા અણુ-વિશ્વાસથી જાણે, પતિની દષ્ટિપાસેજ ચેલ્યા કરે છે—અનેક ચેષ્ટા કર્યા કરે છેઃ જે ચેષ્ટા સાથે રહી કરી હોય તે કરતી વિરહસમયે પતિ પ્રિયાને પોતાની નજરે દેખ્યાજ કરે છે. એમ ચેલ્યા કરતી દેખાયછે તથાપિ ચુંબન આલિંગન કે કાંઇ થઇ શકતુ નથી; એ તીક્ષ્ણુ આધિથી ખાવું પીવું સુવું કાંઇ ગમતું નથી, તોપણુ નિર્દય હોય તેમ તે પ્રિયા (ની મૂર્તિ) આવી આવી તાવ્યા કરે છે!

ઓ પ્રિયા! એ રીતે તમારી મૂર્તિ પણુ પળપળ મારી પાસે આવી આવી જોશે કે, એકાંતમાં મારામાં તમારા વિરહથી કેવી વિકૃતિયો દેખાય છેઃ અમારી સ્નેહભક્તિ તમારા પ્રત્યે કેવી છેઃ જ્યારે હું એકલો પડીશ ત્યારે ત્યારે અનેક વિરહવિકૃતિ અકથ્ય સ્નેહભક્તિથી હું અનુભવીશઃ તમારી મૂર્તિ તે વખતે ખડી હશે, જાણે કેમ તે છાનીમાની મારી દશા જોવા આવી હોય નહીં! એ રીતે જોવા આવેલી તમારી મૂર્તિ-તમારૂં એક સ્વરૂપ, તમારી પાસે આવી મારી દશાની જે જે હકીકત કહેશે તે તે અથઇતિ સાંભળશો તો તમારૂં ચિત્ત સ્થિર નહીં રહેઃ પિયરસુખમાં તેથી ઓછું આવી જશે, માટે તેને હર હમેશ પુછશો નહીં.

ઓ કાંતા મારાં રાતદીવસ ઝુરતે ઝુરતે વીતશે; તમારા વિના શૂન્ય થયેલાં મારાં ગાત્રો જેમ પ્રાણવાયુવિના થાય તેમ કૃશ થઇ જશે. પણ તમે અમૃતની લતાની બુટ્ટી જેવાં છો, તેથી તમારો સ્પર્શ થશે કે તત્કાળ એ ગાત્રો સચેત થઈ જશે, અને પ્રીતિની પ્રેરણાથી અધિક બળથી તે ખીલી રેશે.

વિયોગકાળે નાયકાની દશા.

૩૮

(ગુલકાંતનાટકમાંથી)

(કેદારનાથની જાત્રામાંથી, ગુલકાંત પોતાને ગામ ગોટાનાં માબાપને મેમાન તરીકે લાવેલ છે: ત્યાંથી તેઓ જવાનાં છે: ગોટા અને ગુલકાંતનું મન અત્યંત મળી ગયું છે: આ વખતે ગોટાની દુ:ખી હાલત, ગુલકાંત તેના મિત્ર ગુણાકરને કહી બતાવે છે:)

શા ર્દૂ લ લ લિ ત છં દ.

(દર લીટીનો પેહેલો ભાગ શાર્દૂલવિક્રીડિતના પેહેલા ભાગજેવો, અને છેલ્લો શિખરિણીના છેલ્લા ભાગ જેવો છે: ઘણા પ્રકારના મધુર કરૂણા ભરેલા રાગે ગવાશે.)

ગોટા નેત્ર જળાશયો છલિવર્યાં, ભ્રૂયુગ્મ વિખર્યું;
લ્હોઇ આંસુ ફરી ફરી, કર અને, મેલું મુખ કર્યું:
ભીંજેલાં સ્તનમાં લટો, છણુવણુ, હૈયું ડસડસે:
આપે ઓગન છિન્નભિન્ન, છબિ તે, શાથી વિસરશે?
દેખી દુ:ખિત *ચંદ્રકાંત રડતો, હા! રોજ રડશે!
છાનો કોણ કરે? અરે! ટળવળી બે ફૂલ ખરશે!

---

* ગોટાનો લાડકો ઓરમાન ભાઇ.

થોડું સાવ વસી, ઘણું ગઈ ભળી, તે કેમ ખસશે?
સૂનામાં ભણકારથી વિલપતી, તે આવિ વસશે!
બીરૂ હું સમજીશ, એ ભયથકી, હુંથી પણ બિયેઃ
હૈયું ગુપ્ત શમાવવા શ્રમ કરે; ફાવે ન જરિયે!
બોલી યત્નથિ શબ્દ બે "નહિ ગમે" ડૂબી જતિ ઉરે!
ધોવાઇ ઘસડાઇ જાય ધરણી, જાણે જળપુરે!
"દુઃખીછું નિરખી ઉદાસ તુજને, વ્હાલી ન રડતુ"
એવું હું કહિ જ્યાં લઉં ઉરવિષે, મેલે છ પડતું!
આશાચિત્ર ભવિષ્યનું નિરૂપતાં, લાચાર મુખથી,
'કે'તો 'હું ન ભુલું, મને મ ભુલશો,' ચંપાય સુખથી!

આતુર પ્રેમાર્થી.

૩૯

(મુલકાંતનાટકમાંથી.)

(ભુજંગી છંદ.—રસિક ગજલની ઢબે.)

*ન જોડે લગારે, વદે સાથ. મારી,
કહું કાંઇ ત્યારે, રહે કાન ધારી!
નિહાળી હું સામે ન ઊભે કદાપી,
બિજે ક્યાંય એની ન દૃષ્ટિ તથાપી!

---

*કાળીદાસ કૃત શાકુંતલનાટકના નીચેના શ્લોકનું, કેવળ અનુકરણ છે.
वाचं न मिश्रयति यद्यपि मद्वचोभिः कर्णं ददात्यभिमुखं मयि भाषमाणे ।
कामं न तिष्ठति मदाननसंमुखी सा भूयिष्ठरन्यविषया न तु दृष्टिरस्याः ॥

ઘણી ગૌર રૂપે, ઘડી છે વિધાતા!
કર્યાં છુંદણાં છે, રસીલાં જનેતા!
પિતાએ અલંકારથી છે સજેલી!
રસીલી, છબીલી, ગુણોથી ગચેલી!
બધું ભાન ભૂલ્યો! થયો ક્યાં હું? લીન;
સ્વતંત્રાઇ છોડી, થયો કેમ દીન?
પ્રિયાર્થી? પ્રિયાર્થી! પ્રિયાર્થી અધીર!
કરૂં ઝંખના: કાં? ન શાંતિ લગીર?
લઇ ગોદમાં હું રમાડીશ રંગે:
કરી ચુંબનાલિંગનાદી ઉમંગે:
કરે મુગ્ધ કેલી, તું મુગ્ધા મચેલી:
લપેટાય વેલી: પ્રિયા પ્રેમઘેલી!
નિશા પ્હોર ચારી નથી હાલ જાતી,
વિચારો થકી તે પ્રચંડા જણાતી!
પ્રિયા કંઠ લાગી ઉરે રે, ભરાઈ!
દબાવું ઉમંગે: ચુમું મુગ્ધ ઝાંઇ!

(એમાંથીજ)

(આમરાઇમાંથી મળેલી કેરી ગુલકાંતે, ગોટાના ન્હાના ભાઇ ચંદ્રકાંતને આપી છે, તે ગોટાને વ્હાલો થતો, વળગી, કેરી ગોટાની આંખ આગળ ધરી દેખાડવા યત્ન કરે છે તે પ્રસંગે ગુલકાંતનું સ્વગત ભાષણ.)

૪૦

લાવણી.

જો ચંદ્રકાંતને હાથ, હોઉં હું કેરીઃ
શું ? રમું દડો થઈ સાથ, *સદૃશ હૃદયેરી !
એ કરે અડપલાં બાળ, ગમે મુગ્ધાને,
કરિ કટાક્ષ કરતી વ્હાલ, ચુમે કંઇ બ્હાને !
ચાંપે કરી રિસનોડાળ, હાથથી ટેલે,
તે સમજી બાળચંકાર, ફરી ફરિ ખેલે
વળિ જઈ મુગ્ધાને અડે, લડે કુચસાથેઃ
બહુ લાડન તાડન જડે, સુંવાળા હાથે!
કદિ અડકે જઇ કપોળ, લોલ અધરોનેં;
આ આતુરતા બોલ, કહું કાં? કોને?

વનપકવ કેરીનો સત્કાર.

૪૧

ગીતિ.

અર્ધ ઉઘડેલી, મુગ્ધા, મનોજ્ઞ કન્યા, મહાન કુળ કેરી !
હૃદય પકવ મધુ, મધુરી, સ્વાગત ! પ્રિયદર્શના દૈવપ્રેરી !

(કેદારાશ્રમના આંબ વનમાં વનપકવ કેરી લાવી ગુણાકર ગુલકાંતને આપે છેઃ ગુલકાંત તે લઈ ઉપર પ્રમાણે બોલે છે; તે જાણતો નથી

---

* દડાના જેવુંઃ કેરી જેવુંઃ અથવા નાયકના સરખું પ્રેમભરેલું.

કે કોઇ આટલામાં છે: પરંતુ આશ્રમનાં હરણાં પછવાડે ભાઇ ચંદ્રકાંત દોડતો હતો તેની રખેવાળીમાં બેન ગોટા તે પાછળ આવતી હતી તે અદૃષ્ટિમાં આ ગીતિ સાંભળે છે: આ વખતસુધી બન્ને એક બીજાથી અજાણ છે: અરધો ઉઘાડ થયો છે એવી, કુદરતી સુંદરતા જેમાં હજી છે એવી, મનોરમ, મહાન આંબાથી, મ્હોટાં કુળથી, ઉત્પન્ન થયેલી, જેનો સ્વામી કોઇ નથી થયો એવી, જેના હૃદયમાં મધુરસ પાકી ગયો છે એવી, ખાવામાં—બોલવામાં મધુર, જેને જોવી ગમે છે એવી, એવા ગુણવાળી છતાં વળી દૈવની પ્રેરણાથી આવી તો તે ભલે આવી! ભલે આવી!)

મુગ્ધાનો પ્રસાદ.

૪૨

ગીતિ.

કરમાં કેરી મુગ્ધા, ઉરમાં મુગ્ધા રમે રસિક કવિતા;
મૈત્રી મુગ્ધા નજરે, અદૃષ્ટિમાં હું મુગ્ધા બાળલતા!

૪૧ મી કવિતાનો પ્રસંગ જાણી સમજી, ગુણાકર અને ગુલકાંતની વાતથી, બોલનાર કોણ છે તે જાણી નામથી તેને ઓળખી, રસજ્ઞ મુગ્ધા ગોટા પોતાની પ્રસન્નતા પોતાની સખિને કહે છે: ગુલકાંતના હાથમાં કેરી, મુગ્ધા છે: મનમાં કવિતા મુગ્ધા છે: દૃષ્ટિમાં ગુણાકર સાથેની મૈત્રી મુગ્ધા છે, અને અદૃષ્ટિમાં હું બાળલતા સુકુમાર મુગ્ધા ગુલકાંતથી પ્રસન્ન થઇ છું.

સખિ—ઉપહાસ.

૪૩

(આંબવનમાં આંબાપાસે ગુલકાંત ઉભો છે: ગોટાની સખિ

સુંદરી વિસામો લેવો જોઇયે એમ નીચેની ઉક્તિથી કહે છે: તે વર્ણન આંબા અને ગુલકાંત બન્નેને લાગુ પડે છે.)

(ચરણાકુળ—તરેહવાર રાગથી ગવાય છે.)

લંબ ભુજા કે છે આ ડાળો ! રાજચિન્હયુત આમ્ર રસાળો !
આતુર, રસિક, લલિત ઊભો આ! મધુકર આશ્રય યોગ્ય સખી આ!

દીકરી પારકું ધન.

૪૪

રથોદ્ધતા છંદ.

(રાગ પુન્નાગવરાળી–તાલ ચતુશ્રજાતી તેતાલા.)

તાતઘેર પતિનેં અપેક્ષતી!
લાડકી તદપિ પારકી થતી !

* * *

કોકિલા ટહુકતી રચી રહી,
સર્વદા ૠતુ વસંતને અહીં!
તે જતે, વનકુઓ વિલો, ધસે!
ટાઢ, તાપ, વરષા, વિલોકશે.

(ગોઢાનો બાપ એપ્રમાણે શોચ કરે છે.)

૪૫

ચંદ્રવર્ત્મ છંદ.

(સુંદરી ભાઇ બ્હેનનો સ્થિતિભેદ કહે છે.)

ભાઇ જન્મ ધરિને થઇ ઠરતો,
સ્વામિ તાતધનધામ સકળનો:

બ્હેન દાન અરથે અવતરતી!
જાતનીંય પણ માલિક ન થતી!
હંત! બાળ અબળા! વિષમ દશા!
નિત્યકાજ તજવું મહિયર હા!
અન્યસૂત મરજીવશ ઠરવું:
લીન ત્યાંજ રહિ સેવન કરવું!

સ્વયંવર.

૪૬.

માલિનીછંદ: રાગ સોરઠ: તાળ ખંડજાતી જગપાળ: માત્રા ૧ વિલંબકાળ.)

(ગુલકાંતનાટકમાંથી: ગોટાનો બાપ જયરાય ગોટાના સ્વયંવરનો સંકલ્પ કરે છે.)

મન મન મળવાથી, પાથરે પ્રાણ વ્હાલાં,
હૃદયરસ પિવાથી, હર્ષ ઉત્કર્ષવાળાં;
નુતન નુતન શૌર્યે, ધૈર્ય ઔદાર્યયોગે,
*વર વહુ સુખભોગે, ને વિશેષે વિયોગે.

પ્રિયતમ પછવાડે, પ્રેમથી પાળિપ્રાણ,
ભિમકનૃપકુમારી, એકલી, ને, અજાણ:

---

* એ ઉંચા ગુણો સંયોગમાં ને વિશેષે વિયોગમાં, સ્વયંવરથી વરેલાં વરવહુમાં દેખાય છે.

વિતક વિકટ વેઠયું, સ્નેહ- સૌંદર્ય-માન;
"નળ" "નળ" દમયંતી, ઝંખતી રાનરાન !

ગુણિયલ ગુલકાંતે, પ્રેમપ્રેરી વરેલી,
ગુણિયલ મુજ ગોટા, સદ્ગુણાસક્ત ઘેલી !
સકળસુગુણસારે, શાંતિ જો તે ન પામે;
હૃદય રસિક બીજે, તો પછી ક્યાં વિરામે?

*મ ધુ ર સ ભ ર આંબો, એકલો છે દિગંતે,
ટહુક ટહુકવાનેં, કોકિલાને, વસંતે;
તરૂ રૂતુ બહુ બીજાં, તે ન તેને સુહાય !
ગુણરસિક વિસામો, સદ્ગુણીનો સદાય !

નવા મોહથી વિરાગ.

૪૭

(ગુલકાંતનાટકમાંથીઃ સખીસુંદરીપ્રત્યે, ગુલકાંતપ્રત્યે
નવા મોહના અનુભવમાં વ્યગ્ર ગોટા.)

શુદ્ધકામદા છંદઃ રાગ પ્રદીપકઃ તાલ ચતુશ્રજાતીઃ માત્રા ૧૬ મધ્યકાળ.

સકળ સૃષ્ટિમાં, વૃત્તિ સંચરે,
અફળ તે થઇ, પાછિ રે! ફરેઃ
વિષય કો વિષે, શાંતિ ના થતીઃ
વિરસ વસ્તુઓ, આજ દેખતી!

---

* મધુર અને સ-ભર-ફળથી ભરેલોઃ અથવા મધુ-રસથી ભરેલો.

વન ગમ્યું, ગમ્યો, ચંદ્ર–કાલુડો:
હરિણ બાળુડાં, તેમ સાળુ–ડો:
રસિકતા, ગમી, કાવ્યચાતુરી,
મલકિ માહરા, હાવથી જરી!
પરમ ભક્તિ નેં, નીતિરીતિની,
પ્રથમ રે ગમી, વાત પ્રીતિની;
ગઈજ સુંદરી! તે સમર્થતા:
ગમતું તે બધું, આજ વ્યર્થ હા!
તુજ વિષે સખી! સ્વસ્થ હું થતી,
તુજ ઉછંગમાં, લાડિ લોટતી!
ગઈજ સુંદરી, તે સુરમ્યતા;
ગમતું તે બધું, આજ, વ્યર્થ, હા!
મન ઉમંગમાં, આવતું નથી,
મથન શાંતિનું, ફાવતું નથી!
ચમકિ બ્હાવરૂં, ચિત્ત આ થયું,
ગમતું તે બધું, આજ ના ગમ્યું!
ન અનુરાગમાં, ના વિરાગમાં,
હૃદય આ રહ્યું, અંતરાલમાં:
અણગમી ગયું, જે ગમ્યું હતું;
મન વિચારિ તે, આમ શંકતું:

'હૃદય આ સદા, ભ્રાંતિમાં વસે:
ન મમતાતણી, વસ્તુતા હશે!
મન મનુષ્યનાં, તે વડે ભમે:
મમપણું ખરૂં, જાણિને રમે;
ધન, કળા, ક્રિયા, નીતિ ન્યાયને,
વળગિ ભોગવે, ભૂરિ હાયને:
નથિ વિલોકતા: મૂળના વિના,
વળગતા, સખી: હા! બધું ફના!

અનુરક્ત નાયકાની વક્રોક્તિ.

૪૮

(ગુલકાંત ગુલાબનું ફુલ લઇ બેઠો છે, તે ઉપરથી ગોટા આક્ષેપ કરે છે.)

માએં પરણાવ્યા જાણે, પ્યારથી કરી,
ધનદોલત ન બેસે એવી, નારથી કરી!
હાથેવાળો ફુલ ગોટાથી મેળવ્યો ગુલકાંત,
જેને નજ રિઝાવવી, અલંકારથી કરી!
એકલીએ પડી રહે જે, શ્રમ આપી કરે ન શ્રાંત,
નિશદિન મુગ્ધાનાજેવા વિહારથી કરી!
નવોઢા ફુલ–ગોટા સંગે, રમે આવી એકાંત,
અંબાબાઇના કુમાર, વહુ સુકુમારથી કરી!

અત્યુત્કંઠ નાયકનો અનુનય.

૪૯

(ગુલકાંતનાટકમાંથી)

વાંકાં વદી મુગ્ધા હૃદય વિદારે, ઉપચાર બનવું પડશે તારે !
પરવશ કીધો પેહેલે કટાક્ષે, શું દુઃખિયાને, દુભવે વધારે—વાં૦
મીઠું વદી તું, પોપટ હું થયો, ભુજપંજર તુજ ભરવા રે—વાં૦
ટસ ટસ અંદર હૃદય રૂવે મમ, દયા કરી જો દિનને
સ્વિકારે—વાં૦
તારો થયો નહીં ઇચ્છું અવરને, શિર તુજ ખોળે, હઠિલી !
સંહારે.—વાં૦

યૌવનવિહારનું મહત્વ.

૫૦

(ગુલકાંતનાટકમાંથી)

યૌવન વિહાર સાર, જિવતરનો, યૌવનવિહાર સાર.
ખીલ્યાં પ્યાર પુષ્પહાર, અખિલ તે પરિવાર,
તે આધારે આ સંસાર, મનહારી હો મનહારી—યૌવ૦
વિધા, કળા, લક્ષ્મી, ધામ, ન્યાય, નીતિ, રીતિ, નામ,
એ બધાંની એ લગામ, કરધારી હો કરધારી—યૌવ૦
ગાઢ દંપતિનો પ્રેમ, સદ્દૃત્તિ અમૃત વ્હે તેમ,
દૈવી લીલા ખીલે એમ, સુખકારી હો સુખકારી—યૌવ૦

પિયે પ્રેમનો અગાધ સાર, થાય ઉદાર નશિબદાર,
એના પ્રફુલ્લ મનોવિચાર, રસિક જયજયકારી—ચૌવ૦

વિયોગિની વિલાપ.

૫૧

શિખરિણી છંદ.

*હવે રે! શું થાયે? ગિરિ, વન, નદી, કેક ઉતર્યો!
મુઁઝાએલી કેરૂં, મન સ્થિર થતાં સૂધિ ન ઠર્યો!
વિમાસીને બેઠી, કરતિ રહિ, ચિંતા, વિરહની,
ન આરોપી કંઠે, પ્રિયતમતણે માલ ફુલની!

ન આરોપી, વ્હાલા! મુજ ભુજલતા, મેં તુજ ગળે!
ન ચાંપી તે હુંનેં, તુજ ઉર વિષે નાથ! સઘળે!
ઘણું સારૂં જેને, પ્રિયતમ મળે સ્વપ્નવિષયે!
થઇ નિદ્રા વેરી, તજિ ગઇ મને પ્રીતમ ગયે!

અભિસારિકા.

(વિદ્યાનગર ગયેલો ગુણકાંત આજે, પાછો ફરતાં રસ્તે ધનપુર સ્ટેશને ઉતરી, જયરાય (ગોટાના બાપ) ની ધર્મશાળામાં ઉતરવાનો છેઃ તેને મળવા શિવપૂજનમિષે જતી ગોટાની એ ઉક્તિ છેઃ)

---

* આ કવિતા સુભાષિતરત્નભાંડાગારમાં વાંચેલા શ્લોકો પરથીજ કેવળ કરીછે.

ચંદ્રિકા છંદ.

(ઘણે મીઠે રાગે ગવાય છે.)

પ્રિયકર ભરવા,—પ્રિયઉર ભરવા
પ્રિયઉર ઠરવા—પ્રિય મન ગમવા

પ્રિયકર રમવા, છું, ઉતાવળી, હું!
શિવયજનમિષે, જાઉં વ્યાકુળી હું!
ધનપુર મુજને, ધન્ય આજ ભાસે,
વદનશશિ કલા, સોળથી પ્રકાશે.—પ્રિયકર૦

પ્રિયતમ રસિયો, મ્હોચશે, અધીરો,
વિકળ થઇ મને, શોધશે, અધીરો!
પળભર ન જુએ, ઝૂરશે, અધીરો,
નિરખિ, કરગ્રહે, પૂરશે, અધીરો!—પ્રિયકર૦

તનુ મુજ ખિલતી, આજ તે વિશેષે!
હૃદય ઉમળકા, વ્યાપ્ત સર્વ દેશે!
નુતન ફુલ કળી, સૌરભે ભરેલી,
પ્રિય મધુકરને, કારણે ખિલેલી!—પ્રિયકર૦

ઉભય વિરહને, ભેટિ શાંત પાડું,
*પિતુસહ પ્રિયને, હોંસથી જમાડું!

---

* ગોટાના પિતાને બધી માહીતીછે. તેણે સમ્મતી આપીછે.

મુજ કરરસના, ભોગિ! આજ તોરી,
હઠભર પિરસી, ટાળવી અસોરી!—પ્રિયકર૦

અભિસારિકા શંકરનું ઉપહાસ કરે છે.

૫૩

(કુમુદ છંદ: દીંડી, કનરા વગેરેની ઢબોમાં ગવાશે.)

જય જયતુ જટાજુટાલ જોગી!
સ્ત્રિમુખહસિતચંદ્રભાલભોગી!
મદન-દમન નામથી મનાતો; સુદૃઢ યતિ વિરાગ, ભસ્મ ન્હાતો;
ન, મન, ન, તન, તે શિવાવિયોગી! નમ નમ મન,
શંભુ રાગરોગી—જય૦
નિરખિ તનમનાટ ભીલડીના, મતિ ત્રિનયનની થઈ મલીના!
શિયળ, તપ, વિરાગ, ત્રિપ્રયોગી, શિવ! શિવ
અભિસારિકા પ્રયોગી—જય૦

આવનાર ગુલકાંતની રાહ જોતી ગોટા શંકરને હસે છે; જટાજુટવાળા જોગીરાજ! તમારો જય થાઓ! કપાળમાં ચંદ્ર ધારણ કર્યો છે તેને લજાવે એવાં મુખવાળાં ઉમાને તમે બગલમાંજ રાખ્યાં છે! કામદેવને મારનાર નામે તમે મનાયા છો: દૃઢ યતિ કહેવાઓ છો: દૃઢ વિરાગ (તમારો) કહેવાય છે: ભસ્મથી ન્હાઓ છો: તથાપિ તમારૂં મન કે તન કાંઇપણ પાર્વતીથી વિયોગી નથી! ઓ મન! એવા રાગરોગી શંભુને તું નમન કર! જય થાઓ, આપનો જટાજુટવાળા જોગીરાજ!

ભીલડીના તનમનાટ જોઇને, ત્રણ નયન છતાં મતિ મલીન થઇ ગઇ. શિયળ, તપ, અને વિરાગ એવા ત્રણ પ્રયોગને કરવાવાળા છતાં, શિવ પોતે અભિસારિકાપ્રયોગ કરવા લાગ્યા—ચાલીને ભીલડી પ્રત્યે ગયા! શિવ! શિવ! જય થાઓ! આપનો જોગીરાજ!

પ્રિયસમાગમની ઉત્કંઠા.

૫૪

(સ્વાગતા છંદ: રાગ છાયા: તાલ ચતુશ્ર જાતી, તેતાલ, માત્રા ૧૬ મધ્યકાળ.)

કાંત! કાંત! કરતું દુ:ખિયારૂં,
પ્રેમ પ્રેમ મય અંતર મારૂં!

રોમરોમ રસરાજ રમેછે, દોમ દોમ તન–દાહ દમેછે;
સંગમોત્સુક બનેલ બિચારૂં, દુ:ખિ તોય વિરહે
સુખિયારૂં—કાંત કાંત૦

ભાન થાય પ્રિય સ્પર્શતણું કંઇ, કલ્પના-મધુર હર્ષતણું કંઇ!
કાંત-અંક ઢળવા નિરધારૂં, ચેતિ જાઉં: ચમકું: મન
મારૂં.—કાંત કાંત૦

દૂર તોય મનમાં પ્રિય રાજે, ઝંખતી નિકટ દેખતિ આજે
ચુંબનાર્થ પ્રિય આતુર ધારૂં, હું હું હું હું હઠથી કરિ
વારૂં!—કાંત કાંત૦

પતિના સ્પર્શનું ભાન થઇ જાય છે: કલ્પનાને [illegible] ભાળતો [illegible] અનુભવાઇ જાય છે: કાંતના આલિંગનમાં પાસે છે [illegible] ભ્રાંતિથી ઢળવા જાઉં છું: ત્યાં ચેતી ચમકી મનને મારૂં છું: ઝંખનાથી પતિને

પાસેજ દેખું છું; દૂર છતાં મારામનમાં તે બિરાજે છે; ભ્રાંતિથી તે મને ચુંબન આપવા આતુરતાથી આવે છે એમ માની, "હુંહું" કરી હઠ કરતી તેને વારૂં છૂં!

(ગુલકાંતનાટકમાંથી.)

વિયોગી નાયક.

૫૫

સુમધુરા છંદ.

(વિયોંગકાળે, પોતાને વિરહદુઃખ કેવું થશે, તે ગુલકાંત ગોટાને કહેછે.)

ન્હાનાં ન્હાનાં નિમિ-તે, ૧ક્ષુભિત મન, મે, છબી તવ ધરે:
ચેષ્ટા પ્રત્યક્ષ જાણે, નયન વિષયે, પ્રિયા તવ તરે;
૩પ્હેલી રાતે ન નિદ્રા, તુજ સ્મરણને, ૨શિખી સિજવતો;
સ્વપ્ને તું રાત્રિશેષે, મળિ, ન મળિ, ત્યાં, પ્રભાત નડતો!

*પૂર્વાહ્ણે રાત આખી, મુજ મન ખડી, પ્રિયા પરભવે;
ઝાઝું ઝૂરૂં, વિમાસું, સુમગુમ બનું, બળું મનદવે.
જેવું તેવું જમીને, સ્થિર મન થવા, પડું શયનમાં;
સંતાપે ત્યાં ફરી તું, વિષમવત એ; મળે નયન ક્યાં?

૪કેદારે આમ્રકુંજે, ઉપવનવિષે, પ્રિયા ટહુકતી;
મીઠું ને મંદ બોલે, મુખ સ્મિતભર્યું, સુધા ટપકતી;

---

૧ ડોળાએલું. ૨ અગ્નિ. ૩ પેહેલે પ્હોરે. ૪ કેદાર આશ્રમ જ્યાં ગોટા અને ગુલકાંત પ્રથમ મળ્યાં.

વાંકું, નીચું, નિહાળે, નુતન નખરાં, અધીર કરતાં;
૫સ્વપ્ને આલિંગનાર્થી, મુજ ભુજલતા, શકે પ્રિયતમા!

સંભારૂં ભોજનાર્થી, તુજ કરતણી, રસોઇ રસિલી!
સંભારૂં હોંસ તારી, તુજ ઉમળકા, હમેશ હઠિલી!
વાંકી સ્નેહોક્તિ વીંટી, અધર અમૃતે, સરે ભિતરમાં;
જાણે કોરે કલેજું, વધુ વધુ ભરૂં, રસેઃ મનરમા!

*કાંતા તારા વિનાનું, ભુવન મુજ આ, અરણ્ય બનશેઃ
૬મિત્રાલી જાલ થાશે, વિરહ તુજ તે, દવાનળ થશે;
હું સૂનો તું વિનાનો, હરિણ ભમતો, ૭વશા વિણ વિલો;
મીઠો૮ કંદર્પ તેયે, યમ બનિ થશે, મૃગેન્દ્ર૯ ડસિલો!

૫ એ કેદારાશ્રમની છબી સ્વપ્નમાં આવતાં તેને આલીંગન આપવા લંબાતી મારી ભુજલતા, પ્રિયતમાના નામને શકયા કરેછે. ૬ મિત્રમંડળી. ૭ હરિણુની સહચરી હરણી. ૮ કામદેવ. ૯ સિંહ.

વિયોગ કાળે રડતા મુગ્ધા.

૫૬

(ગુલકાંતનાટકમાંથી.)

(ચંદ્રલેખા છંદ.)

(ગુલકાંતનો મિત્ર ગુણાકર, સામેથી આવતી ગોટાનું પ્રતિબિંબ,

---

* ગીતગોવિંદમાં શાર્દૂલવિક્રીડિતછે તેનું આ અનુરણછેઃ
आवासो विपिनायते प्रियसखीमालापि जालायते ।
तापोऽपि श्वसितेन दाहदहनज्वालाकलापायते ॥ વગેરે

કબાટના કાચમાં પડેછે તે તરફ ગુલકાંતનું ધ્યાન ખેંચી, પ્રતિબિંબ-પરથી કહેછે.)

સ્નિગ્ધા મુગ્ધા, કુણિ કુસુમલતા, સ્હેજ વાતે ચલંતી,
સ્નેહે આજે, જબર જખમ તે, વજ્ર જેવા ઝિલંતી!
તારે અર્થે, વિકટ અનુભવે, બંધુનો ત્યાગઃ દાખે,
"એકાકીને, દૃઢ તવ શરણે, જન્મજન્માંત રાખે!"

બંધૂઓની, અમૃતરસભવા, ગ્રંથિ વિદ્યુત્પ્રહંત,
પ્રેમાઘાતે, જળ થઇ જઇને, નેત્રમાર્ગે સ્રવંત!
લાગ્યો ભારે, વિરહઅનળ તે, ઓગળાવી ઉખેળી,
મુગ્ધા કેરૂં, મન તુજ નજરે, બ્હાર મેલે ધકેલી!

સ્નેહભિની મુગ્ધા, ફુલની કુણી વેલસરખી, સેજ વાતમાં ચળીજાય તેવી છતાં પણ આજ, વજ્રજેવા વિયોગના કઠણ જખમ, ઝિલી રહી છે. (ફુલની કુણી, સ્નેહભિની-ચીકણી અર્ધપાકી વેલ સ્હેજ વાતથી-વાયુથી ચળેઃ—મુગ્ધા, સ્નેહભિની, ફુલની જાણે કુણીવેલ, સ્હેજ વાત–બાબતથી ચળે,) તારા ઉપર પ્રકટેલા પ્રેમથી, તેમાં સર્વ બંધુઓનો મનમાંથી ત્યાગ કરવાનો વિકટ અનુભવ તે અત્યારે કરેછે. તેમ કરતી જાણે તે એમ દાખવે છે કે, તેને એકલીને તારા દ્રઢ શરણમાં તુ જન્મોજન્મ રાખે, એમ તેની ઇચ્છા છે.

તેના બંધુઓ વિષે, જે ગાંઠ (સ્થૂળ શરીરનો નાશ છેઃ અંતરમાં લાગણીયો છે તે શરીરના નાશ પછી પણ રહે છે, માટે મમતાની લાગણી–ભક્તિ એ) અમૃતરસમાંથી જામેલી છે, તે ગાંઠ તારાપ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો તેના આઘાતથી, વિજળીના પ્રહારથી હણાએલી હોય તેમ, જાણે જળ થઇ જઇને તેનાં નેત્રના માર્ગે વહી જાય છે! તેની

આંખમાંથી આંસુ પડે છે, તે તેની બંધુભક્તિ જાણે તેના મનમાં પ્રેમના આઘાતથી હણાઇ જળ થઇ જઇ બહાર નીકળી જાય છે. વિયોગ દુઃખને ભારે તાપ અત્યારથીજ લાગ્યો છે તે મુગ્ધાનું મન ઓગળાવી, તેનાં પડેપડ ઉખેળી, તને બતાવવા માટે, બ્હાર તારી નજરે ધકેલી મેલે છે. એ આંસુઓ નહીં પણ, મુગ્ધા શરમાળ હોઇ બોલતી નથી તેથી, જાણે મુગ્ધાનું પ્રેમી મન ખુદ તારી દૃષ્ટિઆગળ ધકેલાઇ આવે છે.

વિયોગ કાળે દુઃખી મુગ્ધાને નાયકનો અનુનય.

૫૭

(ગુલકાંતનાટકમાંથી.)

પૃથ્વી છંદ.

(રાગ ગૌરી: તાલ ચતુશ્રજાતીઃ એક તાલઃ માત્રા ૪ મધ્યકાળઃ)

દયા નિજજને કરી, મધુરિ ! શાંત થા ! શાંત થા !
રડે મુજ ભુજે ભરી, વિરહકાળની શી દશા !
મિલાપ રડતાં જશે, મનતણી ન ગોષ્ટી થશે !
રહ્યું હૃદય ડંખશે, સમય આ ફરી ઝંખશે.—દયા૦

સ્મિતે મૃદુ મિતે, બને, સુખદ, દુઃખદા તું બને :
ચિરે સુમનમર્મને, તદપિ તુંજ સંજીવને!
અદૃશ્ય વિષયે શયે, તદપિ કંઠમાલા—મયે,
અસ્પૃશ્ય અધરાશયે, દશનઅંક દેખું પ્રિયે!—સ્મિતે૦

સરોવર બની પ્રિયા, સકળ અશ્રુ—પંકે ભરી,
ખિલી અખિલ પદ્મિની, સદૃશ—પદ્મ ગાત્રે કરીઃ

શિખાનખ લટો છુટી, સદૃશ—કાળિ, સૈવાલ, વા;
મરાલ ગુલકાંતનો, ચિર વિલાસ વાસો થવા!—સ૦
ભર્યાં સ્તન લટે વિંટયાં, સજળ, વિષ્ણુશય્યાવિષે,
ડસે રતિ પુઠે પડી, શિવ છુપ્યા દ્વિપિંડી મિષે!
પ્રિયા વરતપસ્વિની, હૃદય શંભુપીંડી સ્મરે,
ધરે કુમળ નેત્રનાં, જળ સ્વયંભુ ગંગા સરે—પ્રિયા૦

પ્રિયા બની જટાજુટી, મદનને હણ્યો દર્શને,
અનંગ થઇ કંદ હા! હૃદયથી ફુલાવી તને!
વિચાર ન કર્યો પુરો, થઇ મનોધિનાથો દમે,
પ્રફુલ્લ તદપિ નિશા, ધવલ તું શરત્પૂર્ણિમે!—પ્રિયા૦

ઓ મધુરી! આ તારા જનઉપર દયા કરી, શાંત થા! શાંત થા! મારા ભુજમાં (હાથના આલિંગનમાં)હજી ભરી(ભીડી)પડીછો, ત્યાં તું રડેછે તો વિરહકાળમાં (મારા ગયાપછી)તારી શી દશા થશે! મિલાપએ ઘડી ભેળાં છિએ તે તક— રડવામાં જશે, તો મનની મીઠી વાતો કરવી રહી જશેઃ પાછળથી હૃદય, ડંખ મારશેઃ ને આ ગયેલો સમય પાછો ક્યારે આવે એમ ઝંખ્યા કરશે!

મૃદુ—નાજુક,—મિત—થોડું, સ્મિત—હાસ્ય, તું કરેછે તેથી દુઃખ આપનાર અને સુખ આપનાર બન્ને તું બનેછેઃ તારૂં સ્મિત સાંભરતાં કાંઇ સુખ અને કાંઇ દુઃખ બન્ને એકલો હોઉં ત્યારે થાયછેઃ વિયોગમાં થશે. ફુલજેવા મારા મર્મોને—મારાં કોમળ મનના મર્મોને તું ચીરી નાંખેછે, તે છતાં જીવતો રાખનારી સંજીવના પણ તુંજછેઃ તારે માટે મર્મો ચીરાયછે, છતાં તારે માટે જીવન લખાયછેઃ મારાથી ન દેખાય

એવે સ્થળે જુદી તું શયન કરેછે(હજી પરણ્યાં નથી: જાત્રામાં મન મળ્યાંછે: અહીં ગુલકાંતને ઘેર રસ્તે મેમાનછે: હવે પોતાને ગામ નાયકા જવાની છે,) તેમ છતાં કંઠમાં માળાપેઠે તું વળગી પડેલી (મને દેખાય)છે: મારાથી સ્પર્શ નથી થતો એવા તારા અધરો ઉપર મારા દશન (દાંત) નાં ચિન્હ ઓ પ્રિયે! હું દેખું છું. (કલ્પનાનો વેગ બતાવે છે.)

ગુલકાંત—હંસને લાંબોકાળ વિલાસ કરવા સારૂ, સરોવર રૂપ પ્રિયા બનીછે: સરોવરમાં ગારો હોય તેમ, તું આખી, અશ્રુના પંકથી ભરીછે: સરોવરમાં પદ્મિની—કમળિની—ખીલી હોય તેમ, તારા વિષે, શદૃસ—પદ્મ, પદ્મના જેવાં તારાં ગાત્રો ખીલેલાંછે, તેથી તું એક આખી પદ્દમિની રૂપ (કમલિની, સારી સ્ત્રી) ખીલી રહીછે. સરોવરમાં સેવાળ પથરાએલી હોય તેમ, કાળી નાગ જેવી તારી શિખથી નખસુધી પ્હોચેલી લટો, સેવાળ પેઠે તારાપર પથરાએલીછે.

શેષઉપર, સમુદ્રના જળમાં, વિષ્ણુ સુએ છે: એ વિષ્ણુની શય્યામાં આવી, બે જુદી જુદી પિંડીના રૂપથી શંકર, કામદેવને બાળ્યોછે તેના ડસથી પછવાડે લાગેલી રતિથી નાસી છૂટવા, સંતાઇ રહ્યા હોય, તેમ, તારાં બે સ્તનો શેષસરખી તારી લટોથી વિંટાયાંછે: સમુદ્રની પેઠે વળી તું અશ્રુને લીધે સજળછે. પ્રિયા મ્હોટી યોગિની તપસ્વિનીછે: માથે જટા જેવી લટોછે તેથી: અથવા પ્રિયા વરને માટે તપશ્ચર્યા કરેછે: શી રીતે? હૃદયમાંજ રહેલ સ્તનરૂપી શંભુની પીંડીનું ધ્યાન ધરેછે: એ શંભુ ઉપર, નેત્રરૂપી કમળ ચડાવે છે: અને આંસુરૂપ સ્વયંભુ ગંગા એ પીંડી ઉપર ટપકયા કરેછે.

ભારે લટોથી પ્રિયા જટાજૂટી—મહાદેવ બનીછે: કામદેવ જાણે તારાં દર્શનથીજ પરવશ થઇને હૃદયના તાપથી કે તારાં સતીપણાના તાપથી, કે તું જટાજુટીછો તેથી, તે સામર્થ્યથી, હણાયો: તેનું શરીર બળતાં તે અંગવિનાનો—અનંગ થયો હતો એટલે તરત તારા હૃદયમાં પેસી કંદરૂપ બની તેણે તને હૃદયથી ફુલાવી દીધી: ઓ શરદ્

પુનેમ! તું ધોળી પ્રફુલ્લ તો પણ રાત્રિ છો! તેં પુરો વિચાર પ્રથમ કર્યો નહીં, તેથી હવે એ અનંગ તારા મનનો–ઉર પ્રદેશનો અધિપતિ થઇ તને દમેછે: તેમાં બીજા કોનો દોષછે?

પ્રિયતમા સમાગમ.

૫૮

(ગુલકાંતનાટકમાંથી)

(વિભાવરી છંદ: રાગ પિલુ; તાલ ખંડજાતી, આડા ચોતાલા મધ્યકાળ માત્ર ૧૭.)

પ્રિયતમા તનુપરે ત્રિવલી વળી :
તપ કરે તદુપરી સ્તન–મંડલી :
ત્રિસરિતા તટ મહામુનિ આશ્રમ :
અચળ ત્યાં સુખિ વસો મનડું મમ !
વિષમ મે વિરહવ્યાધિ શમી શમી :
પ્રિયતમા સ્તનયુગે વિહર્યું અમી !
જુગલ અશ્વિનિકુમાર સુધા લઈ,
અમર ધામ અથવા ઉતર્યું અહીં !

ગુલકાંત પ્રિયા સમાગમની તલ્લીનવૃત્તિ અનુભવે છે: પ્રિયતમાના દેહ ઉપર ત્રિવલી ત્રણ રેખાઓ પડેલી છે: તે ઉપર સ્તનમંડળી અડગ જાણે તપ કરે છે; ગંગા, જમના, અને સરસ્વતી એ ત્રણ નદીયોની ત્રિવેણી–ત્રિસરિતાના તટઉપર મહામુનિરાજના એ આશ્રમ છે! ત્યાં મારૂં મન અચળ, સુખી, વસી રહો!

કોઇ ઉપચારથી મટે નહીં એવો વિરહવ્યાધિ આજ શમ્યો: પ્રિયતમાનાં સ્તનયુગલે જાણે અમીનો ઉપચાર એ વ્યાધિપ્રત્યે કર્યો:

શું દેવતાઓનું અથવા તો (એ સ્તનયુગ્મ નહીં પણ) દેવવૈદ્ય અશ્વીનીકુમારનું જોડું, અને દેવલોકનું અમૃત, એ બે વાનાં લઇને, અમરધામ–દેવતાનો લોક પૃથ્વીપર ઉતરેલ હશે!

નરને નારી નચાવે.

૫૯

(ગુલકાંતનાટકમાંથી.)

(તોટક છંદ: રાગ દેશ: તાલ ચતુશ્રજાતી, તેતાલા માત્રા ૧૬ મધ્યકાળ.)

થનનન્ થનનન્ થનનન્ થઈ થા
નર વાનર નારિ નચાવતિ હા!

વશ કૈકયિને, રડિ રામ–પિતા, વછવે સુતને મરણાંત
સુતા—થનનન્૦

રઘુવીર સિતા–હઠ–જીત, હવા, હત, હેમતણું હરણું
હણવા—થનનન્૦

હતિ દૂર સિતા પુરિ લંક વને, બમણું બળ દાખતિ
રામ–મને—થનનન્૦

પુછતા પશુ પંખિ લતા તરૂને, ભુલિ ભાન રડયા
રઘુવીર વને—થનનન્૦

પિતુ માત પ્રજા પરિવાર વ્યથા, નઃ સિતારૂપ કેવળ
રામ–કથા—થનનન્૦

દૃઢ જ્ઞાન વિરાગ સમાધિ સજી, મુનિ શંકર કામ-
નિવારિ તજી—થનનન્૦

હરિને ક્ષણમાં હરિણેક્ષણમાં, ભજિ ભામનિ ભીલ્લડિએ
પણમાં—થનનન્૦

તપ તે લુટિ, કૂટિ, સમસ્ત નર્યું, સ્તન એક કર્યું, બિજું
શંકરનું—થનનન્૦

પતિત ખંડિતાનું વિમાસણ.

૬૦

(ગુલકાંતનાટકમાંથી.)

(પ્રહર્ષિણી છંદ–રાગ શહના–તાલ ચતુશ્રજાતી પ્રતિમઠ તાલઃ
વિલંબકાળ માત્રા ૧૦.)

મારે નાથ ન મુજને કદી મનાવી!
'વ્હાલી મારિ' કહિ સ્તને ન, રે! દબાવી!
બીજા સાથ હસિ રમે મજા નહીં છે!
આ રે જન્મ સુખ એવાં નથી નશીબે!

પ્રૌઢા મત્ત, ઉમળકા, શકું ન દાબી:
વ્હાલાંઓનિ રસલિલા, શકું સિજાતી:
ભીડયું તેથિ મન ખુલું થઇજ જાતું:
જ્યાં ત્યાં ઝટ સરિજતું નથી રખાતું!

દાસેં બોલિ મનગમ્યાં હસ્યા કરેછે:
મારૂં ત્યાંય મન તો'યું જરા ઠરેછે!
સાંખું તેમ, ચડિ જતો, નથી દબાતો!
વ્હાલો બાળ થઇ વિલો દિસે દુભાતો!

વરનું વશીકરણ.

૬૧

(ગુલકાંતનાટકમાંથી.)

મહામાલિની છંદ.

શ્રવણ મનન નીતિ કેરાં, કરો ભક્તિભાવે ભર્યાં;
'મન ભર મન' એમ જાણી, ભજો નાથ નેહે નર્યાં;
તજિ પરિજન સંગ હીણો, કરો ચિત્ત એકાગ્રતા;
સુવ્રત અડગ એમ પાળે, થશે નાથની લીનતા;

*સદન સુઘડ રાખિ હાથે, વ્યવસ્થા બધે આદરો;
મધુર વચન, મંદ, થોડાં, વિવેકે હસંતાં, †ગરો;
ચિવટ ફિકર નાથ અર્થે, ધરો, આપને વીસરો;
"પતિ પતિ પતિ" એમ ઝંખો, "પ્રિયા," તે કહે તો ખરો.

---

* ઘર † કોમળતાથી સંભાળથી ઉચ્ચારો. (સુંદરી ચમેલીને એમ કહે છે.)

નાયકાની પ્રતિજ્ઞા.

૬૨

(ગુલકાંતનાટકમાંથી.)

(મત્તા છંદ: રાગ કાલંગડો: તાલ ચતુશ્રજાતી: તેતાલ
માત્રા ૧૬, મધ્યકાળ.)

દાસી છું, હું, તનમન, પ્યારા! પ્યાસી પીવા પ્રિય-મુખ-ધારા:
સંસારે સ્વર્ગ પ્રિય! બિછાવું: આર્યો કેરો જય ઝળકાવું !–દા૦

રંગે રાખું સુખ સુખ આપું; સત્યાચારે સુજશ જમાવું!
સંસ્કારોનો પરિમળ મ્હેંકે, પ્યારા! મારા પતિવ્રત ટેકે!–દા૦

વ્હાલાનું અંતર વરતીને, સંતોષું, સાવધ, વરતીને!
'વ્હાલા' 'વ્હાલા' પળ પળ ઝંખું; "ઘેલી" સંજ્ઞા
જગમુખ સાંખું!–દાસી૦

મીઠી, ઊંડી, સહૃદય, પ્રીતી, સ્હેજે લેશે પ્રિયતમ જીતી!
દાસી તોયે ઉપરિ તમારી, દેવી, પ્યારા! વશ કરનારી.–દાસી૦

પ્રેમ ઘેલછા.

૬૩

(ગુલકાંતનાટકમાંથી.)

(**સ્રગ્વિણી છંદ.** રાગ વાઘેશ્રી: તાલ તિશ્રજાતી રૂપક માત્રા ૫ મધ્યકાળ.)

(ગોટા ગુલકાંતને કહેછેકે, વજીર સામે થવામાં તમે બહુ જોખમ
માથે લીધોછે તેનો ઉત્તર ગુલકાંત આપેછે.)

પ્રેમ-ઘેલો, તવાર્થી, ઝુઝું છું: પ્રિયા!
મોત ભાગો ન સ્વપ્ને ધ્રુજું, હું: પ્રિયા!

પ્રેમ પ્રેરે પ્રતાપી ગુણગ્રામને,
પાર પામું વિનોદે મહા કામને!

પ્રેમ ઘેલછાથી, તારે માટે, હું મરણીયો થઇ ઝુઝુંછું: તેથી સ્વપ્નમાં પણ મોતથી પણ ડરતો નથી: પ્રેમ એ રીતે મહાપ્રતાપી ગુણોના સમૂહ પ્રેમીના મનમાં પ્રેરેછેઃ તે ગુણોના પ્રતાપથી મહાભારત કામને પણ રમત રમતમાં પાર પમાય છે.

મ્હોઢે ચડયો કોળ ગયો.

(ગુલકાંત ગોટાને હમણાંજ મળે છે એટલામાં તેને વજીરે મોકલેલા મકરાણીયો પકડી જાય છે તેથી ગુણાકર શોચ કરે છે.)

(ઇંદ્રવજ્રા છંદ: રાગિણી, નટ ભૈરવી: તાલ ખંડ પચ્ચી માત્રા ૧૬ મધ્યકાળ.)

મ્હોઢે ચડયો કોળ લિધો પડાવી!
દુર્દૈવ છંદે કુરતા લડાવી:
આશાંકુરોની સુ અશોક—વાડી,
દુર્દૈવ, હા! મારૂતિયે ઉજાડી!

ઝંખી રહ્યો તો દિનરાત જેને,
નાચી રહી'તી દિનરાત નેને:
"વ્હાલી" કહી બાહુ બિડયો બિડાવ્યો:
હા! ઘાતકી! ત્યાં વછવો પડાવ્યો!

પાપી દૈવ પોતાના તોરમાં ક્રુર થયો: મ્હોઢે ચડેલો કોળ તેણે પડાવી લીધો: આશાના અંકુરોની, અશોક—જેમાં શોકનું નામ નથી

એવી-લંકામાં રાવણની અશોકવાડી જ્યાં સીતાજી હતાં તેના જેવી-અશોકવાડીને, પાપી દૈવરૂપી મારૂતિ-હનુમાને આવી ઉજ્જડ કરી નાંખી!

જેને રાતદિવસ ઝંખી રહ્યો હતો, જે રાતદિવસ એની નજર આગળ નાચી રહી હતી, તેને, 'વ્હાલી' એમ કહી, હેતથી બોલાવી હજી પરસ્પર આલિંગન લીધું લેવરાવ્યું નથી, ત્યાંતો, ઓ ઘાતકી! તેં વછવો પડાવ્યો!

હું દુઃખનું કારણ થઇ.

(ગુલકાંત કેદમાં છે, ત્યારે ગોટા આ પ્રમાણે વિચારો કરે છે.)

(દોધક છંદ: દરબારી કાનડા રાગ: તાલ ચતુશ્રજાતી: તેતાલા: માત્રા ૧૬ વિલંબકાળ.)

(ઘણા ગંભીર મધુર રાગે ગવાશે.)

દૈવ રૂઠયાથિ, સદૈવ અભાગી,
હંત કુલાંતક હું થઇ લાગી :
પુણ્યપિતા : પતિ પૂર્ણ પ્રતાપી,
પાપ નડયું, મુજ સંગત પાપી !

જેપુર જોધપુરે જુધ ધારી,
ચાહિ, ચિતોડનિ રાજકુમારી :
ઝેર દઇ, નૃપ મારિ કુમારી;
હાય હરી! દુહિતા દુઃખકારી :

કાંતતણાં જનની, જનમોજાં,
કાનપડે, રડશે, મનઓછાં :

"બાળક બુદ્ધિ ભણી ગણિ સૂઝી"
લોક વદે, વસમાં, વણબૂઝી.

"વૃદ્ધ હશે રડતી મુજ માતા,"
"ભોળિ ભમે સુણિ ગામ–ગપાટા:"
એમ સ્મરી, દુઃખિયા ગુલકાંતે,
હાય હશે હઠતા હૃદયાંતે!

"માન મળ્યું, કરિ જ્ઞાનકમાણી:
"ધૂળ પડી, સઘળું ધુળધાણી!"
દૂર ઉભા કરતા જન વાતૂ,
પાપિ પ્રહારિ, પડયાપર પાટૂ!

"આર્યતણી કુળરીતિ ન માની,"
"પ્રીતિ અનીતિ ભરી કરિ છાની"
"પાપ કર્યાં અહિં ભોગવવાં તે"
એમ વદી, દુભવે જન ખાંતે.

ઉદેપુર–ચિતોડના રાણાને કૃષ્ણાકુમારી નામે ખુબસુરત કુંવરી હતી: તેને પરણુવા જેપુર અને જોધપુરના રાજાઓએ વિગ્રહ માંડયો: અમીરખાન નામે એક લુટારૂ સરદારની સલાહથી, રાણાએ કુંવરીને ઝેર પાઇ મારી નાંખી વિગ્રહનો અંત આણ્યો.

મારા કાંત–પ્રિયપતિનાં માતુશ્રી, દરિયાનાં મોજાં જેવાં બત્રીશીનાં મોજાં કાને પડતાં રડશે–કેમકે ઓછાં મનનાં છે: "ભણી ગણી બાળક બુદ્ધિ સુઝી" એવાં વસમાં વેણ, લોક, બુઝ કર્યા વગર બોલે છે.

"મારી વૃદ્ધમાતા ઘેર રડતી હશે: બિચારી ભોળી છે તે ગામ ગપાટા સાંભળી ભમતી હશે." આવું યાદ આવવાથી, દુઃખિયા ગુલકાંતનું હૃદય, હાય! પાછું હડતું હશે!

"માન મેળવ્યું, જ્ઞાન મેળવ્યું, તે બધામાં ધૂળ પડી: બધું ધૂળધાણી કર્યું" એમ દુર ઉભા લોક વાતો કરી, પડયા ઉપર પાપી પાટુ મારવા જેવું કરે છે! "આર્યના કુળાચાર છોડી, પોતાની મેળે છાની માંહોમાંહે અનીતિની પ્રીતિ, કુંવારાં, કરી: અહીં એ પાપ કર્યું તે અહીં ભોગવવુંજ જોઇયે." એમ ખાંતથી બોલી બોલી, દુનિયા દુભવ્યા કરે છે.

દુઃખમાં ભાગ.

૬૬

(ગોરા એકલી પડી, ગુલકાંત કેદમાં છે ત્યારે પોતાની બ્હેનપણી સુંદરી સાસરે ગયેલી છે તે હોય તો દુઃખ કેમ ઓછું કરે તે સંભારે છે.)

જલોદ્ધતગતિ છંદ: રાગ હિનઝીપુર્યા (પંથ રાવળી) તાલ ચતુશ્રજાતી તેતાલા માત્રા ૧૬ વિલંબકાળ.

"ન, દુઃખ તુજનું શકાય લઈરે,"
"નિહાળિ રડતી, પડાય રડિ રે!"
"વ્યથા તુજ વધે," કહી, જળભરે:
રડી સ્થિર કરે, સખી ગઇ અરે!

"બેન તારૂં દુઃખ લેવાતું નથી: તને રડતી જોઈ રડી પડાય છે, ઉલટું તેથી તારૂં દુઃખ વધે છે એમ કહી આંખમાં આંસુ લાવી રડે: એમ રડીને, મને સ્થિર કરી નાંખે, એ સખી ગઇ.

ચોપડીઓની સોબત.

૬૭

(પોતાની સખી નથી: હવે મન ક્યાં વાળવું? કરી ચોપડીયોની સોબત શોધતી ગોટા કહેછે: ગુલકાંતનાટકમાંથી.)

(**વૈશ્વદેવી છંદ.** રાગ બેહાગડા, તાલ વિજયાનંદ: માત્રા ૧૧ વિલંબકાળ.)

સંતાપો કાપે, સર્વદા શાંતિ સ્થાપે,
વિદ્યાસંતોષે નીતિસામર્થ્ય આપે:
ઉંચા આનંદે શ્રેષ્ઠ સંગે પમાડે,
સાહેલી પેઠે, ચોપડીયો રમાડે!

સંસારારણ્યે ભોમિયો તે ભુલ્યાંનો,
દીલાસો દુઃખે, માતજેવો વિસામો!
કાર્યે કર્તવ્યે, કારભારી કરેછે,
પ્યારાની પેઠે હર્ષ સ્પર્શે ભરેછે!

દુનિયા તને ગેરઇનસાફ કરેછે.

૬૮

(ગોટા ગુલકાંતપ્રત્યે દુનિયા ગેરઇનસાફ કરેછે એમ કહેછે.)

(**મયૂરસારિણી છંદ.** ગઝલ, ઇન્દ્રસભાને મળતા નાટકી રાગે ગવાશે.)

પ્રાણ પ્રાણ પ્રાણ પ્રાણ મારા!
બાંધવો બધાય શત્રુ તારા—ટેક.

સત્ય આગ્રહી સુવૃત્તિ તારી,
તે ગણાય, હાય! દુર્વિચારી;

દક્ષતા, મહાન તે, લવારો;
શૌર્યને કહે, બરો બકારો—પ્રાણ૦

બાજુઓ ન બેયને તપાસે,
આપની કચાશઃ દોષ ભાસેઃ
દૂરથી સુણી દિલે ઉતારે,
એકતર્ફી વાતને સ્વિકારે—પ્રાણ૦

વાતમાંહ્ય ઊતરે ન ઊંડા,
મોખરે થઇ કરેછે ભુંડા;
લાગણી ન લેશ બંધુતાની,
દૃષ્ટિ માત્ર દોષ દેખવાની—પ્રાણ૦

આપનું વદાય બ્હાર સારૂં,
એમ ચ્હાય, સ્વાર્થ સ્વલ્પસારૂ;
બુઝતા સુકાર્ય તે તમારૂં,
તોય લોકમાં કરે અકારૂં—પ્રાણ૦

દુઃખથી તપે ન લોહિ લેશે,
વાંક ગોતિ, ગાઈ, દૂર રે'શે;
સત્યતા પ્રમાણતા તથાપિ,
છાતિ છેક કાચિ, ઇશ આપી—પ્રાણ૦

આપનું અપૂરૂષત્વ ઢાંકે,
વાંક કાઢિ નામ તારૂં આંકે;

ચિત્ત ચીરતા કુવેણ બોલી,
સ્હાયતા કરે ન તે તો ઘો'ળી—પ્રાણ૦

સત્યનો પ્રતાપ અંત થાતાં, માન ખોટવા તમામ ધાતાં!
જૂઠ જોડિ જોડિ કે, ઘણેરૂં, જે જણાય ઠીક આપ કેરૂં—પ્રાણ૦

સદાચરણને દુઃખ?

૬૯

ચોપાઈ.

પ્રભુ! કેવો આ તારો ન્યાય?
સદાચરણને નહિ તુજ સ્હાય:
કરૂણાનિધિ તું થયો કૃતાંત,
માર્યો ગુણનિધિ તેં ગુલકાંત!

ગયો અંતરેથી વિશ્વાસ;
સત્ય જીતવાની ગઇ આશ;
ઉગતો આશાથી ભરપૂર,
છોડ ઉખેડિ કર્યો નિર્મૂળ.

ન્યાયનીતિપર ચડયું કલંક;
ઈશ્વરભક્તિ ન રહી અશંક;
વિદ્યા ગોઝારી થઇ આજ,
સતીપણાની પણ ગઇ લાજ.

સદ્વૃત્તિતણો આવ્યો ક્યાસઃ
કેવળ એ ભ્રમણાનો ભાસ.
શીળ સુજનતા સઘળાં વ્યર્થ,
મિથ્યા બુદ્ધિ કળા સામર્થ્ય.

રહ્યો બંધુથી કારિ વિજોગ!
રૂવે રૂવે છે, દુઃખ અથોગ!
રહ્યા વાયદા ખટકે ઘણા,
માત પ્રિયા ને બંધવ તણા!

વિણવાંકે વરતે છે ત્રાસ,
ફાટે ન્હાણો પણ તે પાસ;
દૂર રહિ જુએ બંધુ—સમાજઃ
આ શું માંડયું? ગરિબનિવાજ!

સગાંવહાલાં ફેરે સાથ, મ્હો મરડે છે, મૂકિ અનાથ!
ઓછો કરતાં ન દુઃખભાર, મારે ઉલટો મ્હેણાંમાર.

(ગુલકાંતને પુરાવો નાશ કરવા સારૂ કેદમાં મારી નાખવામાં આવ્યોછે એવી અફવા ફેલાઇ રહીછે. ગુણાકર ગુલકાંતના નાતભાઇઓની મદદ માગેછે તે આપવાની ના પાડવામાં આવેછે. ગુલકાંતની તરફેણમાં વર્તમાનપત્રોમાં તેણે આર્ટીકલો લખ્યા હતા, તે બાબત તેનાપર લાયબલની ફરીયાદ મંડાઇ, તેનો કોઇપણ જામીન ન પડે એવી ગોઠવણ કરી, વારંટથી તેને પણ કેદ કરવામાં આવેછે તે પ્રસગે તે બોલેછેઃ)

સાહેબ લોકનું ભણતર હત્યારૂં થયું.

૭૦

(સોરઠા)

(ગુલકાંતને મારી નાખ્યાની અફવા સાંભળી તેની મા શોક કરેછે.)

હત્યારૂં થયું આજ, ભણતર સાહેબ લોકનું !
ડૂબ્યું મારૂં ઝાઝ, ભર દરિયે વંટોળિયે.
ઘણાં લડાવ્યાં લાડ, તે આ દિવસ દેખવા,
ભણ્યો કરીને ચાડ, ઝેર હળાહળ ઝેરવા.

કુંપળ–કુણી ઉમેદ, અનુકુળ આશાજળ પિતી,
કચરિ કર્યો ઉચ્છેદ, દૈવ કાળમીંઢે અરે !
દીધું એવું જ્ઞાન, ફાટી મરજો તે ગુરૂ;
હું રણવગડે રાન, વલવલતી રહિ એકલી !

ઉપજાવ્યો સંતાપ, જે પાપીએ આવડો,
બળજો આપોઆપ, ફળફળતા મુજ શાપથી !
બાધા થઇ બધિ ફોક, દેવતણું દૈવત ગયું.
કળિયુગ થોકાથોક, આવ્યો આ તો કારમો.

માનવ કૃત્યો ઘોર, કરવા લાગ્યાં ઘાતકી,
નશિબ અવાચક જોર, મ્હે વરસેછે તે થકી !
થયો કારમો કોપ, નીતિ નામ સદતું નથી.
અનીતિ કેરો ઓપ, આજ ચડે છે એકલો !

પુત્રજન્મ જેવું મૃત્યુ.

૭૧

(ગુલકાંતને માર્યો એ અફવાથી શોક કરતી તેની માતાપ્રત્યે, ગોટાનો ઉપદેશ. ખરીરીતે ગુલકાંત જીવતો છે અને નાટકમાં અંતે તેનાં લગ્ન થાય છે.)

(**દોહરા**–પ્રભાતી ધોળ જંગલો, રામગ્રી, વગેરે અનેક ગંભીર ઊંડા રાગોમાં ગવાશે.)

માં! માં! માં! જલ ખેર માં! આજે છે આનંદ!
મંગળ ગાઈયે મલપતાં, આજે છે આનંદ!

સત્ય પ્રતિજ્ઞા નવ ચુક્યા, કર્યા ન વ્હાલા પ્રાણઃ
જિવતર તમ પુત્રે જિત્યું, વરતી વિશ્વે આણ,
માં! માં! માં!

વિદ્યા થઈ પરાક્રમી, ફળ ઉત્તમ સંતોષ!
હત્યારી દુનિયાં થઇ, તેનો શો અપશોષ?
માં! માં! માં!૦

આ સુખ, ને આ દુઃખ એ મનનાં માન્યાં માન!
મેં માન્યું તે સુખ મને, તેનું તને ન ભાન!
માં! માં! મા!૦

તમ પુત્રે સુખ જે ગણ્યું, તે લીધું ભરપૂર,
પ્રાણ ગયા તો તે સુખે, દુઃખ ન એને ઊર!
માં! માં! માં!૦

મરવું માતા સર્વેને, મરવું ઉત્તમ પેર !
પુત્ર જન્મસમ, મૃત્યુ આ, પૂજાશે ઘેર ઘેર !
માં ! માં ! માં !૦
સુખ સંસાર પ્રપંચનાં, કેવળ અનિત્ય, માત !
સુખ શાશ્વતને શોધિયું, એમાં શો ઉત્પાત ?
માં ! માં ! માં !૦
જગત બધું આ જાણશે, કરશે ચિત્ત વિચાર,
નીતિ તણાં સૌન્દર્યનો, મેળવશે અધિકાર !
માં ! માં ! માં !૦
ન્યાયાભિમાન જાગશે, કંઇ ચમકશે તેજઃ
રાજદ્વારે ઝૂઝશે, સુખ સહુ સાંપડશેજ !
માં ! માં ! માં !૦
સંસારી અંધેરને, ઓળખશે શુભપેર,
સ્રીને અંગે પેખશે, કુસંગ કેરૂં ઝેર !
માં ! માં ! માં !૦
ગૃહસ્થ ન ઉપેક્ષા કરે, સ્રીને દે સંસ્કાર;
બાળકહિતને બુઝશે, શ્રમ કરશે સુખકાર.
માં ! માં ! માં !૦
સંસારી વ્યવહારિને, રાજદ્વારી રંગ,
રગરગ રૂધિર નવું ધરે, એવો ઉચ્ચ પ્રસંગઃ
માં! માં! માં૦!

સદ્વર્તનના યજ્ઞમાં, દિધું પ્રાણ બલિદાન!
જમે પ્રસાદી જગત આ, સ્વર્ગે શોભે સ્થાન;
માં! માં! માં!૦
કૃતઘ્ન ને વણમેરિયાં, માજી! લોક તમામ;
રૂઠે, તુઠે, તેનું નથી, કાંઇ આપણે કામ!
માં! માં! માં!૦
ઇશ્વરના દરબારનો, કરવો એક વિચાર!
માણસથી ડરવું કશું? ઇશ્વરનો ઇતબાર!
માં! માં! માં!૦
ચરણ હું સેવિશ આપના, છો મુજ માજી! દેવ;
દાસી થઇને ભક્તિથી; પ્રભુ ભજશું અહમેવ!
માં! માં! માં!૦
દુનિયાંના દુર્વૈભવો, તેથી છેક ઉદાસ,
સદ્વર્તન સંતોષમાં, જગ કરિયે ઉપહાસ!
માં! માં! માં!૦
તમ સુતની મેં ચીતરી, છબ્બી હસતી છેક,
પ્રેમઆંસુથી પ્રતિદિને, આચરશું અભિષેક!
માં! માં! માં!૦
અંતે પ્રભુ બોલાવશે, પ્રિયને મળશું માત!
અખંડ સુખમાં મ્હાલશું, માજી દિનને રાત!
માં! માં! માં!૦

નાદવિનોદ.

दृष्टं किमपि लोकेऽस्मिन्न निर्दोषं न निर्गुणम् ।
आवृणध्वमतो दोषान्विवृणध्वमतो गुणाः ॥

चण्डकौशिके

દોહરો.

દિઠું કાંઇ આ લોકમાં, ન નિર્ગુણ, ન નિર્દોષ,
દૂર કરીને દોષને, ગ્રહણ કરો ગુણકોષ.

રાજ્યશ્રીયુત વિદ્વન્મુકુટમણિ **કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ.** અમદાવાદ ટ્રેનિંગ કાલેજના માજી પ્રિન્સિપાલ, અને ભુજના કુમારશ્રીના શિક્ષક, તા૦ ૧૭ નવેંબર ૧૮૯૫ ના અનુગ્રહપત્રમાં લખે છે કેઃ—તમે મોકલેલો **નાદવિનોદ** હું વાંચી ગયો છું એનો પદ્યબંધ **સરળ** અને **મધુર છે. નવનવા છંદ** રચવાની તમારી **કુશળતા સારી છે.** તમારી કવિતામાં **મનોભાવનું પ્રદર્શન** પણ ઠીક છે, અને તે તમારી સંસ્કારી પ્રતિભાની સાક્ષી આપે છે.

તા૦ ૧૫–૧૨–૯૫ ના પત્રમાં તેઓ શ્રીમાન્ લખે છે કેઃ તમારૂં નાટક જોયાવગર તે નાટકના કવિતાત્મક અંશ વિષે અભિપ્રાય આપવો એકદેશી લેખાય, એ કારણથી હું છૂટથી મારો અભિપ્રાય આપી શકતો નથી, તોપણ મેં મારા ગયા પત્રમાં લખ્યું છે, તે હું અહિં પણ ફરીથી લખું છું કે, તમારી **નાદવિનોદની કવિતાથી** મને **આનંદ** મળ્યો છે.

રાજ્યશ્રીમાન **શીઘ્રકવિ શતાવધાની શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટ,** એઓ મોરબીથી સા૦ ૧૯૫૨ ના માગશર શુદી ૧૦ સોમવારના પત્રમાં લખે છે કે, કેટલીક પ્રવૃત્તિમાં હોવાથી સંપૂર્ણ અવલોકન કરી શક્યો નથી, તોપણ કેટલોક ભાગ જોઇ ગયો છું, તેમાં તમારી **કવિતા સારી છે,** તે ઉપર **વિસ્તારથી ટીકા ઉત્તમ** આપી છે. ઉદાહરણમાં **ગુલકાંત નાટકના** જુદાજુદા છંદોબધ્ધ કવિતા આપી છે તે જોતાં નાટક રસિક જનોને આનંદ આપે એવું છે. તમારો **શ્રમ ઘણો ઉત્તમ** છે અને સંગીતશાસ્ત્રના અભ્યાસિ લોકોને **નાદવિનોદ અતિ વિનોદકારક** થઇ પડશે.

ગુજરાતી (તા૦-૨૨-૧૨-૯૫ ના અંકમાંથી). દરેક કવિતા ઉપર **ખાશી વિગતવાર સમજણ** આપી છે કારણ કે **કેટલીક રીતે કવિતા શિથિલ** અને **શબ્દો અનનુક્રમે** છંદનાં ગણુતાલ બેસાડવાને માટે મુકેલા છે. **કિલષ્ટ રચના ઘણી** છે, એટલે આવી **નિરવશેષ** (Exhaustive) **ટીકા** લખી છે એ સકારણ શ્રમ છે. × × × **વિષયો આજના વિચારને મળતા** છે, અને **કાંઈક સુભાષિત** જેવાં પુસ્તકનાં **અનુકરણ જેવું** છે. છંદો **સારા** છે, એટલુંજ નહીં પણ કંઇક **ભાવ** પણ **મન પ્રસન્ન કરે તેવા** છે.

નવી રચનાનો, **નાદવિનોદ,** નવો ન્હાનો, વિસ્તીર્ણ ટીકાવાળો, ગુજરાતી **કવિતાપ્રબંધ** છે. માનવીનાં મન અને ઇતિહાસમાં, ધર્મ અર્થ, કામ, મોક્ષ, એ તેના પુરૂષાર્થોના સંબંધમાં, ભિન્નભિન્ન અવસ્થા અને સંજોગોની સંકળનામાં, ભાતભાતના, માનસિક સુંદરતાની ઝાંખી આપનારા, અગાધ રસથી ભરેલા, વાણીથી ન વર્ણવાય એવા, અનેક **ચમત્કાર** અને **અનુભવ** થાય છે. ભાગ્યવાન **કવિ, એ ચમત્કાર** અને **અનુભવની** માનસિક દુનિયાનું **ચિત્ર,** પોતાના **સરળ, મધુર,**

સુંદરી પેઠે વશીકરણ કરનારા, પ્રેમાદિક હલકવાળા, **નાદની** લેખણથી, રસિક અંતઃકરણના પટપર, પાડે છે. એવો સમર્થ **નાદ, વિનોદ** આપી ત્રિવિધ તાપથી તપાએલાને આરામ ઉપજાવી, પામર માનવજીવનના ઉત્કર્ષની કોટિની ઝાંખી કરાવે છે; તે દિશામાં જગતને પ્રેરે છે. એ પ્રકારના અધિકાર ઉપર આ **'નાદવિનોદ'** ગ્રંથનો ક્ષુલ્લક યત્ન છે. તેમાં અદ્રિતનયા, સ્ત્રગ્ધરા, સુમધુરા, સ્વાગતા, પ્રમિતાક્ષરા, શાર્દૂલવિક્રીડિત, શાર્દૂલલલિત, લલિત, વસંતતિલકા, અનુષ્ટુપ્, નારાચ, શિખરિણી, ત્રિભંગી, ભુજંગી, માલિની, નવમાલિની, મહામાલિની, મધ્યક્ષામા, અસંબાધા, ભદ્રિકા, ઉપજાતિ, સમાનિકા, પ્રભાવતી, મંદાક્રાંતા, ચિત્રલેખા, મોતિદામ, ઇન્દ્રવંશા, દોધક, ગીતિ, ચરણાકુળ, છપય, ચોપાઇ, ચોપાયા, દુહા, સોરઠા, લાવણી, ગજલ, દાદરા, રથોદ્ધતા, ચંદ્રવર્ત્મ, ચંદ્રિકા, કુમુદ, પૃથ્વી, હરિણી, વિભાવરી, મત્તા, વગેરે **છંદોનું પ્રદર્શન** છે; તેથી પિંગળના અનુરાગીઓને તે આનંદ આપશે. એ છંદો કયા રાગ રાગણીમાં તાળમાં ગવાય તે પ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી જામનગરવાસી શ્રીમાન્ આદિતરામજી સુત કેશવલાલજી, તથા વડોદરાવાસી પ્રોફેસર મૌલાબક્ષજી એમનાં પ્રમાણથી દર્શાવ્યું છે; તેથી **નાદ–સંગીત** શાસ્ત્રના જિજ્ઞાસુ અને અનુભવીયોને તે યત્કિંચિત્ અભિનવ **વિરામ–ભાજન** છે. એ કવિતાઓમાં ઘરસંસારની, વ્યવહારની, ભક્તિનીતિની, વિદ્યા, કેળવણી અને સદ્વિચારની, ઇનસાફ અને રાજદરબારની, આચારવિચારની, કાંઇક **છબ્બીયો** પાડેલી છે. જીવનના જુદા જુદા આશ્રમો અને વ્યવસાયોનાં, વિકારો અને વિચારોનાં, અર્વાચીન અને પ્રાચીન ચિત્રો કંઇકંઇ જોડાજોડ મૂકયાં છે; તેથી **નાદવિનોદ** એક ન્હાની **તાત્વિક તખતી** અને **ઇતિહાસિક** આરસી છે; માનવી, દૈવી, **મનોભાવનું** તે એક **પ્રદર્શન** છે; મનની **મીમાંસાનું** તે એક સંક્ષિપ્ત, સુયુકત, સુંદર, **દર્શન** છે; ન્હાની માનસિક સૃષ્ટિની મુસાફરીનું તે વર્ણન છે; સરળતા, મધુરતા, અને ફળદ્રૂપતાથી **સર્વશક્તિવંત સુંદરીબોધનું** તે એક સાધન છે. કુટુંબપરિવારના,

જનસમાજના, વ્યવહાર કાર્યમાળાના, અને રાજયદ્વારના સંબંધોની ચર્ચા સહિત હોઇ ધર્મ, અર્થ, કામ, (શૃંગાર) અને મોક્ષનાં મનોરમ પદ્યોથી **નાદવિનોદ** પટની ગુંથણી થયેલી છે. કવિતાના રસ, અલંકાર, ભાવ, વિભ્રમથી એ **વિનોદક નાદ** કંઇક સબળ અને સફળ છે.

ચાર ચરણની **એક કવિતામાં એકજ પરિપૂર્ણ ઉક્તિ** રચવાની સંસ્કૃત કાવ્યશૈલીને અનુસરવા આ કવિતાઓમાં યત્ન થયેલો છે. ક્વચિત્ અન્યોક્તિ, ક્વચિત્ ગૂઢોક્તિ, વક્રોક્તિ, ને ક્વચિત્ સ્વભાવોક્તિ એ કવિતાઓમાં છે; ક્વચિત્ ક્વચિત્ અર્થની નવનવી છાયાનું ટીકાથી સ્ફૂટ નિરૂપણ થતાં રસિક વાચનારને તેમાં રસ ઉપજ્યાવિના રેહેતો નથી. બનાવો ને પ્રસંગોમાંથી તારવી કાઢેલા ભાવ અને તાત્વિક વિચારોની સંસ્કૃતમાં કવિતા સાધારણ છે, પણ ગુજરાતી સાહિત્યમાં તે અસાધારણ છે; નાદવિનોદમાં એ પ્રકારનું પણ કંઇક કંઇક છે. આ સર્વ સંજોગોમાં **નાદવિનોદ**નો પદ્યબંધ, વિદ્વન્મણિ, સાહિત્યશાસ્ત્રી, શ્રીમાન્ કેશવ હર્ષદ ધ્રુવ. બી. એ. એમને **'સરળ' 'મધુર'** 'સારી કુશળતાથી રચાએલા નવનવા છંદોયુક્ત' 'મનોભાવનાં સારાં પ્રદર્શન'રૂપ, 'સંસ્કારી પ્રતિભા'ની સાક્ષી આપનાર, 'આનંદ આપનાર' દેખાયો; શીઘ્રકવીશ્વર, શતાવધાની, શાસ્ત્રી, શંકરલાલ માહેશ્વર એમને, નાદવિનોદની કવિતા સારી, 'ટીકા વિસ્તારવાળી ઉત્તમ' 'જુદીજુદી છંદોબદ્ધ કવિતા રસિક જનોને આનંદ આપે એવી' સંગીતશાસ્ત્રના અભ્યાસિયોને અતિ વિનોદકારક થઇ પડે એવું, શ્રમ ઘણો ઉત્તમ, એમ પ્રતીતિ થઇ; અને 'ગુજરાતી' પત્રને, **કેટલીક રીતે** કવિતા **શિથિળ**, શબ્દો **અનનુક્રમે** છંદના **ગણતાલ બેસાડવાને** માટે મૂકેલા, **ક્લિષ્ટ રચના ઘણી,** આપેલી **નિરવશેષ** (Exhaustive) ટીકાના શ્રમ-ની એ કારણથી સકારણતા, દરેક કવિતાપર **ખાશી વિગતવાર સમજણ; વિષયો આજના વિચારને** મળતા, **કાંઇક સુભાષિત જેવાં પુસ્તકના અનુકરણ જેવું, છંદો સારા,** એટલુંજ નહીં પણ **કંઇક**

ભાવ ખણુ **મન પ્રસન્ન** કરે તેવા, નાદવિનોદનો શ્રમ કર્તાની મન-પ્રસંદગીનો છે, તેથી તેમાં તે સારો હશે, એ પ્રકારનું દર્શન થયું. ત્રણે વિદ્વાન અવલોકનકારોની ત્રણ દૃષ્ટિનાં એ ત્રણ દર્શન છે. તેનો સાર સુજ્ઞ વર્ગ સહજ સમજશે.

કીમ્મત **આના આઠ.** ટપાલ ખર્ચ અર્ધો આનો જુદું. થોડીજ નકલો છપાવી છે. તૈયાર મળશે.

ઠેકાણું:—

મુંબઇ—કાળકાદેવી રોડ, તેલવાડીને નાકે, બુકસેલર

વસનજી પ્રમાણંદ ચાહવાળાની દુકાન.

મુંબઇ—તાર- દેવ, શંકરશેઠની વાડી. (તા૰—૨૨—૧૨—૯૫)	**વિજયશંકર વી૰ પ્રાણશંકર ઢેબર.**

ગુલકાંત અને ગોટાલક્ષ્મી.

—:o:—

એક નવીન નાટક.

નાટકનો કવિતાત્મક ભાગ **નાદવિનોદ** એ નામે
પ્રગટ થતાં મળેલા અભિપ્રાય.

१

कविता सारी छे; नाटक रसिक जनोंने आनंद आपे तेवुं छे.

(શીઘ્ર કવીશ્વર, શતાવધાની, શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર, મોરબી.)

२

नादविनोदनो पद्यबन्ध सरळ अने मधुर छे. नवनवा छंद रचवानी तमारी कुशळता सारी छे. तमारी कवितामां मनोभावनुं प्रदर्शन पण ठीक छे, अने ते तमारी संस्कारी प्रतिभानी साक्षी आपे छे.

तमारी कविताथी मने आनंद मळ्यो छे.

(વિદ્વન્મણિ કેશવ હર્ષદ ધ્રુવ, બી. એ. ભુજ.)

३

विषयो आजना विचारने मळता छे. छंदो सारा छे. एटलुंज नहीं पण कंइक भाव पण मन प्रसन्न करे एवा छे.

(ગુજરાતી, મુંબઈ, તા૦ ૨૨-૧૨-૯૫.)

નાટકનો સમય, અર્વાચીન કલ્પેલો છે. ઈંગ્રેજી રાજવ્યવસ્થાના સામ્રાજ્ય હેઠળનાં રાજસ્થાન સરખાં કલ્પિત નાટકનાં સ્થળ બનાવ્યાં છે. નાટકની કથા, યુરોપીયન કેળવણીની અસરોથી વિકૃત થયેલ ભરતખંડની આર્યપ્રજાના કુટુંબપરિવારમાં, જનમંડળમાં, વેહેવારમાં અને રાજદરબારમાં હાલ ઝાંખી કરાતાં સ્વરૂપની ગુંથણીથી રચેલી છે. રસ શૃંગાર અને કરૂણા પ્રધાન છે. શૈલી સંસ્કૃત અનુસરવા યથાશક્તિ યત્ન કર્યો છે.

નાયક **ગુલકાંત** ઉચ્ચ કુલીન બ્રાહ્મણ તરૂણ, ધર્મપરાયણ, ભક્તિમાન્, સદ્વૃત્તિવાન્, નીતિમાન્ નિડર, ઉગ્રબુદ્ધિ, કુટુંબવત્સળ, બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમના સંધિકાળમાં, તેની માતા **અંબાબાઇ** અને મિત્ર **ગુણાકર** સાથે, પાળી જાત્રા કરવા, ઋષિના આશ્રમો વગેરે આર્યપ્રજાના પ્રિય, વનના દેખાવો વાળાં, એક તીર્થ સ્થળમાં પ્રથમ પ્રવેશ કરે છે.

યાત્રા કરવા એજ અરસામાં, દેશાંતરનું, એજ જ્ઞાતિનું, એક કુટુંબ ત્યાં આવેછે, તેમાં નાટકની, નાયકા **ગોટાલક્ષ્મી** છે. બન્ને કુટુંબો એક બીજાના સહવાસમાં આવેછે. સાથે ક્ષેત્રમાંનાં સર્વે તીર્થ કરે છે; સાથે ઉતારા કરે છે; સાથે ખાય છે, પિયે છે. ઘાત હોવાથી **ગોટાને** કુંવારી મ્હોટી કરેલી છે. **ગુલકાંત** અને **ગોટાને** પ્રસંગ પડતાં, એક બીજામાં એક બીજાના ગુણથી, એક બીજાની છાપ પડે છે. ક્રમથી, એક બીજાં, એક બીજાને મીઠી નજરે જુએછે, અને ઇચ્છેછે, તથા એક બીજા માટે આતુરતાથી યત્ન કરે છે. **ગુલકાંત**ની માતા **ગોટાના** પિતા **જયરાય** પાસે માગાં કરે છે.

યાત્રા કરી ફરતાં જુદા પડવાનો સમય આવી લાગે છે; પરતુ રસ્તે **ગુલકાંત**નું **સુમનપુર** નગર આવતાં, ત્યાં **જયરાય**ના કબીલાને આગ્રહથી રોકી મેમાનગીરી આપવામાં આવે છે. **ગોટાને સુમનપુર** જોવાનો મનોરથ છે, એમ **જયરાય**ના જાણવામાં હતુંજ, તથા ગુલ-

કાંત, **ગોટા**, **અંબાબાઈ**, એ સર્વને આગમજથી રોકવાનો સંકેત હતો; **ગુલકાંત** અને **ગોટા** એ સ્થિતિમાં મળી, બે દિવસ ભેળાં રહી, બહુ દુઃખમાં, ભવિષ્યની આશામાં જુદાં પડે છે.

ગુલકાંત પોતાના વિદ્યાભ્યાસના પ્રસંગમાં **વિદ્યાનગર** જાય છે; ત્યાંથી ફરતાં રસ્તે **ધનપુર** ગોટાના નિવાસસ્થાનમાં આગળના સંકેત પ્રમાણે ઉતરે છે. **જયરાય તરફથી**, તેની ગેરહાજરીમાં, **ગુલકાંતની** આગતા સ્વાગતા, **જયરાયની** આગમજથી થયેલી આજ્ઞાથી **ગોટા** કરે છે. ગોટાની પસંદગીને અનુમોદન આપવા **જયરાયે** જણાવેલા વિચારની, તથા **ગોટા** તરફથી તેની સખિયે **ગુલકાંતને** વરી ચૂક્યાની વાત કહેતાં, તે **જયરાયે** સ્વીકાર્યાની વધામણી **ગુલકાંતને** અહીં મળે છે. **ગોટાસાથે** અહીં બે ઘડી તે સુખમાં બેસે છે, એવામાં તેની અદૃષ્ટિમાં બની ગયેલો બનાવ અજવાળામાં આવતાં તેની આશાઓ દૂર જતી રહે છે.

ગોટાની ઓરમાન મા **ચમેલી** છે. **જયરાય** પરગામ કામપ્રસંગે ગયેલ છે. દરમીયાન સારા ઘરનો એક વર ખાલી પડયો હતો; **ચમેલીએ** તે જોડે **ગોટાનું** સગપણ કર્યાનું છાનું કહેણુ કહી મેલ્યું છે. તેણે છાની રીતે **ગુલકાંત** વિષેનો **જયરાયનો** સંકલ્પ જાણેલો છે, તથાપિ તે સંકલ્પ પ્રસિદ્ધ થયેલો નથી તેનો લાભ લઇ, તેનાપર ચલાવવામાં આવેલા વગથી દોરવાઇ, એ પગલું ભરેલું છે. **ગુલકાંત** આવે છે તેજ રોજ **ધનપુરમાં જયરાય** પણ પરગામથી આવે છે. બનેલો બનાવ જાણી તે ખેદ કરે છે. **ચમેલી**વાળા વરનો કાકો **રામરાય ધનપુર** રાજ્યમાં, **જયરાયની** નાતમાં, કર્તા હર્તા છે. **જયરાય** ચમેલીનું કર્યું કબુલ કરતો નથી, તેથી નાત તેનો તિરસ્કાર કરે છે. **જયરાયનો** એક પાડોસી સામા પક્ષમાં છે; તેના દીકરાની વહુ સુતી હતી ત્યાં, **ચમેલી**, **પોતાની** તેનાતના એક સિપાઇને મોકલી, છાનોમાનો તેના ગળાનો કંઠો ઉતરાવી,

મશ્કરીસારૂ સંતાડે છે. તે વાત આ પ્રસંગમાં બનતાં, પાડોસી, ચોરીની ફરીયાદ કરે છે; **રામરાય**ના વગથી, **જયરાય, ચમેલો,** અને નોકર સિપાઇને પોલીસ કેદ પકડે છે. અહીં પોલીસ, માજીસ્ટ્રેટ, ઉપરની કોર્ટ, વકીલો, વગેરેના ભાગ આવે છે. **ગુલકાંત જયરાય**ની વકીલાત કરી તેને છોડાવે છે. **રામરાય** રાજસત્તાથી **ગુલકાંત**ને પકડાવી પુરી મુકે છે, અને **જયરાય**ના ઘરપર ચોકી પોહોરો બેસાડે છે.

ગુલકાંતનો મિત્ર **ગુણાકર** પોલીટીકલ એજન્ટ પાસે ફરિયાદ કરે છે; તપાસ થાય છે; વર્તમાનપત્રોમાં **ધનપુર** સ્ટેટના અંધેર કારભારનો પોકાર **ગુણાકર** ઉઠાવે છે. તે એક લાયબ્રરીના દેખાવથી બતાવવામાં આવે છે. **ધનપુરના** રાજાને વૃદ્ધપણાંના કારણથી રાજ્યભાર કેળવાએલા કુમાર **વિક્રમદેવને** સોંપી દઇ, રાજ્યમાં વ્યવસ્થા લાવવા, અને તે રીતે ગેરકારભારના વાંકની ઇંગ્રેજસરકાર પદભ્રષ્ટ કરી શિક્ષા આપે તેથી બચવા સલાહ આપવામાં આવે છે; તે સ્વીકારવા રાજા તૈયાર થતાં, કુમારના અભિષેકથી જેનો સ્વાર્થ હાનિ પામતો હતો તે હજુરીયાઓ બીજા નાલાયક કુમારને આગળ કરી, રાજાને ઝેર દઇ મારે છે. **ગુણાકર** કુમાર **વિક્રમદેવને** મળ્યો છે; તે **ગુલકાંત**ને થયેલા ગેરઇનસાફનો બદલો આપવા, તથા તેની લાયકી અને શક્તિનો પોતે લાભ લેવા ઠરાવ કરે છે.

વિદ્યાનગરના પંડિત **શંકરનાથને સરસ્વતી** નામે યુવાન ડાહી, ભણેલી, સદ્‌ગુણી, પુત્રી છે, તેને માટે વર ગોતતાં **ગુલકાંતને** તે પસંદ કરે છે. **અંબાબાઇ** ઉપર તેનો પત્ર આવતાં **અંબાબાઇ** તે કબુલ રાખે છે. **સુમનપુરથી ધનપુર** આવી **ગુલકાંતને સમજાવી, ગોટાને** તજી દેવરાવી, તેને છોડવવા યત્ન કરે છે; **ગુલકાંતને તે સમજાવી લેશે** એ વિચારથી તેને કેદખાનામાં મળવા દેવામાં આવે છે. **ગુલકાંત** પોતાની પ્રતિજ્ઞા છોડતો નથી.

વિદ્યાનગરના પંડિત **શંકરનાથ** ગુલકાંતની હકીકત જાણી ઈંગ્રેજદરબારમાં પોતાની પ્રતિષ્ઠા અને વગથી **ધનપુરના** રાજદ્વારીયોયે, ગુલકાંતપર કરેલા જુલમનો ઇનસાફ કરવા, એક કમીશનર તત્કાળ નીમાવે છે. તેની કચેરી ધનપુર આવેછે. **ધનપુરની** રાજ્યલગામ કુમાર **વિક્રમ-દેવને** તત્કાળ સોંપવાના સરકારના ઠરાવનો અમલ કરવા ઈંગ્રેજ અમલદારો **ધનપુરમાં** આવ્યા છે. **રામરાય**, અને **ધનપુરનો** વજીર પુરાવો ઉડાવી દેવા, **ગુલકાંતને** છુપી રીતે એક ખીણુમાં ફેંકી દઇ મારી નાંખવા કેદખાનામાંથી કઢાવી મોકલે છે. લઇજનારાઓ ખીણુમાં ફેંકે છે. જાહેર કરવામાં આવે છે કે, **ગુલકાંતે જયરાયના** મુકરદમામાં **ધનપુરના** મહારાજાની કોર્ટનો તિરસ્કાર કર્યો હતો તે વાંકથી તેને કેદમાં રાખ્યો હતો, ત્યાંથી તે નાસી ગયો છે. તેને પકડવાનાં ઇનામ કાઢ-વામાં આવ્યાં છે.

ગોટા, રાજમાતા **મદાલસાની** સહાય માગે છે. તેની એક દાસીને **ગુલકાંતને** ખીણુમાં ફેંકી દેનાર એકજણુ છાની રીતે તે કથા કહે છે. **મદાલસાને** તે દાસી તે વિદિત કરે છે. કુમાર **વિક્રમના** કાનપર તે વાત પહોચતાં ખીણુમાં તપાસ કરવા તે જાતોજાત જાય છે.

ગુલકાંતને મારી નાંખ્યો, એવી અફવા શેહેરમાં ચાલી રહી છે, તે સાંભળી ગુલકાંતના કુટુંબીઓ કઠણુ અનુભવ કરે છે; **અંબાબાઇ** શોક કરે છે, અને ઈંગ્રેજી ભણુતરપર બધો દોષ મુકે છે. **ગોટા** તેનું સમાધાન કરે છે અને નીતિ, ટેક, સદ્વર્તનનો સંતોષ, જગતનું મિથ્યા-પણું, સુખદુઃખનો મન ઉપર આધાર, ગુલકાંતે ગણેલાં સુખમાંજ તેના પ્રાણુ સુખથી ગયા, સુપુત્રના જન્મ જેવું એ મૃત્યુ છે, વગેરે વાતો કરેછે.

સાંકડી અગાધ ખીણુમાં ફેંકાએલા ગુલકાંતની ઇશ્વર રક્ષા કરે છે. જરા નીચે ગબડયા પછી બાંધેલો બંધ અકસ્માત્ ત્રુટે છે. સાંકડી ખીણુની ભેખડને બે બાજુ ટેકી ટેકી તે બહાર નીકળી જંગલમાં પોતાના

સંતોષમાં, પોતાની માતા, મિત્ર, પ્રિયા, વગેરે શું કરતાં હશે, તેને મળતાં કેવો આનંદ થશે, વગેરે, વિચારતો ચાલ્યો આવે છે. **વિક્રમદેવ** તેની સાથે થઇ ગયેલ છે. કમીશનરની કચેરીમાં વજીરપર મુકરદમો સાબીત થઇ તેને શિક્ષા થાય છે.

કુમાર **વિક્રમદેવ**નો રાજ્યાભિષેક, દરબાર ભરી, ઇંગ્રેજ પ્રતિનિધિ કરે છે; વિક્રમ, **ગુલકાંત**ને સેક્રેટરી નીમે છે. **ગુલકાંત**ને મારી નાંખવા મોકલ્યા પછી તેના મિત્ર **ગુણાકરને** ન્યુસપેપરમાં લાયબલવાળા લખાણ છપાવવા માટે **રામરાયે** પકડાવેલો હતો તે હવે છુટો થાય છે.

ગુલકાંત અને ગોટાનાં લગ્ન થાય છે. તે બે કેવાં હેતથી રહેછે, તેનાં કુતૂહળ ઉપજાવે એવાં આનંદદાયક ચિત્ર સાથે નાટક સત્યના બેલી ઇશ્વરને સંભારતું સમાપ્ત થાય છે.

આખા નાટકમાં પાંચ અંક અને ૨૭ પ્રવેશ છે. અનેક પાત્રો, કુટુંબી, સંસારી, વ્યવહારી, અને રાજદ્વારી ચિત્રો, ભક્તિ, ધર્મ, નીતિ, વિદ્યા, આર્યોનો વર્ણાશ્રમધર્મ, પ્રાચીન અર્વાચીન આર્યોની કેળવણી તથા જીંદગી ભોગવવાની રીતભાત, વગેરેના અનેક ઉપબનાવો અને વિચારોથી નાટક ભરપૂર છે.

કવિતા સઘળી ઘટતે પ્રસંગે, ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ઠ પાત્રોના દરજ્જા, સમય, અને વિષય વિચારીને ઘટે ત્યાંજ યોજેલી છે. લગભગ બધી કવિતા ગુજરાતી સાહિત્યને નવનવા એવા છંદો બદ્ધ છે, અને દરેક છંદ, સંગીતશાસ્ત્ર પ્રમાણે કયા રાગ રાગણી તાલમાં ગવાય, તે પ્રસિદ્ધ સંગીતશાસ્ત્રીઓના પ્રમાણથી બતાવ્યું છે. તે સઘળી કવિતાઓ વળી સંસ્કૃત કાવ્યશૈલીને ધોરણે રચેલી છે. **નાદવિનોદ**માં એમાંથી ચુંટેલી ઘણીક કવિતા છે. ચાર ચરણની એક કવિતામાં, એકજ પરિપૂર્ણ ઉક્તિ રચવાની કોશીશ કરી છે. ક્વચિત્ અન્યોક્તિ, ક્વચિત્ ગૂઢોક્તિ, વક્રોક્તિ ને ક્વચિત્ સ્વભાવોક્તિ એ કવિતામાં છેજ. ક્વચિત્ ક્વચિત

અર્થની નવનવી છાયાની ઝાંખી થતાં આનંદ ઉપજ્યાવિના રહેતો નથી. બનાવો અને પ્રસંગોમાંથી તરી રેહેતા ભાવ અને તાત્વિક વિચારોની કવિતાઓ પણ એમાં છે. વિદ્વન્મણિ, સાહિત્યશાસ્ત્રી, શ્રીમાન્ કેશવ હર્ષદ ધ્રુવ. બી. એ. એઓએ **નાદવિનોદ**માં એ કવિતાઓ વાંચી તેને **સરળ, મધુર** સારી **કુશળતા**થી રચાએલા છંદોબદ્ધ, **મનોભાવનાં સારાં** પ્રદર્શન રૂપ, **સંસ્કારી પ્રતિભાની** સાક્ષી આપનાર, આનંદ દાયી કહી છે. શીઘ્રકવીશ્વર શતાવધાની શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર એમણે **કવિતા સારી, નાટક રસિકજનોને આનંદ આપે** એવું કહ્યું છે. ગુજરાતીપત્રે **છંદો સારા, અને કંઇક ભાવ મન પ્રસન્ન** કરે એવા કહ્યા છે.

કીમ્મત રૂ. ૧॥; ટપાલખર્ચ જુદું; પાકું સુશોભિત પુઠું થશે. બનશે તો પ્રસંગને ઘટતાં સુંદર ચિત્રો થોડાં ઘણાં મુંબઇના જાણીતાં ચિત્રકામ કરનાર કારખાનામાંથી તૈયાર કરી નાટકમાં મૂકવામાં આવશે. અરધું છપાઈ ગયું છે.

નામ નોંધવાનાં ઠેકાણાં:—

મુંબઇ—કાળકાદેવી રોડ, તેલવાડીને નાકે બુકસેલર

વસનજી પ્રમાણંદ ચાહવાળાની દુકાન.

મુંબઇ—તાર-
દેવ, શંકરશેઠની વાડી.
(તા૦—૨૨—૧૨—૯૫)

વિજયશંકર વી૦ પ્રાણશંકર ઢેબર.

વેહલો તે પેહલો.

—o:※:o—

ફક્ત દરેકના દશ દશ લાટો છે પાણીને મુલે જાય છે.

લાટ નંબર ૧ લો.

(રૂ. ૧૧ ની ચોપડીઓના ફક્ત રૂ. ૭)

૧	અરેબિયન નાઇટ્સ સંપૂર્ણ ચિત્ર સાથે... ...	૩—૦—૦
૨	કથાસરિત સાગર સંપૂર્ણ બન્ને ભાગ.	૩—૮—૦
૩	જનાનખાનાની બાબીઓ સંપૂર્ણ.	૨—૦—૦
૪	હાજીબાબા (એક રમુજી વાર્તા)	૧—૪—૦
૫	સોરઠી સોમનાથ એક ઇતિહાશીક નોવલ. ...	૧—૪—૦
		૧૧—૦—૦

ઉપર જણાવેલ પ્રજાપ્રીય પાંચ પુસ્તકો એકદમ સાથે મંગાવ-નારને ફક્ત સાત રૂપીઆમાં આપી દેવામાં આવશે પોષ્ટેજ રૂા. ૧ા જુદો.

લાટ નંબર ૨ જો,

(રૂ. ૬ાા ના પુસ્તકો ફક્ત ત્રણ રૂપીઆમાં)

૧	રૂંપસુંદરી વિજય.	૦—૧૦—૦
૨	મદન મંજરી.	૦—૧૦—૦
૩	ચંદ્ર ચંદ્રીકા.	૦—૮—૦
૪	કામશેન રશીકા.	૦—૬—૦
૫	ગોપીચંદ્ર.	૦—૬—૦
૬	વંશતસેના ચારૂદત.	૦—૮—૦
૭	કમળકાંતા.	૦—૧૦—૦
૮	વૈરાટ પંચાળી.	૦—૬—૦
૯	દમયંતી સ્વપર.	૦—૮—૦

૧૦	લલિતા દુઃખ દર્શક....	૦—૮—૦
૧૧	સતી સુલોચના.	૧—૦—૦
૧૨	તારા લક્ષ્મી.	૦—૮—૦
		૬—૮—૦

ઉપર જણાવેલ ૧૨ ચોપડીઓ એકદમ સાથે મંગાવનારને ફક્ત ત્રણ રૂપીઆમાં મળશે પોષ્ટેજ રૂ. ૦॥। જુદું.

લાટ નંબર ૩ જો.

(રૂ. ૧૦ ના પુસ્તકો ફક્ત ૫ રૂપીઆમાં)

૧	મીકેનીકલ ઇન્જીનીયરનો સાથી.	૪—૦—૦
૨	હુન્નર સાગર મોટું (૨૦૦૦ હુન્નરો)... ...	૨—૦—૦
૩	ઇન્ડયન જાદુગર (ઈંદ્રજાળવિદ્યા)	૨—૦—૦
૪	મેશ મેરીઝમ.	૧—૦—૦
૫	ટરનર અને ફીટર.	૧—૦—૦
		૧૦—૦—૦

ઉપર જણાવેલ પાંચ પુસ્તકો એકદમ સાથે મંગાવનારને ફક્ત પાંચ રૂપીઆમાં મળશે પોષ્ટેજ રૂ. ૧ જુદું.

લાટ નંબર ૪ થો.

૧	અખાની વાણી.	૧—૦—૦
૨	ભાવાર્થ સિંધુ (વિષ્ણુબાવાકૃત)	૧—૦—૦
૩	ભાવાર્થપ્રકાશ પરમાત્મા સ્વરૂપ સંબંધી જ્ઞાન બતાવનાર પુસ્તક.	૧—૪—૦
૪	જ્ઞાન ચક્ષુ.	૦—૪—૦
૫	જ્ઞાન ઉપદેશ.	૦—૪—૦
૬	ભજનીક કાવ્ય સંગ્રહ.	૧—૮—૦

૭	ભજન ભંડાર.	૧—૪—૦
૮	મુર્તીદર્શન.	૦—૪—૦
૯	શ્રી મુક્ત શાસ્ત્ર (કાળીદાશ પંડીતકૃત.) ...	૫—૦—૦
		૧૧—૧૨—૦

ઉપલા ૯ પુસ્તકો એકદમ સાથે લેનારને ફક્ત રૂ. ૭ા પોષ્ટેજ રૂ. ૧ જુદુ.

લાટ નંબર ૫ મો.

૧	દીવાને કાશમ ૭૨૫ ઉત્તમ રાગ રાગણીનું સોનેરી ગીલ્ટેડના પુઠાનું દળદાર પુસ્તક.	૧—૮—૦
૨	ખ્યાલે દીલરૂબા માહાષ્ય માહેદવ વર્માકૃત. ...	૧—૦—૦
૩	ગોપાળ ગીતાવલ્રી.	૦—૪—૦
૪	પ્રેમશીલ શૃંગાર.	૦—૪—૦
૫	શાકુન્તલા અખ્યાન.	૦—૧૨—૦
૬	નીતીસાર સંગ્રહ.	૦—૮—૦
		૪—૪—૦

લાટ નંબર ૬ ઠો.

૧	કૌતકમાળા અને બોધવચન....	૦—૧૨—૦
૨	રમુજ સંગ્રહ (હસાહસ)	૧—૦—૦
૩	જગદેવ પરમાર ચીત્ર સહીત.	૦—૮—૦
૪	શુરશેન વીરભદ્ર.	૦—૧૦—૦
૫	કર્ણુસિંહ કુમારદેવી ચીત્ર સહીત	૦—૬—૦
૬	અરીણી એભલાસિંહ.	૦—૩—૦
૭	જોધપુરનો રાઠોડ કર્ણુસિંહ.	૦—૪—૦
૮	માધવોનળ અને કામકુંડલા...	૦—૧૨—૦

૯	પાંડવાશ્વમેધ પદ્યબંધ.	...	...	...	૧—૮—૦
૧૦	સ્વછંદ સ્ત્રી.	...	...	...	૦—૯—૦
૧૧	લાલન વેરાગણ.	...	...	...	૧—૦—૦
					૭—૮—૦

ઉપર જણાવેલા ૧૧ પુસ્તકો એકદમ સાથે લેનારને ફકત રૂ. ૪॥ પોસ્ટેજ રૂા. ૦॥ જુદું.

લાટ નંબર ૭ મો.

વૈદક સંબંધી ઉતમ પુસ્તકો.

૧	માધવ નીદાન ગુજરાતી	...	...	...	૧—૮—૦
૨	વ્યાધી વીનાશ યાને દરદીનો દોસ્ત.	...		...	૧—૮—૦
૩	અનુભવીક વૈદક.	...	...	...	૧—૦—૦
૪	અમૃતશાગર.	...	...	...	૦—૪—૦
૫	વ્યહવાર ઉપયોગી વૈદકસંગ્રહ...		...	...	૦—૮—૦
૬	ઝેર નીવારણ.	...	...	...	૦—૪—૦
૭	અમૃતશાગર મોટું હીન્દી.	...	...	...	૨—૦—૦
૮	વૈદ્ય વલ્લભ ...	...	...	...	૧—૦—૦
					૮—૦—૦

ઉપર જણાવેલ ૮ પુસ્તકો એકદમ શાથે લેનારને ફકત રૂા. ૫॥ રૂપીઆમા મળશે પોષ્ટેજ રૂા. ૦॥=. જુદું.

યાદ રાખવું કે આવા પાણીને મુલે મળતા ઉત્તમ પુસ્તકોના લાટો ફકત દશ દશથી વધુ નથી. માટે વેહેલો તેજ પહેલો આ અમુલ્ય કેહવતને અનુસરી તાકીદે નીચેના ઠેકાણેથી ખરીદ કરો.

ઠે૦ કાલકાદેવી રોડ–મુંબઇ.

વશનજી પ્રમાણંદ ચાહવાળા.

પુસ્તકો વેચનાર અને પ્રગટ કરનાર.

...ત્—સાગર.

...ની હાસ્યનો કથાસરિત્સાગર (વાર્તા-
...ાજથી આશરે ૨૦૦૦ વર્ષ ઉપર થઇ
...ત લક્ષ શ્લોકાત્મક "બૃહત્કથા" નામક
...થવા માટે કાશ્મીરી કવિશ્રી સોમદેવ-
...ના વિષે યોગ્ય વિવેચન પ્રસ્તાવનામાં
...ટલુંજ જણાવવાનું છે કે—આ મૂળ ગ્રંથ
...કાદંબરી, મુદ્રારાક્ષસ, રત્નાવલી, માલ-
..., પંચતંત્ર, હિતોપદેશ, વૈતાળપચીશી
...કૃત કાવ્ય—નાટકો—રચાયાં છે; એટલુંજ
...પત્રીશી, ગુજરાત જનવાર્તા આદિક ગુજ-
...ઓ આજ ગ્રંથનાં ભાષાંતર લાગે છે; તેમજ
...સેદ્ધ કથાગ્રંથની કેટલીક વાર્તાઓની વસ્તુ
...તાને મળતું આવે છે. આ પ્રમાણે અનેક
...જાણીને સંસ્કૃત ભાષા નહિં જાણનારી
...રાતી ભાષાંતર યથામતિ—શક્તિ તૈયાર કરી

...ા લોકો સહેલાઇથી લાભ લઇ શકે એટલા
...રાખી છે. મૂળ સંસ્કૃત 'કથાસરિત્સાગર'
...ના અંગ્રેજી ભાષાંતરગ્રંથની કિંમત રૂ૦ ૧૪)
...) મરાઠીની રૂ૦ ૬) છે. પરંતુ તે ઉપર લક્ષ
...ભાષાંતરની કિંમત ફક્ત રૂ૦ ૩ા રાખીછે.

} વશનજી પ્રેમાણંદ ચાહેવાળા.